પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક

Happy HOLI

તા. ૩-૩-૨૦૨૬, મંગળવાર
વર્ષઃ ૧૪, અંકઃ ૩૦૨

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

# યુધ્ધ વધુ ગંભીર બને તે પહેલા વતન પરત લાવવા સરકાર એક્શન મોડમાં

## ઈન્ડિગોની ૧૦ સ્પેશિયલ ફ્લાઈટ્સ અને એર ઈન્ડિયાના વિશાળ 'બોઈંગ ૭૭૭' ઓમાન-સાઉદીના સુરક્ષિત રૂટ પરથી ઉડાન ભરશે ફ્લાઈટ્સ

પશ્ચિમ એશિયામાં ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ફાટી નીકળેલું યુદ્ધ હવે વિનાશક વળાંક પર પહોંચી ગયું છે. અમેરિકા અને ઈઝરાયલના સંયુક્ત હુમલા બાદ ઈરાને વળતો પ્રહાર કરતા સમગ્ર અખાતી દેશોમાં યુદ્ધની જ્વાળાઓ (અનુ. આઠમા પાને)

### અમેરિકાએ તેના નાગરિકોને તાત્કાલિક દેશ છોડવા આપી ચેતવણી

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે વધતા જતા સૈન્ય સંઘર્ષને પગલે અમેરિકાએ તેના નાગરિકોને મધ્ય પૂર્વના ૧૫ થી વધુ દેશો તાત્કાલિક છોડી દેવા તાકીદ કરી છે. અમેરિકાના વિદેશ મંત્રાલયે ઈઝરાયેલ, ઈરાન, સાઉદી અરેબિયા, યુએઈ, કતાર અને જોર્ડન સહિતના દેશોમાં વસતા અમેરિકનોને ઉપલબ્ધ કોમર્શિયલ ફ્લાઈટ્સ દ્વારા તુરંત નીકળી જવા જણાવ્યું છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સંકેત આપ્યો છે કે ઈરાન વિરુદ્ધની આ સૈન્ય કાર્યવાહી ૪ થી ૫ અઠવાડિયા કે તેથી વધુ સમય સુધી ચાલી શકે છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય ઈરાનની મિસાઈલ ક્ષમતા અને પરમાણુ મથકોને નષ્ટ કરવાનો છે.

### પીએમ મોદીએ સાઉદી ક્રાઉન પ્રિન્સ અને બહેરીનના રાજા સાથે વાતચીત કરી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન અને બહેરીનના રાજા હમાદ બિન ઈસા અલ ખલીફા સાથે ટેલિફોન પર વાતચીત કરી હતી. પીએમ મોદીએ બંને દેશોની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા પર થયેલા હુમલાઓની સખત નિંદા કરી હતી અને મુશ્કેલ સમયમાં ભારત તેમની સાથે હોવાનું આશ્વાસન આપ્યું હતું. વડાપ્રધાન મોદીએ ખાડી દેશોમાં વસતા આશરે ૯૦ લાખ ભારતીયોની સુખાકારી માટે સાઉદી અને બહેરીનનો આભાર માન્યો હતો.

### ઈઝરાયેલ-અમેરિકી હુમલામાં ખમેનેઈ બાદ હવે તેમની પત્નીનું પણ નિધન

ખામેનેઈના શાસન દરમિયાન તેમની પત્ની, મન્સુરેહ ખોજાસ્તેહ મોટાભાગે જાહેર જીવનમાંથી દેખાતા નહતા. તાજેતરના યુએસ હવાઈ હુમલામાં ખામેનેઈ અને તેમના પરિવારના અનેક સભ્યો માર્યા ગયા હતા. હુમલા દરમિયાન ગંભીર રીતે ઘાયલ થયેલી તેમની પત્નીનું પણ સોમવારે અવસાન થયું હતું.ખામેનેઈના મૃત્યુની પુષ્ટિ ઈઝરાયલી પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ અને યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કરવામાં આવી હતી. જેમાં ઈરાને શરૂઆતમાં દાવાઓને ફગાવી દીધા હતા. ત્યાર બાદ રવિવારે સવારે ઈરાની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ એ તેમના મૃત્યુની પુષ્ટિ કરીને શોક વ્યક્ત કર્યો અને ૪૦ દિવસનો જાહેર શોક જાહેર કર્યો હતો.

### મિડલ ઈસ્ટ વોર અપડેટઃ રિયાધમાં વિસ્ફોટો અને તેહરાન પર ઈઝરાયેલના ભિષણ હુમલા

**અમેરિકી દૂતાવાસ પર હુમલોઃ** સાઉદી અરેબિયાની રાજધાની રિયાધમાં આવેલા ગ્ગ્એમ્બેસી પર ડ્રોન હુમલો થયો છે, જેના કારણે ત્યાં આગ લાગી હતી. સાઉદી ડિફેન્સ સિસ્ટમે અન્ય ૪ ડ્રોન તોડી પાડ્યા છે.

**ટ્રમ્પની ચેતવણીઃ** દૂતાવાસ પરના હુમલા બાદ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કડક લહેજામાં કહ્યું છે કે, 'તમને જલ્દી જ ખબર પડી જશે,' જે મોટા વળતા પ્રહારનો સંકેત આપે છે.

**ઈરાનમાં તબાહી, ૭૪૨ મોતઃ** ઈઝરાયેલ અને અમેરિકાએ ઈરાનની મિસાઈલ સાઈટ્સ અને નેવી પર ભીષણ બોમ્બમારો કર્યો હતો. જેમાં નેવી હેડક્વાર્ટર અને સંખ્યાબંધ યુદ્ધજહાજો નષ્ટ થયા હોવાનો દાવો અમેરિકાએ કર્યો છે. બંને પક્ષે મૃતકોની સંખ્યા વધી રહી છે ત્યારે ઈરાનમાં ૭૪૨ લોકોનાં મોત થયા છે જેમાં ૧૭૬ બાળકો હતાં.

યુધ્ધને લઈ આર્થિક સ્થિતિ ડામાડોળ

# રૂપિયાની સદી તરફની દોટ ભડકે બળતા સોનામાં 'ઘી' હોમશે

## સતત તણાવને કારણે સોનાનો ભાવ રૂ.૩.૫ લાખને આંબી જશે તેવી નિષ્ણાંતની આગાહી

**અબતક, નવી દિલ્હી**

સોનાના ભાવમાં હાલમાં જોવા મળી રહેલી ઐતિહાસિક તેજી વચ્ચે જેફરીઝના ગ્લોબલ હેડ ઓફ ઈક્વિટી સ્ટ્રેટેજી ક્રિસ વુડ દ્વારા એક ચોંકાવનારી આગાહી કરવામાં આવી છે. તેમના મતે, આગામી પાંચ વર્ષમાં સોનાનો ભાવ બમણો થઈને ૧૦,૦૦૦ ડોલર પ્રતિ ઔંસની સપાટીએ પહોંચી શકે છે. તેમણે જણાવ્યું હતું કે ભૌગોલિક રાજકીય જોખમો અને સેન્ટ્રલ બેંકોની સતત ખરીદીને કારણે સોનું એક મજબૂત બુલ માર્કેટમાં પ્રવેશી ચૂક્યું છે. મધ્ય પૂર્વમાં અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરાયેલા હુમલા બાદ યુદ્ધની સ્થિતિ વધુ વણસી છે, જેના કારણે રોકાણકારો સુરક્ષિત રોકાણ તરીકે સોના તરફ વળ્યા છે. પરિણામે, સ્થાનિક (અનુ. આઠમા પાને)

### સોનાના ભાવ વધવાના મુખ્ય કારણો

- **સેન્ટ્રલ બેંકોની જંગી ખરીદીઃ** ૨૦૨૨માં રશિયા-યુક્રેન યુદ્ધ બાદ રશિયાની વિદેશી અનામત ફ્રીઝ કરવામાં આવતા, G7 સિવાયની સેન્ટ્રલ બેંકોએ સોનાની આક્રમક ખરીદી શરૂ કરી છે.
- **ભૌગોલિક રાજકીય તણાવઃ** મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષના કારણે 'સેફ હેવન' (સુરક્ષિત રોકાણ) તરીકે સોનાની માંગમાં જબરદસ્ત ઉછાળો આવ્યો છે.
- **યુ.એસ. ટ્રેઝરી દ્વારા પુનઃમૂલ્યાંકનની શક્યતાઃ** અમેરિકન સરકાર પાસે રહેલા સોનાનું ઐતિહાસિક મૂલ્ય ચોપડે માત્ર ૩૨ પ્રતિ ઔંસ દર્શાવેલું છે. ભવિષ્યમાં જો તેનું પુનઃમૂલ્યાંકન કરવામાં આવે તો માર્કેટમાં નવી તેજી આવવાની પૂરી સંભાવના છે.

### રોકાણકારો માટે ક્રિસ વુડની શું છે સલાહ?

- **ટૂંકા ગાળાના રોકાણકારો માટેઃ** જે લોકોએ લેવરેજ (ઉધાર) પર સોનામાં રોકાણ કર્યું છે, તેઓએ આ ઊંચા મથાળે થોડો નફો બુક કરી લેવો જોઈએ.
- **લાંબા ગાળાના રોકાણકારો માટેઃ** જેઓ લાંબા ગાળાના આયોજન સાથે સોનું ધરાવે છે, તેમણે પોતાનું રોકાણ જાળવી રાખવું જોઈએ.
- **આગામી પડકારઃ** બજારમાં આગામી ૬ થી ૧૮ મહિના સુધી કોન્સોલિડેશન (સ્થિરતા) જોવા મળી શકે છે. વધુમાં, જો યુ.એસ. ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં આક્રમક વધારો કરશે તો સોનાની તેજીને ટૂંકા ગાળા માટે બ્રેક લાગી શકે છે.

### અબતક કાલે અંક બંધ

રંગોનું પર્વ ધુળેટીના તહેવાર નિમિતે "અબતક" કાર્યાલય આવતીકાલે બુધવારે સંપૂર્ણ રજા રાખશે જેથી અંક પ્રસિદ્ધ થશે નહીં. ગુરૂવારથી નિયમિત અંક પ્રસિદ્ધ થશે જેની વાચકો, વિજ્ઞાપન દાતાઓ, અને વિતરક બંધુઓએ નોંધ લેવી.

\- મેનેજીંગ તંત્રી

# કુદરત અને કરૂણાનું એક વર્ષઃ જામનગરના 'વનતારા'એ વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રે વૈશ્વિક ફલક પર મેળવી અજોડ સિદ્ધિઓ

## વનતારાના હજારો પ્રાણીઓ માટે દરરોજ પોષણક્ષમ ખોરાક તૈયાર કરવા ૨૦૦થી વધુ ટ્રેઈન્ડ ન્યૂટ્રીશ્યન અને ૧૦૦ ખેડૂતો ચારો ઉગાડવા કરે છે મહેનત



**અબતક, રાજકોટ**

વનતારા રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા સ્થાપિત અને અનંત મુકેશ અંબાણીના વિઝન સમાન વન્યજીવ સંરક્ષણ અને પુનર્વસન કેન્દ્ર વનતારાના ઉદ્‌ઘાટનને આજે સફળતાપૂર્વક એક વર્ષ પૂર્ણ થયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ થયા બાદ, માત્ર ૧૨ મહિનાના ટૂંકા ગાળામાં વનતારાએ પ્રાણીઓની સેવા, અદ્યતન તબીબી સારવાર અને વૈજ્ઞાનિક સંરક્ષણ ક્ષેત્રે નવા આયામો સર કર્યા છે.

ગયા એક વર્ષમાં વનતારાની સમર્પિત ટીમોએ વાઘ, સિંહ, સરીસૃપો, પક્ષીઓ અને વાનર વર્ગના હજારો ઘાયલ અને અસહાય પ્રાણીઓને બચાવીને તેમને સ્વસ્થ કર્યા છે. જટિલ સર્જરીઓ અને સ્નેહભરી સંભાળ બાદ અનેક પ્રાણીઓને સફળતાપૂર્વક તેમના કુદરતી નિવાસસ્થાને (જંગલમાં) પરત છોડવામાં આવ્યા છે. ખાસ કરીને લાકડાકાપ ઉદ્યોગ અને સર્કસ જેવી પીડાદાયક સ્થિતિમાંથી મુક્ત કરાયેલા ૨૫૦થી વધુ હાથીઓને અહીં નવું જીવન અને વૈજ્ઞાનિક સારવાર મળી રહી છે.



વન્યજીવ સંભાળમાં અનંત અંબાણીના અભૂતપૂર્વ યોગદાન બદલ તેમને પ્રતિષ્ઠિત 'ગ્લોબલ હ્યુમેન એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, વનતારાને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ જેવી કે EARAZA અને SEAZA ની સભ્યતા તેમજ 'પ્રાણી મિત્ર એવોર્ડ ૨૦૨૫' પ્રાપ્ત થયો છે, જે આ કેન્દ્રની વૈશ્વિક ગુણવત્તા પર મહોર મારે છે.

વનતારા માત્ર એક આશ્રયસ્થાન નથી, પરંતુ એક 'નેશનલ રેફરલ સેન્ટર છે. અહીં ૧૧ સેટેલાઈટ પ્રયોગશાળાઓ અને ૭૦થી વધુ નિષ્ણાતો કાર્યરત છે, જે દરરોજ ૨,૦૦૦થી વધુ નમૂનાઓની તપાસ કરી પ્રાણીઓના સ્વાસ્થ્યનું ધ્યાન રાખે છે. પ્રાણીઓના ખોરાક માટે ૧,૫૬,૦૦૦ કિલોગ્રામ ઉચ્ચ ગુણવત્તાવાળો ખોરાક સંપૂર્ણ સ્વચાલિત પદ્ધતિથી તૈયાર કરવામાં આવે છે.


દરરોજ હજારો પ્રાણીઓની સંભાળ રાખતા વનતારા ૧,૫૬,૦૦૦ કિલોગ્રામ ઉચ્ચ ગુણવત્તાવાળું ખોરાક સંપૂર્ણ સ્વચાલિત પદ્ધતિથી તૈયાર કરે છે. આ ખોરાક ૫૦ તાપમાન નિયંત્રિત વાહનો દ્વારા પહોંચાડવામાં આવે છે. ૨૦૦થી વધુ પ્રશિક્ષિત લોકો આ કામગીરી સંભાળે છે અને ૧,૦૦૦થી વધુ ખેડૂતો ચારો અને પશુઆહાર ઉગાડવામાં સહકાર આપે છે. સાથે સાથે ૨૦૦ સભ્યોની ચોવીસે કલાક સક્રિય ટીમે ૫૦થી વધુ આંતરરાષ્ટ્રીય બચાવ અભિયાન અને ૧૫ વાઈલ્ડ લાઈફ રેપિડ રિસ્પોન્સ તૈનાતીમાં સહાય કરી છે.

પ્રાણીઓની સાથે માનવ સેવાના અભિગમમાં પણ વનતારા અગ્રેસર રહ્યું છે. પંજાબના વિનાશકારી પૂર સમયે વનતારાની ટીમે ૧૦ લાખથી વધુ લોકોને રાહત સામગ્રી પહોંચાડી હતી. ગુજરાત વન વિભાગના સહયોગથી લુપ્તપ્રાય પ્રજાતિઓના સંવર્ધન માટે પણ આ કેન્દ્ર મહત્વનું યોગદાન આપી રહ્યું છે.

આજે એક વર્ષના અંતે, વનતારા કરૂણા અને આધુનિક વિજ્ઞાનના સમન્વય દ્વારા પૃથ્વી પરના મૂંગા જીવો માટે આશાનું કિરણ અને ભારત માટે ગૌરવનું પ્રતીક બની રહ્યું છે.



## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઉદ્‌ઘાટન કર્યા બાદ એક વર્ષમાં અસંખ્ય પ્રાણીઓને સાજા કરી જંગલમાં પરત મોકલવાની વનતારાની વૈશ્વિક સિદ્ધી



### વનતારામાં અનંત અંબાણીનું અનન્ય યોગદાન

વનતારાની પ્રથમ વર્ષમાં, અનંત અંબાણીએ વન્યજીવન સંરક્ષણ અને સંવર્ધનમાં તેમના નોંધપાત્ર વૈશ્વિક યોગદાન બદલ પ્રતિષ્ઠિત ગ્લોબલ હ્યુમન એવોર્ડ મળ્યો છે, જે કરૂણાપૂર્ણ, વિજ્ઞાન-આધારિત સંરક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે. EARAZA અને SEAZAની મેમ્બરશીપ, ગ્લોબલ હ્યુમન કન્ઝર્વેશન સર્ટિફિકેશન તથા પ્રાણી મિત્ર એવોર્ડ ૨૦૦૫ થકી, વનતારાની કામગીરીને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ બિરદાવાઈ છે. આ તમામ પ્રશસ્તિઓ કરતા પણ, આ સંસ્થાએ હંમેશા લાંબા સમયની અસરને જન્માવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, અને સેંકડો પશુચિકિત્સકોને સંવર્ધન ઔષધિઓની તાલીમ આપવા, ૫૦થી વધુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નોલેજ-શેરિંગ કાર્યક્રમોનું આયોજન કરવાનું અને આગામી પેઢીના સંરક્ષણ ભેખધારીઓને પ્રેરણા આપવા રચાયેલા આઉટરીચ પ્રોગ્રામ હજારો હજારો બાળકોને વધુ સારૂં ભવિષ્ય પૂરું પાડવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.



## વન્યજીવનની સુરક્ષા, માનવજાતની નૈતિક જવાબદારી

# લુપ્ત થઇ રહેલા સેંકડો જીવોને મનુષ્યનો ખતરો: આજે વિશ્વ વન્યજીવ દિવસ

### ૫૦ હજાર જંગલી વનસ્પતિ પ્રજાતિઓ વિશ્વભરમાં અબજો લોકોની જરૂરિયાતો પૂરી કરે છે: ઔષધીય અને સુગંધિત હેતુઓ માટે વૈશ્વિક સ્તરે વપરાતી લગભગ ૯% વનસ્પતિ પ્રજાતિઓ વધુ પડતી કાપણી, રહેઠાણના નુકશાન, આબોહવા પરિવર્તન અને ગેરકાયદેસર વેપારને કારણે લુપ્ત થવાનો ભય છે


**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

આજે વિશ્વ વન્યજીવન દિવસ વિશ્વભરમાં ઉજવાય રહ્યો છે ત્યારે,,૧૯૭૦ થી ૨૦૧૮ દરમિયાન સસ્તન પ્રાણીઓ, પક્ષીઓ, ઉભયજીવી પ્રાણીઓ, સરિસૃપ અને માછલીઓની દેખરેખ હેઠળની વસ્તીમાં સરેરાશ ૬૯% ઘટાડો થયો છે, જેમાં લેટિન અમેરિકા અને કેરેબિયન અને મીઠા પાણીની ઈકોસિસ્ટમમાં સૌથી વધુ ઘટાડો નોંધાયો છે. વૈજ્ઞાનિકો વૈશ્વિક વન્યજીવનમાં આ ઝડપી ઘટાડા માટે રહેઠાણના નુકશાન અને અધોગતિ, વધુ પડતું શોષણ, પ્રદૂષણ, આક્રમક પ્રજાતિઓ અને આબોહવા પરિવર્તનને મુખ્ય પરિબળો તરીકે ઓળખે છે.

દુનિયાભરમાં ઝડપથી લુપ્ત થઈ રહેલ વનસ્પતિ તથા જીવ જંતુઓની પ્રજાતિઓની સુરક્ષા માટે લોકોમાં જાગરૂકતા પેદા કરવાનો છે. જૈવ વિવિધતાની સમૃદ્ધિ જ ધરતીને રહેવા તથા જીવનને યોગ્ય બનાવે છે, પરંતુ સમસ્યા એ છે કે સતત વધતું પ્રદુષણ, વાતાવરણ પર એટલો ખતરનાક પ્રભાવ પાડે છે કે જીવ જંતુઓ તથા વનસ્પતિની અનેક પ્રજાતિ ધીરે ધીરે લુપ્ત થતી જઈ રહી છે. ભારતમાં આ સમયે ૯૦૦થી પણ વધારે દુર્લભ પ્રજાતિઓ ખતરામાં છે, એટલું જ નહિ, વિશ્વ ધરોહર ખોઈ બેસવાવાળા દેશોની યાદીમાં દુનિયાભરમાં ભારત ચીન પછી ૭માં ક્રમે આવે છે.વિશ્વની પ્રાણી સૃષ્ટિ અને વનસ્પતિની ૮૪૦૦થી વધુ પ્રજાતિઓ ગંભીર રીતે જોખમમાં છે. પ્રાણીઓ અને વનસ્પતિ આપણી ઈકોલોજીકલ સિસ્ટમમાં આવશ્યક ભૂમિકા ભજવે છે: તે ટકાઉ વિકાસના સામાન્ય, સામાજીક, આર્થિક, વૈજ્ઞાનિક, શૈક્ષણિક અને માનવ સુખાકારીમાં પણ યોગદાન આપે છે. વિશ્વમાં ૭૦ હજારથી વધુ પ્રજાતિઓ ખૂબ જ સંવેદનશીલ સાથે જોખમમાં તેનું અસ્તિત્વ ટકાવવા જજુમી રહી છે. એક તારણ મુજબ દસ લાખથી વધુ પ્રાણી વનસ્પતિની પ્રજાતિઓને લુપ્ત થવાનો ભય રહ્યો છે. પૃથ્વીનું સંવર્ધન કે અસ્તિત્વ આ પ્રાણીઓ અને વનસ્પતિઓ પર નિર્ભર છે, આપણે જંગલોનો નાશ કરીને પર્યાવરણ બગાડ્યું સાથે જીવ સૃષ્ટિનો પણ નાશ કર્યો, જેના કારણે ગ્લોબલ વોર્મિંગ જેવી વિકટ સમસ્યા વિશ્વમાં પેદા થઈ છે. ઋતુચક્રોમાં થયેલા ફેરફાર આવાજ અનબેલેન્સની દેન છે. આજે વિશ્વમાં બહુ ઝડપથી પ્રાણીઓ અને વનસ્પતિની પ્રજાતિઓ લુપ્ત થઈ રહી છે. આજે આપણે સૌએ જીવજંતુ-પ્રાણીઓ-




વનસ્પતિઓને બચાવવા જાગૃતિ લાવવી પડે છે. આજના દિવસનો હેતું પણ આ છે કે આપણે ભાવી પેઢીને હરિયાળું વિશ્વ આપીએ. સંયુક્ત રાષ્ટ્રે ૨૦૧૩માં વન્યજીવન દિવસ ઉજવવાનું નક્કી કર્યું હતું. આ અગાઉ પણ વન્ય જીવોના વિલુપ્ત થતા રોકવા માટે સૌથી પહેલા ૧૮૭૨માં જંગલી હાથી સંરક્ષણ અધિનિયમ પસાર કરાયો હતો. ૫૦હજાર જંગલી વનસ્પતિ પ્રજાતિઓ વિશ્વભરમાં અબજો લોકોની જરૂરિયાતો પૂરી કરે છે. ઔષધીય અને સુગંધિત હેતુઓ માટે વૈશ્વિક સ્તરે વપરાતી લગભગ ૯% વનસ્પતિ પ્રજાતિઓ વધુ પડતી કાપણી, રહેઠાણના નુકશાન, આબોહવા પરિવર્તન અને ગેરકાયદેસર વેપારને કારણે લુપ્ત થવાનો ભય છે.પાંચમાંથી એક વ્યક્તિ પોતાના ખોરાક અને આવક માટે જંગલી છોડ, શેવાળ અને ફૂગ પર આધાર રાખે છે. પૃથ્વી પર કાયમ જીવન ધબકતું રાખવા માટે પ્રાણી સૃષ્ટિ અને વનસ્પતિઓ હોવી જરૂરી છે. તેના વગર આપણું જીવન શક્ય જ નથી. જંગલો અને પ્રાણીઓ થકી જ આપણું હૃદય સતત ધબકી રહ્યું છે. આ વર્ષેની ઉજવણી થીમ ''ઔષધીય અને સુગંધિત છોડ: આરોગ્ય, વારસો અને આજીવિકાનું સંરક્ષણ'' છે: માનવ સ્વાસ્થ્ય, સાંસ્કૃતિક વારસો અને સ્થાનિક આજીવિકાને ટકાવી રાખવામાં આ છોડની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડે છે, અને નિવાસસ્થાનના નુકશાન, વધુ પડતી કાપણી અને આબોહવા પરિવર્તનથી તેઓ કેવી રીતે વધી રહ્યા છે તેના પર દબાણ દર્શાવે છે. માનવ સંસ્કૃતિનો શ્રેષ્ઠ વિકાસ વૃક્ષો- પાણીને, પ્રાણીઓ વચ્ચે જ થયો છે. જેમાં નાઈલનદીની સંસ્કૃતિ, સિંધુ નદીની આસપાસની સંસ્કૃતિ સાથે પર્યાવરણથી લથલથ આફ્રિકાના વિશાળ જંગલોમાં જોવા મળે છે. સૃષ્ટિ ઉપર તમામ પોતાના પર્યાવરણમાં, રહેઠાણમાં રહેવાનો અધિકાર છે, પણ કાળા માથાના માનવીએ જંગલોના નાશ સાથે તથા શિકાર કરીને વન્ય સૃષ્ટિનો પણ નાશ કરતાં પૃથ્વીનું અસ્તિત્વ જોખમમાં મુક્યું છે. એજ આપણાં જીવન સાથી છે. ત્યારે તેની ગેરહાજરી આપણું જીવન પણ ટુકાવશે.આપણાં દેશની વાત કરીએ તો વાઈલ્ડ લાઈફ સેન્ચુરીની ટોપ ફાઈવમાં ઉત્તરાખંડમાં આવેલ જિમ કાર્બેટ નેશનલ પાર્ક, રાજસ્થાનનું રણથંભૌર નેશનલ પાર્ક, બાંધવગઢ અભ્યારણ- મધ્યપ્રદેશ, આસામનું કાજીરંગા નેશનલ પાર્ક અને બંગાળનું સુંદરવન રાષ્ટ્રીય ઉદ્યાન છે. જેમાં ઉત્તરાખંડનું સૌથી જુનું ગણવામાં આવે છે. આ પાર્કમાં વાઘ, હાથી, દિપડા, હરણ, જંગલી સુઅર, વાંદરા, શિયાળ, રીંછ, ગેંડા વિગેરે પ્રાણીઓ સાથે અલભ્ય એવા વૃક્ષો પણ જોવા મળે છે. યુનેસ્કોની વિશ્વ વિરાસતમાં આપણું કાજીરંગા પાર્કનો સમાવેશ થયો છે. પૃથ્વી આપણી સાથે ઘણા વન્ય જીવનનું પણ આશ્રયસ્થાન છે. વન્યજીવન પર્યાવરણને સંતુલન જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે તેથી આ જીવોનું સંરક્ષણ કરવું ખૂબ જ જરૂરી છે. જંગલો કપાતા વન્યજીવોને નુકશાન સાથે તેના વિસ્તારોમાં મનુષ્યોની સતત દખલગીરીને કારણે ઘણી અલભ્ય પ્રાણી સૃષ્ટિ નાશ પામવા લાગી છે. તેના શિકારને કારણે આપણી ઈકોસીસ્ટમને ભયંકર નુકશાન થયું છે. આ બધાના ગંભીર પરિણામો આપણે સૌએ આવનારા દિવસોમાં જોવા પડશેને ભોગવવા પણ પડશે. આજે વૈશ્વિક લેવલે શહેરીકરણ, વન્ય જીવોનો શિકાર અને તેના નિવાસસ્થાનનો વિનાશ જેવા મુદ્દાઓ ઉઠી રહ્યા છે.જંગલો આપણી સંસ્કૃતિ છે, જંગલોનું ઘરેણું એટલે વન્યસૃષ્ટિ પ્રાણીઓ અને વનસ્પતિઓ. તે પ્રકૃતિની અમૂલ્ય ભેટ છે તે ઓકિસજન લેવલ, દવાઓ, ખોરાક તથા જમીનની ફળદ્રુપતામાં મદદરૂપ થાય છે. આ પ્રજાતિને બચાવવા માટે આજના દિવસનું મહત્વ વિશેષ છે. આજે જે પ્રાણીઓ-પક્ષીઓ લુપ્ત થવા જઈ રહ્યા છે તેને કેમ બચાવવા, સંવર્ધન કરવું જેવા મુદા સાથે દરેક પૃથ્વીવાસીએ ચિંતા-ચિંતન સાથે સક્રિય કાર્ય કરવું પડશે.

### લુપ્ત થતી પ્રાણી સૃષ્ટિ બચાવીને ''ઈકોસિસ્ટમ''ને પુનઃસ્થાપન કરો

આજે ભારત સહિત વિશ્વમાં જંગલી પ્રાણી સૃષ્ટિ અને વનસ્પતિની કેટલીક અત્યંત જોખમી પ્રજાતિઓની સંરક્ષણ બાબતે વૈશ્વિકસ્તરે પૃથ્વીવાસીઓનું ધ્યાન કેન્દ્રીત કરવા આજનો દિવસ ઉજવાય છે. છેલ્લા દસકાથી સમગ્ર વિશ્વ આ બાબતે જાગૃત થયું છે જે એક સારી બાબત છે. જંગલી પ્રાણી સૃષ્ટિ અને વનસ્પતિની બીજી ૩૦ હજારથી વધુ પ્રજાતિઓ ખૂબ જ સંવેદનશીલ સાથે જોખમમાં તેનું અસ્તિત્વ ટકાવવા જજુમી રહ્યા છે. વિશ્વ વન્ય જીવન બાબતે ગંભીર રીતે, ભયંકર પ્રજાતિઓના લુપ્ત થવાના પરિબળોને ઉલટાવી દેવાની સાથે તેમને તેનું મૂળ પર્યાવરણ, આવાસો, ખોરાક વિગેરે મળી રહે તેવી વ્યવસ્થા પુનઃસ્થાપન કરવા માટેના વૈશ્વિક કાર્ય પર ભાર મુકે છે. લુપ્ત થતી પ્રજાતિઓના રહેઠાણ, સાથે તેની ઈકોસિસ્ટમનું સતત નુકશાન આપણાં સહિત પૃથ્વી પરના તમામ જીવનને જોખમમાં મુકે તેમ હોવાથી આપણે તેના પુનઃસ્થાપન માટે હવે જરૂરી પગલા ભરવા જ પડશે.

**પાંચમાંથી એક વ્યક્તિ પોતાના ખોરાક અને આવક માટે જંગલી છોડ, શેવાળ અને ફૂગ પર આધાર રાખે છે: વિકાસશીલ દેશોમાં ૭૦ થી ૯૫% વસ્તી પ્રાથમિક આરોગ્યસંભાળ માટે પરંપરાગત દવા પર આધાર રાખે છે**

## જસદણ ભાજપના ગજેન્દ્ર રામાણીને જિલ્લા કારોબારીમાં સ્થાન અપાતા આવકાર

**અબતક**
**હિતેશ ગોસાઈ, જસદણ**

જસદણ ભાજપના આગેવાન ગજેન્દ્રભાઈ રામાણીને આજે સત્તાવાર રીતે રાજકોટ જિલ્લા ભાજપમાં કારોબારીમાં સ્થાન આપવામાં આવતાં ફૂલડે વધાવવામાં આવશે જેમના આંગણે લગ્ન અવસરે નરેન્દ્રભાઈ મોદી આવેલા એવા ભારતીય જનતા પાર્ટી સાથે વર્ષોથી ગાઢ સંબંધો ધરાવતા ગજેન્દ્રભાઈનો જિલ્લા કારોબારીમાં સમાવેશ થવાથી તેમને ઠેર ઠેરથી અભિનંદન પ્રાપ્ત થઈ રહ્યાં છે .



## રાજકોટમાં હરિ ઓમ ફોજ દ્વારા સર્વ પ્રથમ બ્રહ્મ સમાજ સમૂહ લગ્ન અને જનોઈનો મહોત્સવ

### મુક્તાનંદ બાપુના જન્મદિને નિઃશુલ્ક સમૂહ લગ્નઃ જાનમાં સંખ્યાબંધ મહેમાનોની છૂટ અને ભવ્ય કરિયાવર સાથેનું આયોજન

**અબતક**
**જયેશ દવે, સુલતાનપુર**

અખિલ ભારતીય સાધુ સમાજ ના પ્રમુખ અને બ્રહ્મચારી સંત મુક્તાનંદ બાપુના આશીર્વાદ તથા પ્રેરણાથી સ્થાપિત શ્રી હરિ ઓમ ફોજ દ્વારા રાજકોટ ખાતે સમસ્ત બ્રહ્મ સમાજ માટે એક ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. મુક્તાનંદ બાપુના અવતરણ દિવસ નિમિત્તે તારીખ ૧૬ મે ૨૦૨૬ ના રોજ સમસ્ત બ્રહ્મ સમાજ ના દીકરા-દીકરીઓ માટે આદર્શ સમૂહ લગ્ન અને તારીખ ૧૭ મે ૨૦૨૬ ના રોજ બટુકો માટે સમૂહ જનોઈનું આયોજન કરવામાં આવ્યું છે.

આ આયોજનની વિશેષતા એ છે કે સમૂહ લગ્નમાં જોડાનાર વર-કન્યા પાસેથી કોઈ પણ પ્રકારની રજિસ્ટ્રેશન ફી લેવામાં આવશે નહીં. સાથે જ, જાનમાં કોઈ પણ સંખ્યા મર્યાદા રાખવામાં આવી નથી. દીકરીઓને આધુનિક યુગની ઘરવખરીની તમામ વસ્તુઓ મોટી માત્રામાં કરિયાવર રૂપે આપવામાં આવશે.સમૂહ લગ્ન અને સમૂહ જનોઈમાં જોડાવા માટે તારીખ ૨૦ માર્ચ ૨૦૨૬ સુધીમાં વહેલા તે પહેલાના ધોરણે નોંધણી કરાવવાની રહેશે.નોંધણી માટે મિલન ભાઈ શુકલ (રાજકોટ): ૯૭૨૪૨ ૦૦૦૦૧, જયેશ ભાઈ જોષી (રાજકોટ): ૯૯૨૫૪ ૮૬૬૮૫, પરેશ ભાઈ જોષી (આટકોટ/જસદણ): ૯૪૨૬૯ ૨૭૭૯૭, ગિરીશ મહેતા (ગોંડલ): ૯૪૨૮૦ ૩૯૩૦૦, હિરેન જોષી (જેતપુર): ૭૨૧૧૧ ૭૨૪૧૧, જયદેવ ભાઈ જોષી (જૂનાગઢ): ૯૮૨૫૨ ૨૦૦૦૨, જયંતિ ભાઈ શિલું (જૂનાગઢ): ૯૮૨૪૮ ૭૫૫૬૫, પરેશ ભાઈ જોષી (અમરેલી): ૯૦૮૧૦ ૯૦૭૯૦, અજય તેરૈયા (જૂનાગઢ): ૭૮૭૮૦ ૨૨૮૯૫, જયદીપ જોષી (જામજોધપુર): ૯૯૯૮૨ ૩૪૫૯૧, યોગેશ ભાઈ મહેતા (રાજકોટ): ૯૪૨૯૦ ૪૫૨૯૯ સંપર્ક કરો.

## વિસાવદર હિન્દુ સંમેલનમાં સેવાભાવી યુવાનોનું કરાયું સન્માન

### હિન્દુ સંમેલનમાં સનાતન જીવન પધ્ધતિ અંગે અપાયું માર્ગદર્શન

**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**

વિસાવદર જીવાપરાના શ્રી સ્વામિનારાયણ મંદિર ના પટાંગણમાં હિન્દુ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું,

હિન્દુ સંમેલનમાં ગામના તમામ લોકો સામાજિક સદ્ભાવ સાથે ઉપસ્થિત રહ્યા હતા અને સામાજિક સદ્ભાવ,જાગૃતિ,તથા સંગઠિત હિન્દુ સમાજના વિવિધ વિચારોના આદાન પ્રદાન સમાજ જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો. આ તકે મુખ્ય વકતા તરીકે મિતુલભાઈ દેસાઈ અને મહા



મંડલેશ્વર શ્રી શ્રી ૧૦૦૮ સુખરામદાસ બાપુ મેંદરડા દ્વારા પ્રસંગોચિત - હિન્દુ જીવન પદ્ધતિ તેમજ પંચ પરિવર્તનનો વિષય પર વિસ્તૃત વકતવ્ય આપવામાં આવ્યું હતું. વિસાવદર મંડળ અંતર્ગત ૦૯ ગામો ના સેવાભાવી, ગૌશાળા, સ્મશાન સેવાનું કામ કરતા લોકોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

સંમેલન ને સફળ બનાવવા માટે કાલાવડ મંડળ ઉત્સાહી યુવાનો તેમજ કાનજીભાઈ ગેડિયા, પ્રકાશભાઈ ગોંડલીયા જહેમત ઉઠાવવામાં આવી હતી.

## અબતક પંચાગ

### તા. ૪-૩ -૨૦૨૬ બુધવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ફાગણ શુદ એકમ ધુળેટી
**નક્ષત્ર** પુર્વાફાલ્ગુની
**યોગ** ધૃતિ **કરણઃ** તૈતિલ
**સુર્યોદય** ૭.૦૬ **સુર્યાસ્તઃ** ૬.૫૨
**ચંદ્ર રાશી** સિંહ
**રાશિ અક્ષર** મ.ટ
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧૨ થી ૧.૩૦
**દિવસનાચોઘડીયા** લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ
**રાત્રીનાચોઘડીયા** ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૫ થી ૧.૨૨

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૭૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | | ૩ | | ૨ | | ૬ | |
| | ૬ | | ૮ | | ૭ | ૧ | | |
| ૧ | ૮ | ૨ | | ૪ | | | | ૭ |
| ૫ | | | | | | ૪ | | |
| | | ૮ | | ૭ | | | ૩ | ૧ |
| ૬ | ૪ | | ૫ | | ૩ | ૨ | | |
| | ૩ | ૭ | | | | | ૯ | ૫ |
| ૮ | | | | | | | | |
| | ૯ | | | ૩ | | ૬ | ૧ | ૪ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૭૨ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૮ | ૧ | ૫ | ૭ | ૩ | ૯ | ૬ | ૨ |
| ૫ | ૩ | ૬ | ૨ | ૮ | ૯ | ૪ | ૧ | ૭ |
| ૯ | ૨ | ૭ | ૧ | ૬ | ૪ | ૮ | ૩ | ૫ |
| ૧ | ૪ | ૮ | ૯ | ૩ | ૫ | ૭ | ૨ | ૬ |
| ૭ | ૫ | ૯ | ૮ | ૨ | ૬ | ૩ | ૪ | ૧ |
| ૩ | ૬ | ૨ | ૭ | ૪ | ૧ | ૫ | ૮ | ૯ |
| ૨ | ૯ | ૫ | ૩ | ૧ | ૮ | ૬ | ૭ | ૪ |
| ૬ | ૧ | ૩ | ૪ | ૫ | ૭ | ૨ | ૯ | ૮ |
| ૮ | ૭ | ૪ | ૬ | ૯ | ૨ | ૧ | ૫ | ૩ |

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૩-૦૩-૨૦૨૬ મંગળવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ફકત મહિલાઓ માટે)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રામલડુ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.સંજય દેસાઈ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૨૦ ગુજરાતી નાટક (જૂઠું બોલો જલસા કરો)
૦૭:૨૦ થી ૦૭:૪૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૪૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૪-૦૩-૨૦૨૬ બુધવાર**
૦૦:૦૭ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૦:૧૦ ધુળેટી સ્પેશિયલ
૧૦:૧૦ થી ૧૧:૦૦ રસથાળ (તવા પુલાવ)
૧૧:૦૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (કમઠાણ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રજવાડી શંખ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો સંજય દેસાઈ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી (બ્રેઈનસ્ટોક સ્ટોરી)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (ગુજ્જુભાઈ બન્યા દબંગ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલ જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૫-૦૩-૨૦૨૬ ગુરુવાર**
૦૦:૦૭ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ (તવા પુલાવ)
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## આવતીકાલનું રાશિફળ

**તા.૪.૩.૨૦૨૬ બુધવાર, સંવંત ૨૦૮૨, ફાગણ વદ એકમ, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, ઘૃતિ યોગ, કૌલવ કરણ આજે બપોરે ૧.૪૫ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ સિંહ (મ,ટ) ત્યારબાદ કન્યા (પ,ઠ,ણ) રહેશે**

**મેષ** (અ,લ,ઈ) : સીધી સરળ વાતથી કાર્ય નહિ બને એ માટે કુટનિતિજ્ઞ રસ્તાઓ અપનાવવા પડે, બુદ્ધિપૂર્વક નિર્ણય લેવા.
**વૃષભ** (બ,વ,ઉ) : પ્રણયમાર્ગે આગળ વધી શકો, મનની વાત વ્યક્ત કરી શકો. લાગણીના સંબંધોમાં સારું રહે.
**મિથુન** (ક,છ,ઘ) : તમારા અંતરંગ શોખ માટે સમય કાઢી શકો, જમીન મકાન વાહન સુખ સારું રહે, દિવસ પ્રગતિકારક રહે.
**કર્ક** (ડ,હ) : ગણતરીપૂર્વકના સાહસ થી લાભ થશે, નવા કાર્યમાં આગળ વધી શકો, રચનાત્મક કામગીરી કરી શકો.
**સિંહ** (મ,ટ) : બેન્ક વીમા વિગેરે કાર્ય કરીશ શકો, આર્થિક બાબતોમાં મધ્યમ રહે, આવકના નવા સ્રોત્ર વિચારી શકો.
**કન્યા** (પ,ઠ,ણ) : તમારા વ્યકિતત્વનો વિકાસ થાય, નવા વિચારોથી લાભ થાય, યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.
**તુલા** (ર,ત) : દૂર દેશથી સારા સમાચાર મળે, નવા સંપર્કો સાથે વાત થાય. અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.
**વૃશ્ચિક** (ન ,ય) : જીવનમાં પરિવર્તનનો પવન ફૂકાતો જોવા મળે, નવા વિચારથી મન સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.
**ધન** (ધ,ભ,ફ,ઢ) : વેપારી વર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગે ઉપરી અધિકારીઓ સાથે મતભેદ નિવારવા સલાહ છે.
**મકર** (ખ,જ) : ગુરુકૃપા થી કાર્ય સિદ્ધ થાય, ધ્યાન-યોગ-મૌનથી લાભ થાય, આધ્યાત્મિક ચિંતન થાય, શુભ દિન.
**કુંભ** (ગ ,સ,શ) : બધું મનનું ધાર્યું ના થાય, મિશ્ર અનુભવ આપતો દિવસ, નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે.
**મીન** (દ,ચ,ઝ,થ) : પ્રણયમાર્ગે ચાલનારા માટે મધ્યમ કહી શકાય, વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે, સુંદર દિવસ.

## ૩ માર્ચના ગ્રહણથી એક માસનો સમય કસોટીભરેલો ગણી શકાય



**જ્યોતિષાચાર્ય**
**રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨**

તા.૨૭ ફેબ્રુઆરીના લેખમાં લખ્યા મુજબ પ્રબળ યુદ્ધના સંકેત અને મોટા સત્તાધીશો પર સંકટ અને મોટા ફેરફારની વાત લખી હતી તે મુજબ ખુબ મોટા પાયે ઈરાન ઈઝરાયેલ અમેરિકા યુદ્ધ ચાલી રહ્યું છે અને ઈરાનના વડા ખોમીનોઈ સહીત તેમના ઘણા મંત્રી માર્યા ગયા છે વળી અત્રે અગાઉ લખ્યા મુજબ દરિયામાં ભારે હલચલ છે અને જળતત્વમાં શનિ બહુ મોટા કાટમાળ દરિયાના પેટાળમાં માંગે છે તે મુજબ સબમરીન અને યુદ્ધ જહાજો પર મોટા પાયે અસર થઈ છે તો આગામી દિવસો વધુ લડાયક અને તકલીફભરેલા જણાય છે કેમ કે ૩ માર્ચના ચંદ્રગ્રહણથી એક માસનો સમય વિશેષ ભારે ગણી શકાય જે વિષે અત્રે લખી ચુક્યો છું તો જળતત્વમાં જયારે શનિ કેતુ કે રાહુ જેવા ક્રૂર ગ્રહો હોય છે ત્યારે દરિયામાં યુદ્ધ અને જહાજ તથા સબમરીન ડૂબવાના બનાવ બને છે વળી પૃથ્વી પર પણ હાહાકાર થાય છે અને મોટા શહેરો પર અને ઈમારતો પર પણ આફત આવે છે. ગ્રહણ સમયે છ ગ્રહો સીધા જ સિંહ અને કુંભ રાશિમાં જોડાયેલા છે તો શુક્ર અને શનિ નાડી સંબંધથી અને ગુરુ દ્રષ્ટિ સંબંધથી જોડાયેલા છે જે નવે નવ ગ્રહ હાલ એક મિશન લઈને ચાલે છે તેમ કહી શકાય તો શનિએ હાલ જ નેપ્ચ્યુનની ડિગ્રી ક્રોસ કરી છે જે મોટી ઉથલપાથલ સૂચવે છે અને વિશ્વના અનેક દેશ આ યુદ્ધમાં શામેલ થતા જાય છે અને નુકિલઅર વોર બાબતે વિશ્વની ચિંતા વધે અને દરિયામાં વિશેષ હલચલ અને યુદ્ધ માહોલ જોવા મળે જે આગામી એક માસ માટે જોવા મળે તો અન્ય દેશોમાં પણ આંદોલનો અને હતાહત અને અશાંતિનો માહોલ જોવા મળે તથા આતંકી ગતિવિધિ અને ચાંચીયાગિરી જહાજ પર હુમલા પર પણ ચાંપતી નજર રાખવી પડે તેવા સંકેત ગ્રહો આપી રહ્યા છે.

# જોર્ડનમાં ફસાયેલી દીકરીને વતન લાવવા દિલીપ સંઘાણી બન્યાં સાચા 'મદદગાર'

## દિકરીને વતન લાવવાની માતા- પિતાની વિનંતીનો ત્વરીત અમલ કરાયો



**અબતક, રાજકોટ**

યુદ્ધ જેવી ભયાનક અને અનિશ્ચિત પરિસ્થિતિમાં જ્યારે એક પરિવારની આશાઓ તૂટવા લાગે, ત્યારે જો કોઈ સહારો બનીને ઊભો રહે - એ જ સાચી માનવીય સેવા છે દેશની દીકરી કેનેડાથી ભારત પરત ફરતી વખતે જોર્ડનમાં ફસાઈ ગઈ ચિંતિત માતા-પિતાએ જ્યારે ઈફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણીને મળી પોતાની વ્યથા વ્યક્ત કરી, ત્યારે તેમણે માત્ર પદાધિકારી તરીકે નહીં, પરંતુ પરિવારના સદસ્ય જેવી સંવેદનશીલતા દર્શાવી.

દિલીપભાઈ સંઘાણી એ દિલ્હી ખાતે ઈફકોમાં એમ ડી કે જે પટેલ અને જોર્ડન સ્થિત ઈફકોના સંયુકત ઉપક્રમ JIFCO સાથે સંપર્ક કર્યો, પોતે સ્વયં પણ સતત ફોન પર પરિસ્થિતિની દેખરેખ રાખી, ત્યાંના અધિકારીઓ અને કર્મચારીઓએ દીકરીના વિઝા, રહેઠાણ અને દરેક જરૂરી વ્યવસ્થા તરત જ સુનિશ્ચિત કરી.

આજે એ દીકરી સુરક્ષિત છે - અને એક પરિવારનુ સ્મિત ફરી પાછું આવ્યું છે.

આ માત્ર પ્રશાસનિક સહાય નહીં, પરંતુ દિલીપ સંઘાણીનુ પરિવાર ભાવનું જીવંત ઉદાહરણ છે દીકરીના માતા-પિતાએ દિલીપભાઈનો હૃદયપૂર્વક આભાર તેમની સાથે એમ ડી કે જે પટેલ તેમજ JIFCO ના CFO દીપક યાદવ અને તેમની ટીમનો. સાબિત કર્યું કે સાચું નેતૃત્વ એ જ છે, જે સંકટના સમયમાં સાથે ઊભું રહે.

## આરએસએસ શતાબ્દી પર્વ નિમિતે

# દેશની ૧૧૧ પવિત્ર નદીઓના જળના કુંભ ભરી ઘરે-ઘરે પધરામણી કરાય

## ઉપલેટામાં હિન્દુ સંમેલન સાથે વિશાળ બાઈક રેલીમાં રાજકીય, સામાજિક આગેવાનો જોડાયા



તસવીર : શહેઝાદ બાદશાહ



**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**

ઉપલેટા શહેરમાં હિન્દુ સંમેલન સમિતિ દ્વારા રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ (આરએસએસની સ્થાપના સને ૧૯૨૫ માં થયેલી)ને ૧૦૦ વર્ષ પૂર્ણ થતા વિવિધ કાર્યક્રમો સમગ્ર દેશમાં યોજાઈ રહ્યા છે ત્યારે ઉપલેટા શહેરમાં પણ શતાબ્દી મહોત્સવની ઉજવણી થઈ હતી ત્યારે હિન્દુ જાગરણની દિશામાં નવી ઉર્જા તથા નવી ચેતના જગાડવા માટે સર્વે હિન્દુ સમાજ દ્વારા સનાતન સંસ્કૃતિ, સનાતન ધર્મ તથા સામાજિક એકતા અખંડિતતાના પ્રકૃતિ રૂપ ''વિરાટ હિન્દુ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારત દેશની ૧૧૧ પવિત્ર નદીઓના જળને કુંભમાં ભરવામાં આવ્યા હતા જે હિન્દુઓના ઘરે ઘરે પોત પોતાના વિસ્તારમાં પધરામણી કરી આ પવિત્રની નદીઓના જળને શોભાયાત્રા કાઢી અને વિવિધ સ્થળે યોજાયેલા હિન્દુ સંમેલનના સ્થળે લઈ જઈ સાંજે મહા આરતી કરવામાં આવી હતી.

ઉપલેટા શહેરમાં આઠ વસ્તીમાં યોજાયેલા હિન્દુ સંમેલનોની સાથે સાથે વિશાળ બાઈક રેલી નીકળી હતી તે શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી જયારે એક સાથે સ્વામિનારાયણ મંદિર, ગંગેશ્વર મહાદેવ મંદિર, ટાઉનહોલ, સુરજવાડી, વીંજવાસણ માતાજી મંદિર, જીમખાનાના ગ્રાઉન્ડમાં સહીત આઠ સ્થળો પર સાંજે ચાર વાગ્યે હિન્દુ સંમેલન યોજવામાં આવ્યા હતા હિન્દુ સંમેલન કાર્યક્રમના અંતે ભારત માતાની તથા પવિત્ર જળો વાળા કુંભની મહા આરતી કરવામાં આવી હતી તેમજ આરતી બાદ મહિલાઓ દ્વારા રાસ ગરબાની રમઝટ બોલવામાં આવી હતી. સંમેલનમાં મુખ્ય આકર્ષણ દેશી ટારઝન તરીકે ઓળખાતા અને એક સાથે પાંચ હજાર દંડ બેઠક કરી શકતા અને અનેક કસરતના કરતબ તેમજ છેલ્લા કેટલાય વર્ષોથી અનાજનો એકપણ દાણો મોંમાં નથી નાખ્યો એવા દેશી ટારઝન પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા તેમજ છેલ્લે સમૂહ પ્રસાદ પણ યોજાયો હતો આ સમગ્ર કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સાધુ, સંતો, પ્રચારકો ભાઈઓ, બહેનો, વડીલો, અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં ખીરસરા સ્વામિનારાયણ ગુરુકુલના નારાયણ સ્વરૂપદાસજી સ્વામી, ઉઘલાવદર હનુમાન મંદિરના મહંત હરિ વલ્લભદાસ સ્વામી, દ્વારકાધીશ સ્વામિનારાયણ મંદિરના મહંત ધર્મનંદન સ્વામી, ભવનાથ તળેટી આશ્રમના મહંત મહાદેવગીરી બાપુ તથા મુખ્ય વકતા તરીકે આરએસએસના દિલીપભાઈ રાડીયા, કૌશલભાઈ પરમાર, દિલીપભાઈ મોડાસીયા ઉપસ્થિત રહ્યા હતા અને પ્રાસંગીક ઉદબોધન કર્યા હતા.

## જૂનાગઢમાં વધુ એક લેટર બન્યો ચર્ચાસ્પદ

# સરકારી દવાખાનામાં દવાની અછત મુદે જૂનાગઢ ભાજપ પ્રમુખની કલેકટરને રાવ

## જિલ્લા ભાજપ પ્રમુખના પત્રથી રાજકારણ ગરમાયું

**અબતક, દર્શન જોશી,જૂનાગઢ**

જુનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખ એ કલેકટરને એક પત્ર લખ્યો છે, આ બાબત જિલ્લામાં અને ખાસ કરીને જુનાગઢ મહાનગરમાં ચર્ચાનો વિષય બન્યો છે, જિલ્લા ભાજપ પ્રમુખ ચંદુ મકવાણા એ પત્રમાં એવો આક્ષેપ કર્યો છે કે, જિલ્લાના દવાખાનાઓમાં પૂરતો સ્ટાફ અને દવાઓ નથી તથા ગ્રામ પંચાયતમાં તલાટીઓ, મહેસુલ તલાટીઓ પુરતો સમય હાજર રહેતા નથી. આ આક્ષેપ સામે કોંગ્રેસ પણ મેદાને પડ્યું છે, અને જિલ્લા ભાજપ પ્રમુખ સામે ગંભીર આક્ષેપો કર્યા છે.



જૂનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખ ચંદુ મકવાણા એ જિલ્લા કલેકટર સહિતનાને એક પત્ર લખ્યો છે. જેમાં એવું જણાવાયું છે કે, ગ્રામ પંચાયતોમાં તલાટીઓ, મહેસૂલી તલાટીઓ પુરતો સમય હાજર રહેતા નથી, આ સાથે દવાખાનાઓમાં તબિબો હાજર રહેતા નથી, પૂરતો સ્ટાફ નથી અને દવાનો પૂરતો સ્ટોક નથી, જેથી તાત્કાલિક પગલા લઈને સેવા પ્રજા સુધી પહોંચે તેવું જણાવ્યું છે.

ચંદુ મકવાણાના આ પત્રને લઈને ખુદ ભાજપમાં જ એવી ચર્ચા ચાલી રહી છે સરકાર ભાજપની હોય, જિલ્લા પંચાયતો પણ ભાજપની હોય, ત્યારે જિલ્લા ભાજપ પ્રમુખ પક્ષ લેવલે અને સરકારે લેવલે પત્ર લખી યોગ્ય કરાવી શકે છે. પરંતુ અહીં ક્યાંક ને ક્યાંક જિલ્લા પ્રમુખ એક કાંકરે બે પક્ષી મારવા જતા હોય તેવું લાગી રહ્યું છે.

જિલ્લા ભાજપ પ્રમુખ ચંદુ મકવાણાના આ પત્રની સામે જિલ્લા કોંગ્રેસ પણ સામા આક્ષેપો લઈ ખડું થયું છે. જિલ્લા કોંગ્રેસના પ્રમુખ ચંદુ મકવાણાના આ પત્ર સામે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ આક્ષેપ કરતા જણાવી રહ્યા છે કે, તમારા આગેવાનો, કાર્યકરોની કંપનીઓ ચાલે છે, તેના બિલ પાસ નથી થતા એટલે આક્ષેપો કરો છો.

આમ, જિલ્લા ભાજપ પ્રમુખે રાજ્યમાં અને ખાસ કરીને જૂનાગઢ જિલ્લામાં જયારે ભાજપની સરકાર છે, ધારાસભ્યો અને સાંસદ સભ્ય ભાજપના છે, અને સરકાર દ્વારા સબ સલામતના દાવાઓ થઈ રહ્યા છે. ત્યારે જ કલેકટરને પત્ર લખી ગ્રામ પંચાયતમાં તલાટી અને મહેસુલ તલાટી હાજર રહેતા નથી તે સાથે આરોગ્ય કેન્દ્રમાં તબીબો હાજર રહેતા નથી અને પુરા દવાના સ્ટોક નથી તેવું ઓન પેપર જણાવતા, ખરેખર તથ્ય શું છે ? સરકાર સાચી કે જિલ્લા પ્રમુખ સાચા ? તે બાબતની ચર્ચા ખુદ ભાજપમાં ચાલી રહી છે.

# ધ્રાંગધ્રા હાઈવે કેસુડાના કેસરી રંગથી મઘમઘી ઉઠ્યો



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેર અને ગ્રામ્ય વિસ્તારોના હાઈવે રોડ પર હાલ કેસુડાના ફૂલો સોળે કળાએ ખીલી ઉઠ્યા છે, જે જોઈને જ રાહદારીઓના હૈયે ઠંડક અનુભવાય છે. બદલાતી ઋતુ વચ્ચે આ વખતે લોકો બજારના પાકા અને કેમિકલયુક્ત કલરોને બદલે પરંપરાગત કેસુડાના ફૂલોથી ધુળેટી રમવાની તૈયારી કરી રહ્યા છે.

આયુર્વેદિક ડોક્ટર કોમલબેને જણાવ્યું હતું કે, કેસુડો કફ અને પિત્તનાશક પ્રકૃતિ ધરાવે છે. કેમિકલયુક્ત કલરથી આંખ અને ચામડીના રોગો થવાની શક્યતા રહે છે, જ્યારે કેસુડાના ફૂલ પાણીમાં પલાળીને સ્નાન કરવાથી ગરમીમાં રાહત મળે છે અને ચામડીને કોઈ નુકસાન થતું નથી. વધુમાં, કેસુડાના પાણીનું સેવન કરવાથી કિડની સંબંધિત ફરિયાદોમાં પણ રાહત મળતી હોવાનું માનવામાં આવે છે.

લોકો કેસુડાના ફૂલો પાણીમાં પલાળીને કુદરતી રંગ તૈયાર કરી રહ્યા છે, તેમજ બાળકોને પણ આ આયુર્વેદિક પાણીથી સ્નાન કરાવવા માટે ફૂલો એકઠા કરી રહ્યા છે. આ ઉપરાંત, હોળી-ધુળેટીના પર્વ પર મંદિરોમાં પણ પ્રભુને કેસુડાના ફૂલનો શણગાર કરવામાં આવશે અને આ પવિત્ર ફૂલોના પાણીથી અભિષેક કરવામાં આવશે.


**HINDUJA HOUSING FINANCE**

કોર્પોરેટ ઓફિસ : નં. ૧૬૭-૧૬૯, બીજો માળ, અન્ના સલાઈ સૈંદાપેટ, ચેન્નાઈ-૬૦૦૦૧૫
બ્રાન્ચ ઓફિસ : ત્રીજો માળ, ઈફ્કો ભવન, મારૂતિ કોમ્પલેક્ષ પાછળ,
પીન્ટુ ગાર્મેન્ટ પાછળ, શિવરંજની ચાર રસ્તા પાસે સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
સૌરભકુમાર નાપીત મો. ૮૭૯૦૦૨૯૩૮૪, વિકાસ સાવરીયા મો. ૭૯૮૪૯૮૨૯૦૪, હીતેષકુમાર પટેલ મો. ૭૦૪૮૩૩૬૬૦૧
હર્ષિલ ત્રિવેદી મો. ૭૯૮૪૦૮૯૧૩૮, કરણ દુલા મો. ૯૨૬૫૮૩૯૭૩૨, નિતીન સમુદ્રે મો. ૮૧૨૮૩૧૦૬૭૮,
શિવમ મિશ્રા મો. ૯૦૩૩૦૧૫૨૭૭, ઇ-મેલ: auction@hindujahousingfinance.com

**ધી સિક્યોરિટાઈટેઝશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્શિયલ એસેસ્ટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટિસ**

આથી જાહેર નોટિસ આપવામાં આવે છે કે નીચે જણાવ્યા મુજબ ના ઉધારકર્તા/સહ-ઉધારકર્તાઓ દ્વારા હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ ( હવે પછીથી સદરહુ કંપની તરીકે સંબોધવામાં આવશે ) ખાતેથી લોન મેળવેલ છે અને તે લોન પેટેના તેમના માસિક હપ્તાની (EMI) ચુકવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી સદરહુ કંપની દ્વારા આર. બી.આઈ./નેશનલ હાઉસિંગ બોર્ડ દ્વારા બહાર પાડવામાં માં આવેલ વખતો વખત ના નિયમને આધીન નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તાનું લોન ખાતું એન.પી.એ. (N.P.A.) જાહેર કરવામાં આવ્યું છે અને નીચે મુજબના ઉધારકર્તા/સહ-ઉધારકર્તા ઉપર ધી સિક્યુરાઈટેઝન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્શ્યલ એસેસ્ટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સેક્યુરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ મુજબ સદરહુ કંપનીના ઓથોરાઇઝડ ઓફિસર દ્વારા કાયદેસરની કાર્યવાહી ચાલુ કરવામાં આવી છે અને તે કાર્યવાહી ના ભાગરુપે સદરહુ કંપનીના ઓથોરાઇઝડ ઓફિસર દ્વારા નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તાના છેલ્લા સરનામાં ઉપર આર.પી.એ.ડી. દ્વારા ઉપરોક્ત કાયદા ની કલમ - ૧૩(૨) હેઠળની ડિમાન્ડ નોટિસ પાઠવામાં આવેલ હતી જે નોટિસ બજ્યા વગર ની સદરહુ કંપનીના ઓથોરાઇઝડ ઓફિસર ને પરત મળેલ હતી અને સદરહુ કંપનીના ઓથોરાઇઝડ ઓફિસરની પાક્કી માહિતી મુજબ નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તા જાણી જોઈને ઉપરોક્ત મુજબની નોટિસની બજવણી કરવા દેવા નો માંગતા હોય, તેથી કરીને આ જાહેર નોટિસ આપવાની ફરજ પડેલ છે. આ નોટિસ દ્વારા નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તાને ઉપરોક્ત કાયદા ની કલમ - ૧૩(૨) હેઠળની જોગવાય મુજબ નીચે મુજબના કોષ્ઠક માં દર્શાવેલ રકમ ભવિષ્યના વ્યાજ અને ખર્ચ સહિત ૬૦ દિવસ માં ભરી જવા સુચવામાં આવે છે. જો નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તા નીચે દર્શવયા મુજબ ની સંપૂર્ણ રકમ નોટિસ ની તારીખ થી ૬૦ દિવસ ની અંદર ભરપાઈ ન કરે તો સદરહુ કંપનીના ઓથોરાઇઝડ ઓફિસરની સદરહુ કાયદાની કલમ ૧૩(૪) અને ૧૪ હેઠળ આપેલ એવા બધાજ હકો નો ઉપયોગ કરવા સ્વતંત્ર છે જેમાં મોર્ગેજ મિલકતો/મુકરર અકસયામતો નો કબજો લઈ વેચાણ કરવાની સત્તા માટે સમક્ષ છે. વધુમાં ઉધારકર્તા/સહ-ઉધારકર્તા ને સુચવામાં આવે છે કે આ નોટિસ મળ્યા પછીથી સરફેશિ કાયદા ની કલમ ૧૩ ની પેટા કલમ ૧૩ ની હેઠળ મુકરર મિલકત વેચાણ, ભાડે, કે કોઈ રીતે મુકરર લેણદાર ની લેખિત પરવાનગી સિવાય તબદીલ કરવાની મનાઈ ફરમાવે છે. ઉપરોક્ત કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ ૮ મુજબ ઉધારકર્તાઓ તેમની મુકરર મિલકત સંપૂર્ણ દેવા, નીચે જાહેર હરાજી ની નોટિસ માં પ્રદર્શિત થાય તે પહેલા ભરીને છોડાવી શકે છે જે ત્યાર પછી ભરી શકાશે નહીં. ઉપરોક્ત જણાવેલ સૂચના/આદેશોનો ભંગ સદરહુ કાયદા ની કલમ -૨૯ મુજબ જૈલની સજા અથવા/અને દંડ ને પાત્ર ગુનો બને છે જેની જાણ આથી કરવામાં આવે છે. ઉધારકર્તા/સહ-ઉધારકર્તા ની વિગત નીચે મુજબની છે :

| | ઉધારકર્તા(ઓ), અને સહ-ઉધારકર્તાઓ અને જામીનદારોના નામ | ડિમાન્ડ નોટિસ તારીખ, રકમ અને લોન ખાતા નંબર | મિલકત નું વર્ણન |
|---|---|---|---|
| 1 | ઉધારકર્તા : (૧) શ્રી જયંત ધનરાજાણી સહ-ઉધારકર્તા: (૨) શ્રીમતી ઉષાબેન ધનરાજાણી | Dt. 13/02/2026 & Rs. 13,35,950/- & A/C No. GJ/RJS/RAJK/A000000036 | ગુજરાત રાજ્યના **તાલ અને જિલ્લો રાજકોટ** રૈયા ખાતે સ્થિત સ્થાવર મિલકતના તે બધા ટુકડાઓ અને પાર્સલ જેમાં રહેણાંક મિલકતનો સમાવેશ થાય છે જેમાં ફ્લેટ નં. ૪૦૨, ૮૧૫-૨૨ ચો.મી. બિલ્ટ-અપ એરિયા છે જે "શ્રીજી એપાર્ટમેન્ટ" તરીકે ઓળખાતી બિલ્ડીંગના વિંગ-એ ના ચોથા માળે એનએ જમીન વિસ્તાર રૈયા રેવન્યુ સર્વે નં. ૨૨૧ પૈકીના પ્લોટ નં. ૧૮૫ થી ૧૯૨, જે "શાંતિનગર" તરીકે ઓળખાતા વિસ્તાર જે શ્રીમતી ઉષા જયંત ધનરાજની અને શ્રી જયંત ઇન્દ્રકુમાર ધનરાજનીની માલિકી અને કબજા હેઠળ છે, જેની ચતુ:સીમાઓ આ મુજબ છે: - ઉત્તર: - આ બિલ્ડીંગની માર્જિન સ્પેસ પછી ૩૦-૦૦ મીટર રોડ, દક્ષિણ: વિંગ-એ ના ફ્લેટ નં. ૪૦૧, પૂર્વ: - કોમન પેસેજ અને ફ્લેટ પ્રવેશદ્વાર, પશ્ચિમ: - વિંગ-બી ના ફ્લેટ નં. ૪૦૩. |
| 2 | ઉધારકર્તા : (૧) શ્રી રાહુલ જેઠવા સહ-ઉધારકર્તા: (૨) શ્રીમતી રેખાબેન જેઠવા (૩) શ્રી માવાભાઈ જેઠવા | Dt. 13/02/2026 & Rs. 10,12,276/- & A/C No. GJ/RJS/GDRD/A000000005 | ગુજરાત રાજ્યના તા. અને **જિ. રાજકોટ** નાગલપર ખાતે સ્થિત "કલરવ પાર્ક-૨" તરીકે ઓળખાતા વિસ્તારના નાગલપર રેવન્યુ સર્વે નં. ૨૦૮ ના પ્લોટ નં. ૯૫ ના રહેણાંક બ્લોક નં. ૮૪ થી ૯૬/૦૩ સુધીના સ્થાવર મિલકતના તે બધા ટુકડાઓ અને પાર્સલ. જે શ્રી રાહુલ માવજીભાઈ જેઠવાની માલિકી અને કબજા હેઠળ છે જેની ચતુ:સીમા આ મુજબ છે:- ઉત્તર:- બ્લોક નં. ૮૪ થી ૯૬/૬૨ પ્લોટ નં. ૯૪, દક્ષિણ: બ્લોક નં. ૮૪ થી ૯૬એ/૬૪ પ્લોટ નં. ૯૬/એ. પૂર્વ:- બ્લોક નં. ૬૯ થી ૮૩/૯૦ પ્લોટ નં. ૭૨. પશ્ચિમ:- ૦-૦૦ મી રોડ. |

જો ઉપરોક્ત ઉધાર લેનારાઓ ઉપરોક્ત મુજબ એચએચએલએફને ચૂકવણી કરવામાં નિષ્ફળ જશે, તો એચએચએલએફ અધિનિયમની કલમ ૧૩(૪) અને લાગુ નિયમો હેઠળ ઉપરોક્ત સુરક્ષિત અસ્ક્યામતો સામે કાર્યવાહી કરશે, સંપૂર્ણપણે ખર્ચ અને પરિણામોના જોખમે ઉધાર લેનારાઓના જોખમો પર. આ ઉધાર લેનારાઓને કલમ ૧૩(૧૩) અધિનિયમ હેઠળ ઉપરોક્ત અસ્ક્યામતો ટ્રાન્સફર કરવા પર પ્રતિબંધ છે, પછી ભલે તે વેચાણ, લીઝ અથવા અન્ય રીતે એચએચએલએફ ની પૂર્વ લેખિત સંમતિ વિના હોય. કોઈપણ વ્યક્તિ જે ઉક્ત અધિનિયમની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે અથવા તે હેઠળ બનાવેલા નિયમોનું ઉલ્લંઘન કરે છે, તે કલમ ૨૯ ની જોગવાઈ મુજબ જેલ અને/અથવા દંડ સાથે કાયદા હેઠળ જોગવાઈ માટે જવાબદાર રહેશે.

**સ્થળ : રાજકોટ** — **અધિકૃત અધિકારી,**
**તારીખ : ૦૩/૦૩/૨૦૨૬** (નોંધ : વિવાદની સ્થિતિમાં અંગ્રેજી આવૃત્તિમાં પ્રકાશિત થયેલ નોટીસ માન્ય ગણાશે.) **હિન્દુજા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**



**શ્રી અંજાર નગરપાલિકા - અંજાર (કચ્છ)**





હર ઘર સ્વદેશી ઘર-ઘર સ્વદેશી

**જાહેર નિમંત્રણ**

અંજાર નગરપાલિકા દ્વારા સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે અને સ્થાનિક વેપારીઓને મજબૂતી આપવાના હેતુથી

**સ્વદેશી મેળો (શોપિંગ ફેસ્ટીવલ)**



શ્રી ત્રિકમભાઈ બી. છાંગા સાહેબ
મંત્રીશ્રી, ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ વિભાગ

રાજ્ય સરકારના સહયોગથી **ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ વિભાગના માનનીય મંત્રી શ્રી ત્રિકમભાઈ બી. છાંગા સાહેબ**ના માર્ગદર્શન હેઠળ અંજાર નગરપાલિકા દ્વારા અંજાર મધ્યે સરદાર વલ્લભભાઈ પટેલ ટાઉનહોલ પટાંગણમાં **''સ્વદેશી મેળા''**નો **તા. ૦૨/૦૩/૨૦૨૬ થી તા. ૧૧/૦૩/૨૦૨૬ (દસ દિવસ)** સુધી **સવારના ૧૦.૦૦ કલાકથી રાત્રે ૯.૦૦ કલાક સુધી** આયોજન કરવામાં આવેલ છે. જેમાં જુદા જુદા ૫૬ (છપ્પન) સ્ટોલ રાખવામાં આવેલ છે. **''સ્વદેશી અપનાવો''**ના સુત્રને સાર્થક કરવા આ **''સ્વદેશી મેળા''**માં પધારવા અંજાર નગરપાલિકા દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

**તારીખ : ૦૨.૦૩.૨૦૨૬ થી ૧૧.૦૩.૨૦૨૬ સુધી**
**સમય : સવારે ૧૦.૦૦ થી રાત્રે ૯.૦૦ કલાક સુધી**
**સ્થળ : સરદાર વલ્લભભાઈ પટેલ ટાઉનહોલ ગ્રાઉન્ડ, અંજાર (કચ્છ)**

:: નિમંત્રક ::

| | | |
|---|---|---|
| **શ્રી વૈભવભાઈ કોડરાણી** પ્રમુખ | **શ્રી તુષારભાઈ ઝાલરીયા** ચીફ ઓફીસર | **શ્રી પાર્થભાઈ સોરઠીયા** કારોબારી ચેરમેન |
| **શ્રીમતી શિલ્પાબેન બુદ્ધભટ્ટી** ઉપપ્રમુખ | **શ્રી નિલેશગિરિ ગોસ્વામી** શાસક પક્ષના નેતા | **શ્રીમતી કલ્પનાબેન ગોર** દંડક |

**અંજાર નગરપાલિકા તમામ સભ્યશ્રીઓ તથા કર્મચારીગણ**



**સ્ટાફ જોઇએ છે** PRINCIPAL - 1

ASSISTANT PROFESSOR


| | | | |
|---|---|---|---|
| B.S.W. | 04 | M.S.W. | 03 |
| B.C.A. | 04 | B.SC (IT) | 04 |
| B.COM. (A/C & FIN.) | 03 | B.COM. (Commerce) | 03 |

લાયકાત - UGC, AICTE તથા ગુજરાત સરકાર અને સૌ. યુનિ. નાં નીતી નિયમો મુજબ
ઉપરોક્ત લાયકાત ધરાવતા ઉમેદવારોએ દિવસ-15 સુધીમાં રજીસ્ટર એડી થી અથવા રુબરુ અરજી કરવી.

**ક્રિએશન કોલેજ** કર્મયોગી એજ્યુકેશન ઝોન
ન્યુ માયાણી નગર-1, સરદાર પટેલ ભવનની બાજુમાં, મવડી પ્લોટ, રાજકોટ. મો. 78 78 78 77 68




Ability to offer
first-to-market products with
novel control technologies,
built in-house, to leading OEMs
and secure significant market share.



Design and supply critical, control-intensive* Electronic Control Units to major vehicle and industrial OEMs in India, USA and Europe

Cumulatively sold more than 10 million^ control-intensive* products to automotive (2W, 3W) and genset market



SEDEMAC
SEDEMAC MECHATRONICS LIMITED
www.sedemac.com

^As of December 31, 2025 (Source: CRISIL Report)
*Control-intensive products include genset controllers, ISG ECU, ISG + EFI ECU, EFI ECU, and electric vehicle motor controllers

ICE Vehicles I Electric Vehicles I e-Bikes I Generators I Power Tools I Outdoor Powered Equipment

**SEDEMAC MECHATRONICS LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP with RoC and the Stock Exchanges on February 25, 2026. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, and is available on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.sedemac.com and the websites of the BRLMs, i.e., ICICI Securities Limited, Avendus Capital Private Limited and Axis Capital Limited at www.icicisecurities.com, www.avendus.com and www.axiscapital.co.in respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see "**Risk Factors**" beginning on page 33 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI and the Stock Exchanges, and should instead rely on their own examination of our Company and the Offer, including the risks involved, for making any investment decision.

The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the "**U.S. Securities Act**") or any state securities laws in the United States, and unless so registered may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, such Equity Shares are being offered and sold in offshore transactions as defined in and in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdictions where those offers and sales occur. The Equity Shares have not been and will not be registered, listed or otherwise qualified in any other jurisdiction outside India and may not be offered or sold, and Bids may not be made by persons in any such jurisdiction except in compliance with the applicable laws of such jurisdiction. There will be no public offering in the United States.

Adfactors 854/26

તંત્રી લેખ

# બારૂદના ઢગલા પર બેઠેલું વિશ્વ યુદ્ધથી માનવતા સામે સંકટ

આજકાલ આખું વિશ્વ જાણે બારુદના ઢગલા પર બેઠું હોય તેવી ભયજનક સ્થિતિ નિર્માણ પામી છે. રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ હજુ શાંત નથી પડ્યું, ત્યાં મધ્ય પૂર્વમાં અશાંતિની આગ ભડકી ઉઠી છે. ઈઝરાયેલ અને હમાસ વચ્ચે શરૂ થયેલો સંઘર્ષ હવે ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના સીધા અને ભયાનક યુદ્ધમાં ફેરવાઈ ગયો છે. આ માત્ર બે-ચાર દેશો વચ્ચેની લડાઈ નથી, પરંતુ સમગ્ર વિશ્વની શાંતિ, સુરક્ષા અને અર્થવ્યવસ્થાને ડહોળી નાખનારી ગંભીર ઘટના છે.

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે દાયકાઓથી ચાલતું પરોક્ષ યુદ્ધ હવે પ્રત્યક્ષ બની ગયું છે. બંને દેશો અત્યાધુનિક શસ્ત્રો, ડ્રોન અને બેલેસ્ટિક મિસાઈલોથી સજ્જ છે. જ્યારે આવા શક્તિશાળી દેશો સીધી લડાઈમાં ઉતરે છે, ત્યારે તેની અસર માત્ર તેમની સરહદો પૂરતી સીમિત રહેતી નથી. મધ્ય પૂર્વના અન્ય દેશો અને વૈશ્વિક મહાસત્તાઓ પણ તેમાં ખેંચાઈ રહી છે, જે વિશ્વને બે જૂથોમાં વહેંચી રહી છે. આ પરિસ્થિતિ સ્પષ્ટપણે દર્શાવે છે કે આજના સમયમાં વિશ્વ શાંતિ જાળવવામાં આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને વૈશ્વિક કૂટનીતિ કેટલી નિષ્ફળ સાબિત થઈ રહી છે.

યુદ્ધ ભલે આપણાથી હજારો કિલોમીટર દૂર લડાતું હોય, પરંતુ તેની સીધી અસર સામાન્ય માણસના રસોડા અને ખિસ્સા પર પડે છે. મધ્ય પૂર્વમાં અશાંતિનો સીધો અર્થ છે ક્રૂડ ઓઈલના ભાવમાં ભડકો. વિશ્વનો મોટો હિસ્સો પોતાના ઈંધણ માટે આ વિસ્તાર પર નિર્ભર છે. જો આ યુદ્ધ લાંબુ ચાલશે અથવા તેલના પુરવઠાના માર્ગોમાં વિક્ષેપ પડશે, તો પેટ્રોલ-ડીઝલના ભાવ આસમાને પહોંચી શકે છે. આનાથી મોંઘવારીનો નવો રાઉન્ડ શરૂ થશે અને સપ્લાય ચેન ખોરવાતા જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવમાં પણ ઉછાળો આવશે.

આ વૈશ્વિક અશાંતિની સૌથી માઠી અસર આંતરરાષ્ટ્રીય વ્યાપાર અને સ્થાનિક ઉદ્યોગો પર પડી રહી છે. ગુજરાતના ઔદ્યોગિક હબ, ખાસ કરીને મોરબી જેવા સિરામિક અને અન્ય ઉત્પાદનોની નિકાસ કરતા ક્ષેત્રો માટે લાલ સમુદ્ર (Red Sea) અને મધ્ય પૂર્વના અશાંત માર્ગો મોટો પડકાર બની ગયા છે. યુદ્ધને કારણે સપ્લાય ચેન ખોરવાઈ છે, કન્ટેનરના માલભાડામાં તોતિંગ વધારો ઝીંકાયો છે અને વિદેશી બજારોમાં શંકાના વાદળો ઘેરાયા છે. જો નિકાસને લાંબા ગાળે અસર પહોંચશે તો સ્થાનિક રોજગારી અને ઉદ્યોગોના વિકાસ પર મોટું સંકટ ઊભું થશે.

બીજી તરફ, આ ભૌગોલિક-રાજકીય તણાવ શેરબજારો અને નાણાકીય બજારોમાં પણ ભારે ઉથલપાથલ સર્જી રહ્યો છે. નિફ્ટી અને સેન્સેક્સ સહિતના વૈશ્વિક સૂચકાંકોમાં અનિશ્ચિતતાનો માહોલ છે. જ્યારે પણ કોઈ મિસાઈલ હુમલા કે યુદ્ધની નવી ખાઈ ખોદાય છે, ત્યારે રોકાણકારોમાં ગભરાટ ફેલાય છે અને બજારમાં કડાકો જોવા મળે છે. વિદેશી રોકાણકારો સુરક્ષિત વિકલ્પો તરફ વળતા હોવાથી ભારતીય રૂપિયા પર દબાણ વધે છે, જે આડકતરી રીતે દેશના આર્થિક તંત્રને નુકસાન પહોંચાડે છે અને વિદેશી હૂંડિયામણની અનામતમાં ઘટાડો થવાની ભીતિ રહે છે.

આવા કપરા સમયે, ભારતની કૂટનીતિક ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ બની જાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વિદેશ મંત્રી એસ. જયશંકર દ્વારા વારંવાર સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ યુગ યુદ્ધનો નથી. ભારતે હંમેશા આતંકવાદનો વિરોધ કરવાની સાથે સાથે બંને પક્ષોને સંવાદના મેજ પર લાવવાની હિમાયત કરી છે. વિશ્વમિત્ર તરીકે ઉભરી રહેલા ભારતે પોતાના આર્થિક હિતોનું રક્ષણ કરવા માટે ક્રૂડ ઓઈલના વૈકલ્પિક સ્રોતો અને સુરક્ષિત વ્યાપાર માર્ગો શોધવા જ પડશે.

આજે વિશ્વને વિનાશક શસ્ત્રોની નહિ, પરંતુ સાર્થક સંવાદની જરૂર છે. ઈતિહાસ સાક્ષી છે કે યુદ્ધથી ક્યારેય કોઈ સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો નથી, માત્ર લાશોના ઢગલા અને આર્થિક પાયમાલી જ સર્જાયા છે. વૈશ્વિક આગેવાનોએ રાજકીય અને ભૌગોલિક અહંકાર બાજુ પર મૂકીને તાત્કાલિક શાંતિ વાટાઘાટો શરૂ કરવી પડશે. જો અત્યારે આ યુદ્ધોને રોકવામાં નહીં આવે, તો ત્રીજા વિશ્વયુદ્ધની સંભાવનાને નકારી શકાય નહીં.

# ગૌ હત્યા વિરોધી કડક કાયદો લાવીને સરકારે ગૌભક્તોની લાગણીનું સન્માન કર્યું: હર્ષ સંઘવી

## દુધરેજ વડવાળા મંદિરે નાયબ મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં યોજાયો હોળી મહોત્સવ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગરના શ્રી વડવાળા મંદિર, દુધરેજ ધામ ખાતે આયોજિત 'હોળી મહોત્સવ'માં ના.મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહભાગી થયા હતા. તેમણે હરિદ્વાર કુંભ મેળામાં મહામંડળેશ્વર અને તાજેતરમાં શંકરાચાર્યની પદવીથી વિભૂષિત થયેલા કનીરામ બાપુ તેમજ લઘુ મહંત નાગરદાસ બાપુના ચરણોમાં વંદન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, મંત્રી તરીકે પદભાર સંભાળ્યાના બીજા જ દિવસે મેં ભગવાન વડવાળાના





આશીર્વાદ લઈ ગૌમાતા અને ગૌભક્તોની રક્ષાનો સંકલ્પ કર્યો હતો. ગૌરવભેર ઉમેર્યું હતું કે, રાજ્ય સરકાર ગૌ-હત્યા કરનારા તત્વો માટે અત્યંત કઠોર છે. સરકારના મક્કમ નિર્ધાર અને નક્કર કામગીરીના કારણે છેલ્લા એક વર્ષમાં ૧૮થી વધુ ગૌ-હત્યારાઓને ૭ વર્ષથી લઈને આજીવન કેદ સુધીની સજા અપાવવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં થયેલી ગૌ રક્ષા સંબંધિત કામગીરી વિશે વાત કરતા જણાવ્યું કે ગૌ-હત્યા વિરોધી કડક કાયદો લાવીને સરકારે ગૌભક્તોની લાગણીનું સન્માન કર્યું છે.

દુધરેજ યાત્રાધામના વિકાસ અંગે મહત્ત્વની જાહેરાત કરતા તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ દુધરેજ ધામના વિકાસ માટે અગાઉ મંજૂર થયેલા સાડા ચાર કરોડ રૂપિયા ઉપરાંત, બીજા બે કરોડ રૂપિયા એમ કુલ ૬.૫૦ કરોડના વિકાસકામો સરકાર દ્વારા કરવામાં આવશે.

આ તકે નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણા, સાંસદ બાબુભાઈ દેસાઈ, ધારાસભ્ય પી.કે.પરમાર, અગ્રણી હિતેન્દ્રસિંહ ચૌહાણ, હાર્દિકભાઈ ટમાલીયા, જિલ્લા કલેક્ટર કે.એસ.યાજ્ઞિક, મ્યુનિસિપલ કમિશનર નવનાથ ગ્વહાણે, જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ તેમજ સાધુ-સંતો અને ભક્તો ઉપસ્થિત રહ્યા હતાં.

# ધ્રાંગધ્રામાં ભક્તિભાવ સાથે હોલિકા દહન મિત્ર મંડળો દ્વારા વર્ષો જૂની પરંપરાનું જતન

## દુર્વિચાર અને અધર્મના નાશની પ્રાર્થના સાથે નગરજનો જોડાયા વ્યાસના ચોરા સહિતના વિસ્તારોમાં મુહૂર્ત સમયે પ્રગટાવાઈ હોળી

**અબતક સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેરમાં હોળીના પાવન પર્વ નિમિત્તે વિવિધ મિત્ર મંડળો દ્વારા વર્ષો જૂની પરંપરા મુજબ શાસ્ત્રોક્ત વિધિ અને મુહૂર્ત અનુસાર હોલિકા દહન કરવામાં આવ્યું હતું. અધર્મ પર ધર્મની જીતના પ્રતિક સમાન આ પર્વની ઉજવણીમાં શહેરના ભાવિક ભક્તો મોટી સંખ્યામાં જોડાયા હતા.



શહેરના વ્યાસના ચોરા પાસે ભગવતી મિત્ર મંડળ, દીપારાના ચોરા પાસે મિત્ર મંડળ અને મેલડી માં ના મંદિર પાસેના મિત્ર મંડળ દ્વારા ચોકના પટાંગણમાં હોળી પ્રગટાવવામાં આવી હતી. ઉપસ્થિત ભક્તોએ હોલિકા દહનના દર્શન કરી પોતાનામાં રહેલા ક્રોધ, ઈર્ષા, દુરવિચાર અને દુરાચાર જેવા પાપ રૂપી અધર્મનો નાશ થાય તેવી પ્રાર્થના કરી હતી.

પરમ વિષ્ણુ ભક્ત પ્રહલાદ અને હોલિકાની કથાને યાદ કરી, ખાસ કરીને વ્યાસના ચોરે ભગવતી મિત્ર મંડળ દ્વારા વર્ષોથી સમયસર કરવામાં આવતું હોલિકા દહન આ વર્ષે પણ ધ્રાંગધ્રાવાસીઓ માટે યાદગાર બની રહ્યું હતું. હોલિકા દહનના બીજા દિવસે રંગોત્સવની ઉજવણી કરવામાં આવશે.

# સુત્રાપાડા કારડીયા રાજપુત સમાજે કુરીવાજોને તિલાંજલી આપવાનો કર્યો 'સંકલ્પ'

## વાડ મહોત્સવમાં પૂર્વ મંત્રી જશાભાઈ બારડ સહિતના મહાનુભાવો રહ્યા હાજર

**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

ગુજરાતના સામાજિક ઈતિહાસમાં સુત્રાપાડાના કારડીયા રાજપૂત સમાજે એક નવો અને પ્રેરણાદાયી રાહ ચીંધ્યો છે. સમસ્ત કારડીયા રાજપૂત સમાજ અને કારડીયા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા સતત બીજા વર્ષે ભવ્ય 'સમૂહ વાડ' (હોળી દર્શન) કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના પૂર્વ મંત્રી અને અખિલ ગુજરાત કારડીયા રાજપૂત સમાજના પ્રમુખ જશાભાઈ બારડના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં કુરિવાજો નાબૂદ કરી આર્થિક બચત અને શિક્ષણના મૂલ્યોને પ્રાધાન્ય આપવાના ઐતિહાસિક નિર્ણયો લેવાયા હતા. સામાન્ય રીતે, પરિવારમાં પ્રથમ દીકરા કે દીકરીના જન્મ પછી હોળી દર્શન (વાડ) વખતે વ્યક્તિગત રીતે થતા લાખોના ખર્ચ અને ડી.જે.ના ઘોંઘાટને તિલાંજલિ આપી આ વર્ષે ૨૦ દીકરા અને ૨૦ દીકરીબા (કુલ ૪૦ બાળકો)ના હોળી દર્શન સમગ્ર સમાજ દ્વારા એક જ સ્થળે સમૂહમાં કરવામાં આવ્યા હતા. ૨૦ દીકરીઓના ભવિષ્ય માટે સમાજ દ્વારા 'સુકન્યા ખાતા' ખોલી આપી પ્રત્યેક ખાતામાં રૂ.૧,૦૦૦ જમા કરાયા હતા.



જશાભાઈ બારડે જણાવ્યું હતું કે, ઉત્સવોમાં વેડફાતા નાણાં જો બચાવવામાં આવે, તો તે સમાજના તેજસ્વી સંતાનોના ઉચ્ચ શિક્ષણમાં ઉપયોગી થઈ શકે છે. તમામ ૪૦ પરિવારોના સ્વજનો અને ગ્રામજનોએ એક જ પંગતે બેસીને સમૂહ ભોજન લીધું હતું.


# સોમનાથ ટ્રસ્ટ દ્વારા કરાયું વૈદિક હોલિકા દહન

## ગૌશાળાના ગાયનું છાણ, ગીર ગાયનું ઘી, સમીધ કાષ્ટ, સાત પ્રકારના અનાજ, કપૂર, ઔષધિઓ વડે પ્રગટાવાય વૈદિક હોલિકા

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

દેશભરમાં હોલિકા ઉત્સવ અધિકાંશ સ્થાનોએ લાકડા દ્વારા હોલિકા દહન કરી ઉત્સવ ઉજવવામાં આવે છે, ત્યારે પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ચોપાટી ગ્રાઉન્ડ પર વૈદિક હોલિકા દહનનું અનોખું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટ્રસ્ટની પાઠશાળાના ઋષિકુમારોએ ઢોલ, શરણાઈ, ડમરૂના નાદ સાથે ૨૧ પ્રકારના આહુતિ દ્રવ્યોની વૈદિક સમર્પણ યાત્રા યોજી હતી. ટ્રસ્ટના પૂજારીઓ દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે ટ્રસ્ટ પરિવાર તરફથી ઈન.જનરલ મેનેજર અજયકુમાર દુબેને પૂજન કરાવવામાં આવી હતી જે બાદ તેમના હસ્તે હોલિકા દહન કરવામાં આવ્યું હતું. જેમાં વિશેષ રૂપે પર્યાવરણ ને કેન્દ્રમાં રાખીને ટ્રસ્ટ દ્વારા હોલિકા દહનમાં પરંપરાગત અને વૈદિક સામગ્રીનો જ ઉપયોગ કરવામાં આવ્યો હતો.





સંસ્કૃત પાઠશાળાના ઋષિકુમારો દ્વારા ૨૧ પ્રકારના આહુતિ દ્રવ્યોના થાળ અલંકૃત કરી મંદિરથી ઢોલ શરણાઈ અને ડમરૂના નાદ સાથે વૈદિક અર્પણ યાત્રા

સોમનાથ ટ્રસ્ટની ગૌશાળાની ગૌમાતાના સુકેલા છાણ, ગીર ગાયનું ઘી, સમિધ કાષ્ઠ, સાત પ્રકારના અનાજ, કપૂર અને વિવિધ પ્રકારની ઔષધિઓ હોલિકામાં અર્પણ કરવાની વિશેષ વ્યવસ્થા કરાવવામાં આવી હતી. જેમાં હજારો પરિવારોએ ઘરે બેઠા ટ્રસ્ટની વેબસાઈટ Somnath.org પર માત્ર ૨૧રૂ. ન્યોછાવર કરીને હોલિકામાં પવિત્ર આહુતિ અર્પણ કરવાનો લાભ પ્રાપ્ત કર્યો હતો. તેમજ ટ્રસ્ટ દ્વારા એસએમએસ મારફત તમામને હોલિકા દહનના લાઈવ દર્શન કરાવવામાં આવ્યા હતા.

# ગોંડલમાં હોલી કે રસિયા સંગ ફુલ ફાગ મહોત્સવમાં ભાવિકો મન મુકી ઝૂમ્યાં




**અબતક,જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

ગોંડલ નાં ભોજરાજપરા વિસ્તાર માં ગોલ્ડન ગૃપ દ્વારા હોલી દહન તથા હોલી કે રસીયા સંગ ફુલફાગ નું આયોજન કરાયુ હતું.ગોલ્ડન ગૃપ નાં પ્રણેતા અશોકભાઈ પીપળીયા નાં માર્ગદર્શન હેઠળ ફુલફાગ માં એક હજાર ફુલ નો ઉપયોગ કરાયો હતો.દિલીપભાઈ ભાલાળા અને સાથી વૃંદ દ્વારા રાધેશ્યામ નાં કિર્તન ઉપસ્થિત જનમેદની રસતરબોળ બની હતી.અલ્પાહાર સાથે અંદાજે ત્રણ હજાર આઈસક્રીમ કેન્ડી નું શ્રોતાઓ માં વિતરણ કરાયું હતું. ભોજરાજપરા નાં લોકપ્રિય આગેવાન અશોકભાઈ પીપળીયા અને તેમની ટીમ દ્વારા છેલ્લા દશ વર્ષ થી હોલીકા દહન તથા હોલી કે રસીયાનું અનેરુ સંગીતમય આયોજન કરી રહ્યા છે.

ભુવનેશ્વરી પીઠ પુ.ઘનશ્યામજી મહારાજ ની નિશ્રામાં રવિદર્શનજી તથા આયુશીબેન વ્યાસ દ્વારા ફુલફાગ હોરીરસીયાનું આયોજન ભુવનેશ્વરી મંદિર પરીસર માં કરાયુ હતું.

# ગોંડલમાં ઠેર-ઠેર હોલિકા દહન:લોકોએ હોળીની પ્રદક્ષિણા કરી દર્શન કર્યા



**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

શાસ્ત્રો માં હોલીકા દહન નું ખાસ્સુ મહત્વ ઉજાગર કરાયું છે.ત્યારે ગોંડલ માં ઠેરઠેર હોલીકા દહન નાં આયોજન થયાં હતાં.

તાલુકા સ્કુલનાં પટ માં દેવપરા ગૃપ દ્વારા છેલ્લા ૭૪ વર્ષથી શહેરની સૌથી મોટી હોલીકા દહનનું આયોજન કરાય છે.જેમાં ૨૫૦૦૦ છાણાનો ઉપયોગ કરાય છે. આર્ય સમાજ દ્વારા વૈદિક હવનની ઔષધીઓ હોળીમાં અર્પણ કરાય છે. રાત્રે નવ કલાકે હોળી પ્રગટાવાયાં બાદ હજારો લોકો દર્શન માટે ઉમટી પડ્યાં હતાં. મુસ્લિમ બિરાદરો પણ દર્શન માટે આવતાં હોય હિન્દુ મુસ્લિમ એકતાનાં અહી દર્શન થાય છે. દેવપરા ગૃપનાં જયસુખભાઈ (ભાણાભાઈ) વઘાસીયા,જયદીપસિંહ જાડેજા, નિરલભાઈ સાટોડીયા, પીન્ટુભાઈ ભોજાણી, મીલનભાઈ ભોજાણી, મહેશભાઈ વાઢેર, ભરતભાઈ ભાદાણી, અશોકભાઈ સાવલીયા, યોગરાજસિંહ જાડેજા સહિતનાં સદસ્યોએ હોલીકા દહન માટે જહેમત ઉઠાવી હતી.

# સોરઠની પરંપરા ગિરનાર પર્વત-દાતારના ડુંગરે હોળી પ્રગટ્યા બાદ સર્વત્ર હોળી પ્રજવલિત થઈ

**અબ તક દર્શન જોશી, જુનાગઢ**

સોરઠની એક પરંપરા મુજબ ગઈકાલે હોળીના દિવસે પ્રથમ હોળી ગિરનારના અંબાજી મંદિર ખાતે, ત્યારબાદ દાતારના ડુંગરે દાતાર બાપુની જગ્યા પરિસરમાં હોળી પ્રગટ્યા બાદ સમગ્ર જિલ્લામાં હોળી પ્રગટાવવામાં આવે છે. દરમિયાન આજે પંચાંગ મુજબ સોમવારે હોળીનો તહેવાર હોય ત્યારે ગિરનાર ઉપર ૫૦૦૦ પગથીયા ખાતે ૩૫૦૦ ફૂટની ઉંચાઈએ સ્થિત અંબાજી મંદિરે માતાજીની સાંજની આરતી સંપન્ન થયા બાદ ૭:૪૫ કલાક બાદ અંબાજી મંદિર પરિસર ખાતે ૧૧,૦૦૦ થી વધુ શ્રીફળ, છાણા અને થોડા કાસ્ટની વિશ્વની સૌથી વધુ ઊંચાઈએ હોળી પ્રગટાવવામાં આવી હતી.

# અંજારમાં વોકલ ફોર લોકલના મંત્ર સાથે સ્વદેશી મેળાનો શુભારંભ

## નગરપાલિકા પ્રમુખ વૈભવભાઈ કોડરાણીના હસ્તે ઉદઘાટન: ૧૦ દિવસ સુધી ૫૬ સ્ટોલ મારફતે સ્થાનિક ઉત્પાદનોનું વેચાણ અને પ્રદર્શન

**અબતક ભારતી માખીજાણી, અંજાર**

રાજ્ય સરકારના સહયોગથી અંજાર નગરપાલિકા દ્વારા સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહિત કરવા અને સ્થાનિક વેપારીઓને મજબૂતી આપવાના ઉમદા હેતુથી સ્વદેશી મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ત્રિકમભાઈ બી. છાંગાના માર્ગદર્શન હેઠળ સરદાર વલ્લભભાઈ પટેલ ટાઉનહોલના પટાંગણમાં આ મેળાનો પ્રારંભ નગરપાલિકાના પ્રમુખ વૈભવભાઈ ડી. કોડરાણીના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે નગરપાલિકાના ચીફ ઓફિસર તુષારભાઈ ઝાલરીયા, શહેર ભાજપ પ્રમુખ હિતેનભાઈ વ્યાસ, કારોબારી ચેરમેન પાર્થભાઈ સોરઠીયા સહિતના અનેક પદાધિકારીઓ અને કાઉન્સિલરો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.



નગરપાલિકા પ્રમુખ વૈભવભાઈ કોડરાણીએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની સ્વદેશી અપનાવોની નેમ સાર્થક કરવા માટે અંજારમાં આ નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. તેમણે શહેરીજનોને અપીલ કરી હતી કે તેઓ આ મેળાની મુલાકાત લઈ સ્થાનિક ઉત્પાદકો અને વેપારીઓને પગભર કરવામાં સહયોગી બને. આ મેળામાં રેઝીન આર્ટ, ગોબરની અગરબત્તી, હર્બલ પ્રોડક્ટ્સ, શુદ્ધ ઘી, ખાખરા, અથાણાં તેમજ પ્રખ્યાત અજરખની સાડીઓ અને કુર્તીઓ જેવા વિવિધ ૫૬ સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે. ખાસ વાત એ છે કે આ તમામ ધંધાર્થીઓને તમામ સુવિધાઓ સાથે સ્ટોલ વિનામૂલ્યે ફાળવવામાં આવ્યા છે.

આ મેળાનો સમય તા. ૧૧ માર્ચ ૨૦૨૬ સુધી દરરોજ સવારે ૧૦:૦૦ થી રાત્રે ૦૯:૦૦ કલાક સુધીનો રહેશે. ઉદ્ઘાટન પ્રસંગે મોટી સંખ્યામાં શહેરીજનોએ મુલાકાત લીધી હતી અને સુંદર આયોજન બદલ નગરપાલિકાની ટીમને અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શાસકપક્ષના નેતા નિલેશગીરી ગોસ્વામીએ અને આભારવિધિ ચેરમેન પાર્થભાઈ સોરઠીયાએ કરી હતી. આ મેળાને સફળ બનાવવા માટે નગરપાલિકાના અધિકારીઓ અને આગેવાનોએ ભારે જહેમત ઉઠાવી છે.

# ગીર ગઢડાના ધોકડવા ગામે શાસ્ત્રોક્ત વિધિથી કરાયું હોલિકા દહન



**અબતક, મનુ કવાડ, ગીરગઢડા**

ધોકડવામાં હોલી ટીંબે આવેલ અન્નપૂર્ણા આશ્રમ ખાતે આશ્રમના મહંત ગણેશપુરી બાપુ દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે સંસ્કૃતિક પૂજા-અર્ચના કરી પરંપરાગત રીતે હોલીકા દહન પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.

ધોકડવા ગામમાં કોઈપણ જાતિના ભેદભાવ વિના હિંદુ ધર્મના સર્વ સમાજના લોકો એકજ સ્થળે એકત્રિત થઈ હોલીકા દહનમાં જોડાયા હતા,

કાર્યક્રમ દરમિયાન ધોકડવા ગામના સરપંચશ્રી, ગામના આગેવાનો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનોએ હાજરી આપી હોલીકા દહનના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

ગ્રામ પંચાયત દ્વારા પણ લોકોને કોઈ અગવડ ન પડે તે માટે વ્યવસ્થા કરવામાં આવી હતી.

ગ્રાઉન્ડમાં સંપૂર્ણ સ્વચ્છતા જળવાઈ રહે તેમજ તહેવાર પ્લાસ્ટિક રહિત રીતે ઉજવાય તે માટે વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું, જેના કારણે સમગ્ર કાર્યક્રમ

# હિંમતનગર નજીક ટ્રકમાંથી રૂ.૭૭.૬૬ લાખનો દારૂ-બીયર સાથે એક ઝડપાયો



## એલ.સી.બી.એ દરોડો પાડી ૧૩૫૮૪ બોટલ દારૂ, ૬૬૯ બીયરની પેટી, વાહન મળી રૂ. ૯૨.૭૬ લાખનો મુદામાલ કબ્જે: બેની શોધખોળ

**અબતક**
**સંજય દિક્ષીત, સાબરકાંઠા**

સાબરકાંઠા એલ.સી.બી ટીમે હિંમતનગરના કાંકણોલ નજીકથી એક ટ્રકમાંથી રૂ.૭૭.૬૬ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો પોલીસે ટ્રકમાંથી ૧૩,૫૮૪ બોટલ દારૂ અને બિયરની ૬૬૯ પેટીઓ જપ્ત કરી લીધી હતી આ કાર્યવાહીમાં કુલ રૂ.૯૨.૭૬ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો

આ અંગે સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ સાબરકાંઠા એલસીબી ટીમ હિંમતનગર-ગાંભોઈ રોડ પર પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન એલસીબી ના પી.આઈ ને બાતમી મળી હતી કે ડી.ડી-૦૧-જે -૯૩૩૧ નંબરની ટ્રકમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને રાજસ્થાન-શામળાજી તરફથી અમદાવાદ તરફ જઈ રહી હતી આ ટ્રક પર તાડપત્રી ઢાંકેલી હતી

આ બાતમીના આધારે શામળાજી-અમદાવાદ નેશનલ હાઈવે પર કાંકણોલ ગામની સીમમાં ક્રિષ્ણા સ્વીટ માર્ટ ફરસાણ ફેક્ટરી પાસે નાકાબંધી ગોઠવવામાં આવી હતી બાતમી મુજબની ટ્રક આવતા તેને રોકવામાં આવી હતી ટ્રકના ચાલકની પૂછપરછ બાદ તાડપત્રી હટાવી તપાસ કરતા ઉપરના ભાગે પ્લાસ્ટિકના કટ્ટા ગોઠવેલા હતા અને તેની નીચે વિદેશી દારૂની ૬૬૯ પેટીઓ મળી આવી હતી પોલીસે ટ્રક ચાલક દેવેન્દ્ર દાનારામ ગોમારામ જાટ (ઉં.વ.૨૫,રહે. ભીનમાલ, રાજસ્થાન)ની ધરપકડ કરી હતી.

આ ઉપરાંત દારૂ ભરી આપનાર વાનસીંગ ચારણ (રહે.હનુમાનગઢ, રાજસ્થાન) અને ખોટી બિલટી આપનાર દેવેન્દ્ર બિશ્નોઈ (રહે. સાચોર) સહિત બે ફરાર આરોપીઓ સામે પણ ગુનો નોંધવામાં આવ્યો હતો.

# પ્રાંતિજમાં કાપડની દુકાનમાં ચોરીનો નિષ્ફળ પ્રયાસ

## પોલીસ પેટ્રોલિંગ વધુ સઘન બનાવવા માટે વેપારીઓની માંગ

**અબતક,**
**સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લાના પ્રાંતિજ શહેરમાં મુખ્ય બજારમાં આવેલ સહકાર વસ્ત્ર ભંડાર નામની કાપડની દુકાનમાં રાત્રિના સમયે અજાણ્યા તસ્કરો દ્વારા ચોરીનો નિષ્ફળ પ્રયાસ કરવામાં આવતા ચકચાર મચી ગઈ હતી.

આ અંગે મળતી માહિતી મુજબ પ્રાંતિજ શહેરમાં મુખ્ય બજારમાં આવેલ સહકાર વસ્ત્ર ભંડાર નામની કાપડની દુકાનના તસ્કરોએ આગળના પતરાના દરવાજાના તાળા તોડી નાખ્યા હતા અને ત્યારબાદ શટરના તાળા તોડવાનો પ્રયાસ કર્યો હતો સ્વામિનારાયણ મંદિર સામે આવેલી આ દુકાનના શટરને લોખંડની કોસ જેવું સાધન નાખીને ઊંચું કરવાનો પણ પ્રયાસ કરાયો હતો

પ્રાથમિક તપાસ મુજબ રાત્રિ દરમિયાન કોઈ વ્યક્તિ આવી ગયું હોવાથી તસ્કરો ભાગી ગયા હોવાનું જાણવા મળી રહ્યું છે સવારે દુકાન માલિકને ફોન દ્વારા જાણ થતાં તેઓ તાત્કાલિક દુકાન પર દોડી આવ્યા હતા તેમણે દુકાનનો આગળનો પતરાનો દરવાજો ખુલ્લો અને તાળા તૂટેલા પડ્યા જોયા હતા તેમજ શટર વચ્ચેથી ઊંચું થયેલું હતું. માલિકે બૂમાબૂમ કરતાં આસપાસના વેપારીઓ પણ દોડી આવ્યા હતા પ્રાંતિજના મુખ્ય બજારમાં રાત્રિ દરમિયાન ચોરીના પ્રયાસથી વેપારીઓમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો આ ઘટનાને પગલે પોલીસના રાત્રિ પેટ્રોલિંગ પર પણ સવાલો ઊભા થયા છે

વેપારી દ્વારા પ્રાંતિજ પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી અને વધુ તપાસ હાથ ધરી હતી વેપારીઓ દ્વારા પ્રાંતિજ પોલીસને રાત્રિ પેટ્રોલિંગ વધુ સઘન બનાવવા માટે માંગ કરવામાં આવી છે.

# લીંબડી નજીક મહિલાએ ટ્રેન નીચે ઝંપલાવી જીવન ટુંકાવ્યું

## ખારવા ગામની યુવતિએ બીમારીથી કંટાળી પગલુ ભર્યાનું અનુમાન



**અબતક, ઘનશ્યામ ભટ્ટી,**
**સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં આત્મહત્યા તેમજ અપમૃત્યુના બનાવો વધી રહ્યા છે ત્યારે લીંબડી-વઢવાણ વચ્ચે આવેલ રેલવે ફાટક પાસે ખારવા ગામની મહિલાએ ટ્રેન નીચે પડતું મુકી મોતને વહાલું કર્યું હતું. આ અંગે મળતી માહિતી મુજબ વઢવાણ તાલુકાના ખારવા ગામે રહેતી મહિલા સુનિતાબેન અર્જુનભાઈ નગવાડીયા, ઉંમર વર્ષ ૩૨ વાળા છેલ્લા ઘણા સમયથી માનસિક બીમારીથી પીડાતા હતા અને કંટાળી ગયા હતા. આથી લીંબડી-વઢવાણ રોડ પર આવેલ રેલવે ફાટક પાસે થી પસાર થતી સુરત-મહુવા ટ્રેનના સમય દરમિયાન રેલવે ટ્રેક પર પડતું મૂકી મોતને વહાલું કર્યા મોત નિપજ્યું હતું. જે અંગેની જાણ થતા મૃતક મહિલાના પરિવારજનો સહિત રેલવે પોલીસ કાફલો ઘટના સ્થળે આવી પહોચ્યો હતો અને મહિલાના મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. જ્યારે મહિલાના મોત થી પરિવારજનો સહિત સમગ્ર ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

# સાબરકાંઠા: કારમાંથી રૂ.૧૫ લાખના ગાંજા સાથે એક ઝડપાયો

## પોલીસે ૩૧૫૫૦ કિલોગ્રામ ગાંજો અને વાહન મળી રૂ.૧૮.૯૨ લાખનો મુદામાલ કબ્જે



**અબતક,સંજય દિક્ષિત,**
**સાબરકાંઠા**

પોલીસે એક આરોપી વિરુદ્ધ એન.ડી.પી.એસ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી

સાબરકાંઠા જીલ્લામાં પોશીના પોલીસે દેલવાડાથી લાંબડીયા રોડ પરથી એક કારમાંથી રૂ.૧૫ લાખથી વધુનો ૩૧.૫૫૦ કિલોગ્રામ ગાંજો જપ્ત કર્યો છે પોલીસે કાર ચાલકની ધરપકડ કરીને વધુ કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

આ અંગે મળતી માહિતી મુજબ પોશીના પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે સ્ટાફના માણસોને બાતમી મળી હતી કે એક હોન્ડા અમેઝ ગાડી (રજી.નં. જીજે- ૦૨-બીચ-૭૦૬૬) દેલવાડાથી હડાદ તરફ જઈ રહી હતી અને તેમાં શંકાસ્પદ માદક પદાર્થ ભરેલો હતો. આ બાતમીના આધારે પોલીસે દેલવાડાથી લાંબડીયા રોડ પર વોચ ગોઠવી હતી બાતમીવાળી ગાડી આવતા તેને રોકવામાં આવી હતી અને તપાસ કરતા તેમાંથી ૩૧.૫૫૦ કિલોગ્રામ સૂકો ગાંજો મળી આવ્યો હતો જેની કિંમત રૂ.૧૫,૭૭,૫૦૦ અંદાજવામાં આવી હતી.

પોલીસે ગાંજા ઉપરાંત બે મોબાઈલ ફોન કિંમત રૂ.૧૫ હજાર,હોન્ડા કાર કિંમત રૂ.૩ લાખ અને રોકડ રૂ.૨૧૦ સહિત કુલ રૂ.૧૮,૯૨,૭૧૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો પકડાયેલા આરોપીની ઓળખ રીતેશ રસિકલાલ વ્યાસ (ઉં.વ.૪૮, રહે.ગોખરવા,તા. ચાણસ્મા, જિ.પાટણ) તરીકે થઈ છે.

# ધ્રાંગધ્રામાં જુમ્મા મસ્જિદ પાસે પાર્કિંગના મુદ્દે જુથ અથડામણ



## બંને પક્ષે મળી ત્રણ સામે નોંધાતો ગુનો

**અબતક**
**સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેરના જુમ્મા મસ્જિદ નજીક વાહન પાર્કિંગ મુદ્દે ઉભા થયેલા વિવાદે તણાવનું ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું ઘટનાને પગલે બંને પક્ષો વચ્ચે બોલાચાલી અને મારામારીની ઘટના બની હતી. બાદમાં બંને તરફથી પોલીસમાં સામસામે ફરિયાદ નોંધાતા કુલ ત્રણ શખ્સો વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, મહંમદભાઈ જુણેજા નમાઝ અદા કરવા મસ્જિદ ખાતે ગયા હતા. તેમણે મસ્જિદની બહાર આવેલી બુટ-ચપ્પલની દુકાન સામે પોતાનું વાહન પાર્ક કર્યું હતું. આ દરમિયાન દુકાનદાર ઝાકીરભાઈ મંડલીએ વાહન પાર્કિંગ મુદ્દે વાંધો ઉઠાવી ઉગ્ર બોલાચાલી શરૂ કરી હતી ફરિયાદ અનુસાર, દુકાનદાર દ્વારા ગેરવર્તન કરવામાં આવ્યું અને મારકૂટ પણ કરવામાં આવી હોવાનું જણાવાયું છે

બીજી તરફ, બુટ-ચપ્પલના વેપારી ઝાકીરહુસેન મંડલીએ પણ પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે દુકાન સામે બાઈક પાર્ક કરવાથી ગ્રાહકોને અડચણ ઊભી થતી હતી. પાર્કિંગ ન કરવા સમજાવતા મહંમદભાઈ જુણેજા અને સદામભાઈ જુણેજા સાથે તેમનો વિવાદ વધ્યો હતો. બંને પક્ષોની રજૂઆત આધારે પોલીસે તપાસ શરૂ કરી છે શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસે જરૂરી બંદોબસ્ત ગોઠવ્યો હોવાનું જાણવા મળે છે. જાહેર સ્થળોએ પાર્કિંગ વ્યવસ્થા અંગે સ્પષ્ટતા અને સુવ્યવસ્થિત આયોજન કરવાની માંગ ઉઠી રહી છે.

# દુષ્કર્મના ઈરાદે ઘરમાં ઘુસેલો ફરહાન ઝડપાયો

## અભ્યાસ દરમિયાન યુવતી સાથે મિત્રતા કેળવી ઘરે જતા પરિવારે ફરહાન શેખને ઝડપી પોલીસને સોપ્યો



**અબતક, ઊના**

ઊના શહેર મા રહેતી એક ૨૩ વરસ ની યુવતી બપોરે ઘરે એકલી હતી ત્યારે મૂળ ઊના નો અને હાલ ચાચકવડ રહેતો ફરાન હનીફ ભાઈ શેખ નામનો યુવાન યુવતી ની એકલતા નો લાભ લઈ ઘરે કોઈ સભ્ય હાજર ના હોય ઘર માં ઘૂસી જઈ યુવતી ની ઈચ્છા વિરુધ અયોગ્ય વર્તન કરી બળજબરી કરી શરીર સબંધ બાંધવા દબાણ કરતા યુવતી એ ઈનકાર કરી પ્રતિકાર કરેલ ત્યાં યુવતી ના પરિવાર ના સભ્યો આવી ગયા હતા યુવક ફરાન ને પકડી ઊના પોલીસ સ્ટેશન મા લઈ ગયા હતા. યુવતી એ પોલીસ માં નિવેદન આપ્યું હતું કે અઢી વર્ષ પહેલા એકેડમી માં. બન્ને સાથે અભ્યાસ કરતા હતા અભ્યાસ દરમિયાન આરોપી એ મિત્રતા બાંધી મોબાઈલ ફોન અને સોશિયલ મીડિયા મારફત સંપર્ક કરતો અને યુવાન યુવતી ને અવારનવાર મળવા દબાણ કરતો અને શરીર સબંધ બાંધવા દબાણ કરતો અને યુવતી એ ઈનકાર કરી દીધેલ હતો તેમ છતાં યુવાને યુવતી નો એકલતા નો લાભ લઈ હેરાન કરેલ તેથી પોલીસે યુવતી ની ફરિયાદ નોંધી આરોપી ફરાન હનીફ શેખ સામે ગુનો દાખલ કર્યો હતો. અને ધરપકડ કરી હતી.

# લખતરના વડલા ગામેથી જુગારધામ પકડાયું

## આઠ શખ્સોની ધરપકડ રૂ.૪૩૩૬૦નો મુદામાલ કબ્જે: એક ફરાર



**અબતક**
**ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

લખતર તાલુકાના વડલા ગામે જુગાર રમતા જુગારીઓને સ્થાનિક પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જે અંગે મળતી માહિતી મુજબ લખતર પોલીસને ખાનગી રાહે બાતમી મળતા વડલા ગામે રેડ કરવામાં આવી હતી જેમાં વડલા ગામના નવાપરામાં પ્રહલાદભાઈ કાશીરામભાઈ કોતરવાડીયાના રહેણાંક મકાનના ખુલ્લા ફળિયામાં જુગાર રમતા (૧) પ્રહલાદભાઈ કાશીરામભાઈ કોતરવાડિયા રહે.વડલા (૨) લક્ષ્મણભાઈ ઈશ્વરભાઈ ભાંભરીયા રહે.વડલા (૩) મુકેશભાઈ નાનજીભાઈ નેત્રા રહે.કમીજલા તા.વિરમગામ (૪) મુકેશભાઈ કાળુભાઈ નેત્રા રહે.કમીજલા તા.વિરમગામ (૫) ગણપતભાઈ મનજીભાઈ કમેજળીયા રહે. કમીજલા તા.વીરમગામ (૬) ચમનભાઈ ધુડાભાઈ પટેલ રહે.કમીજલા તા. વિરમગામ (૭) અમરતભાઈ બુધાભાઈ બખુડીયા રહે.વનથળ તા.વિરમગામ અને (૮) રણુભાઈ વીરજીભાઈ કો.પટેલ રહે.વનથળ તા.વિરમગામ વાળાને રોકડ રૂ.૧૩,૦૦૦ તેમજ મોબાઈલ નંગ-૬ કિંમત.રૂ.૩૦.૦૦૦ સહિત કુલ ૪૩,૩૬૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. જ્યારે અન્ય એક શખ્સ કાળુભાઈ ગોરધનભાઈ ભાંભરીયા રહે.વડલા તા. લખતરવાળા નાસી છૂટ્યો હતો. આથી ઝડપાયેલ ૦૮ શખ્સો સહિત કૂલ ૦૯ શખ્સો સામે જુગાર હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સાણંદના એસ્ટેટ બ્રોકરને હનીટ્રેપમાં ફસાવી રૂ.૧ કરોડ પડાવનાર વધુ બે ઝડપાયા

## હુસેન અલી મોમીનના યુવતી સાથે બિભત્સ વીડિયો ઉતારી વાયરલ કરવાની અને જાનથી મારી નાખવાની સાત શખ્સોએ ધમકી આપી'તી: અગાઉ ચારની ધરપકડ કરી રૂ.૭૨.૫૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો



**અબતક, ઘનશ્યામ ભટ્ટી,**
**સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર બી-ડિવિઝન પોલીસ મથકમાં થોડા દિવસો પહેલા હનિટ્રેપનો બનાવ બન્યો હતો જે અંગે ભોગ બનનાર શખ્સ દ્વારા ફરિયાદ નોંધાવતા પોલીસે ગણતરીના દિવસોમાં જ હનિટ્રેપના બનાવમાં સંડોવાયેલ યુવતી સહિત ૦૪ શખ્સોને ઝડપી પાડયા હતા જ્યારે બે શખ્સો પોલીસ પકડ થી દૂર હતા. જે બન્ને નાસતા ફરતા શખ્સોને સુરેન્દ્રનગર એલસીબી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ સાણંદ તાલુકાના શાંતિપુરા ગામે રહેતા હુસેનઅલી અબ્દુલઅલી મોમીન જમીન દલાલને હનીટ્રેપમાં ફસાવી ઈરાદા અને બળજબરી પુર્વક એક યુવતી દ્વારા બીભત્સ વીડિયો ઉતારી તેને વાયરલ કરવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપી રૂ.૦૧ કરોડ પડાવ્યા હતા. જે અંગે ભોગ બનનાર જમીન દલાલે બી ડિવિઝન પોલીસ મથકે ૦૬ શખ્સો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગણતરીના દિવસોમાં જ હનિટ્રેપના બનાવમાં સંડોવાયેલ શખ્સો પૈકી ચાર શખ્સો (૧) ભાવનાબેન ઉર્ફે અંજલી દશરથભાઈ ચાવડા (૨) તોસીફખાન ઉર્ફે લાલો અકબરખાન મલેક (૩) સાહિલખાન સરદારખાન મલેક (૪) આસિફખાન મોહબતખાન મલેકને રોકડ રકમ, કાર અને પિસ્તોલ સહિત કુલ રૂ.૭૨.૫૦ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. જ્યારે બે શખ્સો પોલીસ પકડ થી દૂર હતા જેમને ઝડપી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. જેમાં એલસીબી, પેરોલ ફર્લો સહિતની ટીમો દ્વારા તપાસ હાથ ધરી ટેકનિકલ અને હ્યુમન સોર્સની મદદથી વધુ બે શખ્સો અરબાઝખાન હયાતખાન મલેક, રહે. અખિયાણા તા.પાટડી વાળાને અને અમનખાન મહેબુબખાન મલેક, રહે. ઈંગરોડી, તા.લખતર વાળાને રોકડ રૂ.૨૩.૭૫ લાખ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સુરેન્દ્રનગરની મહેતા માર્કેટમાં ગુડદી પાસાનો જુગાર રમતા ચાર ઝડપાયા

## સ્થાનિક પોલીસે દરોડો પાડી રૂ.૧૪૫૭૦નો મુદ્દામાલ કબ્જે



**અબતક,**
**ઘનશ્યામ ભટ્ટી,**
**સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર અને વઢવાણ શહેરી વિસ્તારમાં ઈંગ્લીશ દારૂ અને જુગાર જેવી અસામાજીક પ્રવૃતિઓ વધી રહી છે ત્યારે સુરેનદ્રનગર એ-ડિવિઝન પોલીસે શહેરની મધ્યમાં આવેલ મહેતા માર્કેટમાં દુકાનના ઓટલા પર ગુડદી પાસાનો જુગાર રમતા ૦૪ શખ્સોને રોકડ સહિતના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ શહેરના એ-ડિવિઝન પોલીસે શહેરી વિસ્તારમાં પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. જે દરમિયાન મહેતા માર્કેટમાં આવેલ પારસ એન્ટરપ્રાઈઝ દુકાનના ઓટલા પર ગુડદી પાસાનો જુગાર રમાતો હોવાની બાતમીના આધારે રેઈડ કરી હતી અને સ્થળ પર થી જુગાર રમતા હરજીભાઈ ગોકળભાઈ ગોલતર, છેલાભાઈ તેજાભાઈ બતાડા, સલમાનભાઈ મુસ્તાકભાઈ બેલીમ અને રમજાનભાઈ ઉર્ફે મુકો નુરમહંમદભાઈ કટીયાને રોકડ રૂ.૧૪૫૭૦ સહિતના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

# બોટાદ: લૂંટના ગુનામાં વોન્ટેડ શખ્સ આઠ વર્ષે ઝડપાયો

## રિવોલ્વર અને છરીની અણીએ પરિવારને બંધક બનાવી રૂ.૧.૩૦ લાખની લૂંટ ચલાવી'તી: મુંબઈથી દબોચ્યો



**અબતક, વિપુલ**
**લુહાર, બોટાદ**

બોટાદ શહેરમાં પાળીયાદ રોડ ઉપર આવેલ સ્વસ્તિક સોસાયટી વિસ્તારમાં ૨૦૧૮ ની સાલમાં રિવોલ્વર અને છરી ની અણીએ એક પરિવારના સભ્યોને બંધક બનાવી સોના-ચાંદીના ઘરેણા મોબાઈલ, ટેબલેટ સહીત રૂ.૯,૩૦,૦૦૦ ની લૂંટ ની ઘટના બની હતી.જે લુંટની ઘટનાનો આરોપી નૌશાદ અહેમદ હકીમ ઉલ્લા ૮ વર્ષથી નાસતો ફરતો હોય જે આરોપીને ઝડપી પાડવા સરકાર દ્વારા ૧૦,૦૦૦ રૂપિયાનું ઈનામ પણ જાહેર કરવામાં આવ્યુ હતુ તે આરોપીને ઝડપી લેવા બોટાદ જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્ર શર્મા દ્વારા સૂચના આપવામાં આવેલ હોય જેને લઇ એલસીબીના પીઆઇ એમ.જી.જાડેજા ના સુપરવિઝન હેઠળ એલસીબીના પીએસઆઇ એસ.બી.સોલંકી તેમજ રામદેવસિંહ મોરી,અશ્વિનભાઈ મકવાણા,પુરવભાઈ સોનાગરા, સુખદેવસિંહ ચૌહાણ સહિતના કઈઈ પોલીસ સ્ટાફે ટેકનિકલ અને હ્યુમન સોર્સિસના આધારે બોટાદ ટાઉન પોલીસ સ્ટેશનના લૂંટના ગુન્હાનો આરોપી નૌશાદ અહેમદ હકીમ ઉલ્લા ને મહારાષ્ટ્ર ના મુંબઈ ખાતેથી બોટાદ કઈઈ પોલીસે ઝડપી પાડ્યો અત્રે ઉલ્લેખનીય છે કે સરકાર દ્વારા લૂંટની ગંભીર ઘટનાના નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવા ૧૦,૦૦૦ નુ ઈનામ જાહેર કરવામાં આવ્યું હતુ તે આરોપીને બોટાદ એલસીબી પોલીસે ઝડપી લઇ પ્રસંશનીય કામગીરી કરી છે. આ લુંટના આરોપીને ઝડપી લેવાના મામલે બોટાદ જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્ર શર્માએ પ્રેસકોન્ફરન્સ કરી મીડીયાને માહિતી આપી હતી.

# અંજારના વરસાણા ગામે હેરોઈનના જથ્થા સાથે રમેશ બિશ્નોઈ ઝડપાયો



**અબતક, ભારતી**
**માખીજાણી, ગાંધીધામ**

અંજારના વરસાણા ગામ ખાતેથી માદક પદાર્થ હેરોઈન( સ્મેક, ચીટા) કિ.રૂ.૪,૪૭,૪૦૦/-ના જથ્થા સાથે આરોપીને ઝડપી પાડી છે.

સરહદી રેન્જ આઈ.જી. ચિરાગ કોરડીયા અને એસ.પી. સાગર બાગમારની સૂચના હેઠળ અંજાર પી.આઈ. એ.આર. ગોહીલની ટીમે વરસાણા ગામના બસ સ્ટેશન પાસે આવેલ પતરાવાળા ધાબામાં દરોડો પાડયો હતો. આ કાર્યવાહીમાં ૪૪.૭૪ ગ્રામ હેરોઈન (સ્મેક, ચિટા) જેની કિંમત રૂા. ૪,૪૭,૪૦૦/- થાય છે, તેના જથ્થા સાથે પ્રકાશકુમાર હરીંગારામ બિશ્નોઈ નામના શખ્સને ધરપકડ કરી માદક પદાર્થ અને મોબાઈલ સહિત કુલ ૪,૫૨,૪૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપીએ કબૂલાત કરી હતી કે આ જથ્થો તેને જવાહરનગર, ગાંધીધામમાં રહેતા રમેશ હરીરામ બિશ્નોઈએ પૂરો પાડ્યો હતો અને તે ધાબા પર આવતા ગ્રાહકોને છૂટક વેચાણ કરતો હતો. પોલીસે એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબી: મનપાની ફૂડ શાખાનું ૨૪ હોટલ-રેસ્ટોરન્ટમાં ચેકીંગ; ૧૬ વેપારીઓને નોટિસ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની ફૂડ શાખાએ તા.૨૭/૦૨ના રોજ શહેરની ૨૪ હોટલ, રેસ્ટોરન્ટ અને બેકરીમાં ચેકિંગ હાથ ધર્યું હતું. નિરીક્ષણ દરમિયાન વાસી ખોરાક, એક્સપાયરી ડેટ વાળા પદાર્થો અને અખાદ્ય કલર મળી આવતા સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. વધુ બેદરકારી રાખનાર ૧૬ વેપારીઓને નોટિસ પાઠવાઈ હતી.

મોરબી મહાનગરપાલિકાની ફૂડ સેફ્ટી ઈન્સ્પેક્ટર ટીમ દ્વારા શહેરના રવાપર રોડ, નાસ્તાગલી સહિતના વિસ્તારોમાં હોટલ-રેસ્ટોરન્ટ, બેકરી, ડેરી અને મીઠાઈના દુકાનોમાં ખાદ્ય પદાર્થોની ચકાસણી કરવામાં આવી હતી. કુલ ૨૪ ખાણીપીણીના ધંધાર્થીઓ પાસે લાયસન્સ, સ્વચ્છતા, ફૂડ સેફ્ટી નિયમો, વાસી ખોરાક, એક્સપાયરી ડેટ, અખાદ્ય કલર વગેરે મુદ્દે તપાસ હાથ ધરાઈ હતી. તપાસ દરમિયાન શ્રી ગુરુ કૃપા ચાઈનીઝમાંથી વાસી મન્ચુરિયન તથા એક્સપાયરી તારીખ પૂર્ણ થયેલ ચાઈનીઝ સોસ મળી આવતા તેનો સ્થળ પર જ નાશ કરાયો હતો. સહારા ચાઈનીઝ અને હરિઓમ ફરસાણમાંથી વધુ પડતા અખાદ્ય કલરનો ઉપયોગ થતો જણાતા તે પણ નષ્ટ કરવામાં આવ્યો હતો. જ્યારે રવાપર રોડ પર આવેલી ટી.જી.બી. માંથી એક્સપાયરી ડેટ વગરનો માલ મળતા તેનો પણ સ્થળ પર જ નાશ કરાયો હતો.

ફૂડ લાઈસન્સનું રજિસ્ટ્રેશન ન કરનાર તેમજ વધુ બેદરકારી રાખનાર ૧૬ વેપારીઓને નોટિસ પાઠવી કડક ચેતવણી આપવામાં આવી છે. આગામી સમયમાં ચેકિંગ કામગીરી વધુ સઘન બનાવવામાં આવશે તેવી જાણ ફૂડ સેફ્ટી ઈન્સ્પેક્ટરે કરી હતી. સાથે જ તમામ ખાણીપીણીના ધંધાર્થીઓને અનહાઈજેનિક અને વાસી ખોરાકનો ઉપયોગ ન કરવા, અખાદ્ય કલર ટાળવા અને ફૂડ લાઈસન્સ ઓનલાઈન પ્રક્રિયા દ્વારા અનિવાર્ય રીતે મેળવવા તાકીદ કરવામાં આવી છે.

# મોરબીમાં કારના કાચ તોડ ગેંગ વિરુદ્ધ વધુ એક ફરિયાદ

## સી.સી.ટી.વી. ફૂટેજના આધારે બાઈક પર આવેલી ત્રિપુટી સામે ગુનો નોંધાયો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી શહેરમાં કારના કાચ તોડતી ગેંગ સામે વધુ એક ફરિયાદ નોંધાઈ છે. જુના મહાજન ચોકથી આગળ ટ્રેડ સેન્ટર કોમ્પ્લેક્ષ વાળી શેરીમાં પાર્ક કરેલી સ્વિફ્ટ કારના પાછળનો અને દરવાજાનો કાચ તોડી આશરે રૂ.૧૦ હજારનું નુકસાન કરાયું હતું. ત્યારે કાર માલીકે સી.સી.ટી.વી. ફૂટેજના આધારે બાઈક પર આવેલા ત્રણ અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે.મોરબીના નગર દરવાજા નજીક બી.એમ.મામૂજી વાળી શેરીમાં રહેતા એમદભાઈ અસલમભાઈ બાનાણી ઉવ.30 દ્વારા સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવાયેલી ફરિયાદ મુજબ, તેમણે પોતાની મારુતિ સુઝુકી કંપનીની સ્વિફ્ટ કાર રજી. નં. જીજે-૩૬-એએલ-૯૭૧૯ તા.૨૮/૦૨/૨૦૨૬ની રાત્રે જુના મહાજન ચોક ટ્રેડ સેન્ટર સામે કુવાળીવારા પીરની દરગાહવાળી શેરીમાં પાર્ક કરી હતી. ત્યારે કારના પાછળના કાચ તથા સાઈડના પાછળના દરવાજાનો કાચ તૂટી ગયાની જાણ થતા એમદભાઈ સ્થળ પર પહોંચી તપાસ કરતાં કારમાંથી કોઈ ચીજવસ્તુ ચોરાઈ ન હોવાનું જણાયું, પરંતુ આશરે રૂ.૨૦ હજારનું નુકસાન થયું હતું. જે બાદ સી.સી.ટી.વી. ફૂટેજ તપાસતા રાત્રિના બાર વાગ્યા આસપાસ બાઈક પર આવેલા ત્રણ અજાણ્યા શખ્સો દ્વારા આ તોડફોડ કરાયુ હોવાનું સામે આવ્યું હતું.

સોશિયલ મીડિયા મારફતે જાણવા મળ્યું હતું કે જુના મહાજન ચોક વિસ્તારમાં તેમજ મુનનગર ચોક, ચંદ્રેશનગર વિસ્તારમાં પાર્ક કરેલી અન્ય કારોના પણ સમાન રીતે કાચ તોડી નાખવામાં આવ્યા હતા. હ સીટી એ ડિવિઝન પોલીસે આરોપી અજાણ્યા ત્રણ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# મોરબી: નવયુગ સંકુલમાં નેશનલ સાયન્સ ડે નિમિતે વિદ્યાર્થીઓએ રજૂ કર્યા વૈજ્ઞાનિક મોડેલ્સ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**



મોરબીમાં નવયુગ સંકુલ વિરપર ખાતે નેશનલ સાયન્સ ડે નિમિત્તે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થીઓએ ઓર્ગેનિક ખેતીથી લઈને આધુનિક ટેક્નોલોજી સુધીના વિવિધ વિષયો પર વૈજ્ઞાનિક મોડેલ્સ રજૂ કરી પોતાની પ્રતિભા દર્શાવી હતી.

મોરબીના વિરપર સ્થિત નવયુગ સંકુલમાં નેશનલ સાયન્સ ડેની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. આ અવસરે વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ વૈજ્ઞાનિક કૃતિઓ અને પ્રોજેક્ટ્સનું પ્રદર્શન યોજાયું હતું. કાર્યક્રમ દરમિયાન ઓર્ગેનિક ખેતી, વાયુ પ્રદૂષણ, જળ પ્રદૂષણ, આરોગ્ય સંબંધિત મુદ્દાઓ તેમજ આધુનિક ટેકનોલોજી જેવા વિષયો પર આધારિત મોડેલ્સ રજૂ કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ પોતાના પ્રયોગો અને મોડેલ્સ દ્વારા વૈજ્ઞાનિક દષ્ટિકોણ અને સર્જનાત્મકતા પ્રગટ કરી હતી. પ્રિન્સિપાલ રાવલ સરના માર્ગદર્શન હેઠળ તથા તમામ વિજ્ઞાન વિષયના શિક્ષકોના સહકારથી કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો હતો. પ્રેરણાસ્રોત તરીકે પી.ડી. કાંજીયા સર, બળદેવ સર તેમજ વિવિધ વિભાગીય વડાઓ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને પ્રેરણા પુરી પાડી હતી. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વૈજ્ઞાનિક ચિંતનશક્તિ વિકસાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભર્યું હતું.

# માળીયા(મી)માં મોવર ટીંબા પાછળ દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ઝડપાઈ

## ૩૪૦૦ લીટર આથો અને ૧૦૦ લીટર દેશી દારૂ સહિત ૧.૦૫ લાખનો મુદ્દામાલ કબ્જે: બુટલેગર ફરાર

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી ક્રાઈમ બ્રાંચ દ્વારા પૂર્વ બાતમીને આધારે માળીયા(મી)માં મોવર ટીંબા પાછળ નદીના કાંઠે રેઈડ કરી ૩૪૦૦ લીટર દેશી દારૂ બનાવવા ઉપયોગમાં લેવાતો ઠંડો આથો તેમજ ૧૦૦ લીટર દેશી દારૂ સહિત રૂ.૧,૦૫,૦૦૦/-નો મુદ્દામાલ ઝડપી લેવામાં આવ્યો હતો. જ્યારે આરોપી બિલાલભાઈ દાઉદભાઈ ભટ્ટી રહે. મોરબી વીસીપરા વાળો રેઈડ દરમિયાન હાજર નહિ મળી આવતા તેને ફરાર દર્શાવી મોરબી ક્રાઈમ બ્રાંચ ટીમે આરોપી વિરુદ્ધ માળીયા(મી) પોલીસ મથકમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેરના જામસર ગામે વાડીમાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠી સાથે એક પકડાયો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

વાંકાનેર તાલુકાના જામસર ગામથી જામસર ચોકડી જવાના રસ્તે પ્રાથમિક શાળા પાસે આવેલ વાડીમાં આરોપી દશરથભાઈ ઉર્ફે સવજીભાઈ લાલજીભાઈ શીંહોરા રહે. રાતાવીરડા તા.વાંકાનેર વાળો દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ચકાવતો હોવાની મળેલ બાતમીને આધારે વાંકાનેર તાલુકા પોલીસે ઉપરોક્ત વાડીમાં રેઈડ કરી હતી. જ્યાં ૧૦૦ લીટર ગરમ આથો કિ.રૂ.૨,૫૦૦/-, ૩૦૦ લીટર ઠંડો આથો કિ.રૂ.૭,૫૦૦/-, ૧૫ લીટર ગરમ દેશી દારૂ કિ.રૂ.૩,૦૦૦/-તથા દેશી દારૂ બનાવવાની સાધન સામગ્રી સહિત કુલ રૂ.૧૩,૦૦૦/- ના મુદ્દામાલ સાથે આરોપી દશરથભાઈ શીંહોરા ઉવ.૩૦ વાળાની અટકાયત કરી તેની વિરુદ્ધ ગુનો નોંધી પોલીસે આગળની તપાસ ચલાવી છે.

# મોરબી નજીક અકસ્માતમાં રાજકોટના યુવાનનું મોત

## વાંકાનેર નજીક ફેકટરીમાં શ્રમિકનો આપઘાત

**અબતક, ઋષિ મહેતા, મોરબી**


મોરબી તાલુકા અને વાંકાનેર વિસ્તારમાં ગઈકાલ તા. ૨/ ૩ના રોજ ત્રણ અલગ-અલગ અપમૃત્યુના બનાવ નોંધાયા છે. આગળની કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટના મોટી વાવડી વિસ્તારમાં રહેતા પ્રિતકુમાર નંદલાલ ભાલોડીયા ઉવ.૨૭નું મોરબીના લક્ષ્મીનગર બાયપાસ ઓવરબ્રિજ પાસે વાહન અકસ્માતમાં ગંભીર ઈજા થતા ૧૦૮ દ્વારા સરકારી હોસ્પિટલ મોરબી ખાતે ખસેડાયા હતા, જ્યાં તેમને મૃત જાહેર કરાયા હતા.

વાંકાનેરના વધાસીયા ગામની સીમમાં આવેલી ટી.આર. રિફ્રેક્ટરીઝ ફેકટરીમાં કામ કરતા મુન્નાભાઈ રામચંદ્ર ભીલ ઉવ.૨૩ મૂળ રાજસ્થાનના રહેવાસીએ કોઈ કારણસર ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હોવાનું સામે આવ્યું છે.

# મોરબી: મહાપાલિકાની નાઈટ ડ્રાઈવમાં ઘર વિહોણા ૩૩ લોકોને આશ્રય ગૃહમાં સ્થળાંતર

**અબતક, ઋષિ મહેતા, મોરબી**



મોરબી મહાનગરપાલિકાની યુ.સી.ડી. શાખા દ્વારા રાત્રિ દરમિયાન નાઈટ-ડ્રાઈવ યોજી ફૂટપાથ પર રહેતા ઘરવિહોણા લોકોને કાઉન્સેલિંગ કરી આશ્રયગૃહનો લાભ લેવા પ્રેરિત કરવામાં આવ્યા હતા. આ અભિયાન દરમિયાન ૩૩ લોકોને પરિવાર સાથે આશ્રયગૃહ ખાતે પહોંચાડવામાં આવ્યા હતા.

શહેરના ઘરવિહોણા અને નિરાધાર લોકોને ઠંડીની ઋતુમાં આરોગ્ય પર પ્રતિકૂળ અસર ન થાય તે હેતુસર મોરબી મહાનગરપાલિકાની યુ.સી.ડી. શાખા દ્વારા તા.૨૮/૨ના રોજ રાત્રે વિશેષ નાઈટ-ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. કમિશ્નર અને નાયબ કમિશ્નરના માર્ગદર્શન હેઠળ શાખાના અધિકારીઓ તેમજ સંસ્થાના સ્ટાફ દ્વારા ફૂટપાથ અને જાહેર સ્થળોએ રહેતા લોકોની સ્થળ પર મુલાકાત લઈ તેમને આશ્રયગૃહમાં રહેવા માટે સમજાવટ અને કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું.

મોરબી ખાતે આવેલ મહારાણી નંદકુંવરબા આશ્રયગૃહમાં ઘરવિહોણા લોકોને નિઃશુલ્ક રહેવા, જમવા સહિતની પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ આશ્રયગૃહનું સંચાલન સિદ્ધી ખાદી ગ્રામ ઉદ્યોગ કેળવણી સંસ્થા દ્વારા કરવામાં આવે છે. ઉપરોક્ત નાઈટ-ડ્રાઈવ દરમિયાન કુલ ૩૩ ઘરવિહોણા લોકોને તેમના પરિવાર સાથે આશ્રયગૃહ ખાતે તબદીલ કરવામાં આવ્યા હતા. મોરબી મહાનગરપાલિકા દ્વારા વધુમાં વધુ જરૂરિયાતમંદ લોકોને આ સુવિધાનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# કંડલા મહાબંદર ખાતે અધતન પોર્ટ યુઝર્સ બિલ્ડીંગ બનાવવા ચેમ્બરની માંગ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

કંડલા બંદરના સતત વિકાસ અને સફળતામાં બંદર વપરાશકર્તાઓ અભિન્ન હિસ્સેદારો રહ્યા છે. પોર્ટ પ્રશાસન અને પોર્ટ વપરાશકર્તાઓ વચ્ચેના રોજ-બ-રોજના પોર્ટ ઓપરેશનના સરળ અને મજબૂત સંકલનના માધ્યમે કંડલા-ગાંધીધામ સંકુલને આયાત નિકાસના અગ્રણી વ્યાપાર કેન્દ્ર તરીકે અને દિનદયાળ પોર્ટને દેશના પ્રથમ નં. ના મહાબંદર તરીકે સ્થાન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે ત્યારે પોર્ટ વપરાશકર્તાઓને કંડલા ખાતે પોર્ટ વિસ્તારમાં એક આધુનિક સંપૂર્ણ સુવિધા યુક્ત પોર્ટ યુઝર્સ બિલ્ડીંગની સુવિધા પ્રદાન કરવા ગાંધીધામ ચેમ્બર પ્રમુખ તેજાભાઈ કાનગડે દિનદયાળ પોર્ટ ના ચેરમેન સુશીલ કુમાર સિંહને પત્ર દ્વારા ભારપૂર્વક રજુઆત કરેલ છે. ચેમ્બર પ્રમુખ તેજાભાઈ કાનગડે પત્રમાં જણાવ્યું છે કે, હાલમાં ઠંડલા બંદર ખાતે પોર્ટ ઓપરેશન્સના રોજીંદા સંકલન અને દેખરેખ માટે સ્ટીવડોર્સ, કસ્ટમ્સ ક્લીયરીગ સ્ટાફ, ટ્રાન્સપોર્ટ ઓપરેટરો, શિપિંગ લાઈન્સના કર્મચારીઓ અને અન્ય ઓપરેશનલ ટીમોને ડેડીકેટેડ ઓફીસ ન હોવાના કારણે નોંધપાત્ર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. જુની બંદર વપરાશકર્તાઓ માટેની ઈમારત હવે ઉપયોગની સ્થિતિમાં નથી, જેથી પોર્ટ વપરાશકર્તાઓને મર્યાદિત પરિસ્થિતિઓમાં કામ કરવાની ફરજ પડે છે, જેને પરિણામે સમયનું વ્યય અને કાર્યક્ષમતામાં ઘટાડો થાય છે. આ પરિસ્થિતિ ફક્ત પોર્ટ વપરાશકર્તાઓને જ નહિં, પરંતુ સમગ્ર રીતે પોર્ટ ઓપરેશનની એકંદર ઉત્પાદક્તાને વિપરિત અસર કરે છે, તેથી પોર્ટ ખાતે એક નવું સુવિધાપૂર્ણ પોર્ટ યુઝર્સ બિલ્ડીંગની સુવિધા પ્રદાન કરવા ભારપૂર્વક જણાવાયું છે.

# મુળી: ચાર વર્ષથી વોન્ટેડ બુટલેગર ઝડપાયો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમ દ્વારા અલગ અલગ ગુન્હામાં છેલ્લા ઘણા સમયથી નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા સ્પે. ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમે બાતમી તેમજ હ્યુમન અને ટેકનિકલ સોર્સની મદદથી મુળી પોલીસ મથકના પ્રોહીબિશનના ગુન્હામાં છેલ્લા ૦૪ વર્ષથી નાસતા ફરતા આરોપી અનકભાઈ બહાદુરભાઈ તકમરીયા, રહે. સાંગોઈ, તા.સાયલા વાળાને સાંગોઈ ખાતે થી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે તેમજ આરોપીને મુળી પોલીસ મથકે સોંપવામાં આવ્યો હતો.

# જૂનાગઢના જામકાના યુવાનનું શંકાસ્પદ મોત, હત્યાની આશંકા!

## અકસ્માતમાં શરીરમાં સળીયો ઘુસેલો મળી આવતા તબીબને મોત અંગે શંકા જતા પોલીસે ફોરેન્સિક પીએમ કરવા તજવીજ હાથ ધરી

**અબતક રાજકોટ**

જૂનાગઢના બકાલા માર્કેટ પાસે ગઈકાલે વહેલી સવારે વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. જેમાં જામકા ગામના ૨૦ વર્ષીય યુવકનું મોટરસાયકલ સ્લીપ થઈ જતાં ગંભીર ઈજાઓ પહોંચતા મોત નીપજ્યું છે. જોકે, યુવકના શરીરમાં સળિયા ઘૂસી ગયેલા હોવાથી આ બનાવ અકસ્માત છે કે હત્યા? તે અંગે ગાઢ રહસ્ય સર્જાતા પોલીસે મૃતદેહને ફોરેન્સિક પીએમ અર્થે ખસેડ્યો છે.પ્રાપ્ત વિગતો મુજબ, જૂનાગઢ જિલ્લાના જામકા ગામમાં રહેતા રસીદ હસમુખભાઈ સોલંકી (ઉં.વ. ૨૦) ગઈકાલે સવારે ચારેક વાગ્યે મોટરસાયકલ લઈને બકાલા માર્કેટ પાસે ગારવા ચોક પાસેથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન અચાનક મોટરસાયકલ સ્લીપ થઈ ગયું હતું. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક સારવાર અર્થે જૂનાગઢની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ચાલુ સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.હોસ્પિટલના તબીબોની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, મૃતક યુવકના શરીરના પાછળના ભાગે સળિયા ઘૂસેલા જોવા મળ્યા હતા. આ જોતા તબીબોએ આ ઘટના મર્ડર હોવાની આશંકા વ્યક્ત કરી છે. પોલીસના જણાવ્યા મુજબ, યુવક મોટરસાયકલ પરથી પછડાયો ત્યારે સળિયા લાગી ગયા હોઈ શકે અથવા અન્ય કોઈ કારણ હોઈ શકે. હાલ મોતનું સાચું કારણ જાણવા માટે મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવવાની તજવીજ હાથ ધરાઈ છે.મૃતક રસીદભાઈ છૂટક મજૂરી કામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. પરિવારમાં તેઓ એક ભાઈ અને બે બહેનોમાં સૌથી નાના હતા. તેમના માતા હયાત નથી અને પિતા માનસિક રીતે અસ્વસ્થ છે. બનાવથી સોલંકી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. હાલ જૂનાગઢ પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ફોરેન્સિક રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું સાચું કારણ બહાર આવશે.

# મોરબી: એસ્ટેટ બ્રોકરની હત્યા મામલે કડક કાર્યવાહી કરવા મિયાણા મુસ્લિમ સમાજે આવેદનપત્ર પાઠવ્યું

**અબતક, ઋષિ મહેતા, મોરબી**



મોરબીમાં તાજમહમદભાઈ કરીમભાઈ ભટ્ટીની નિર્મમ હત્યાના બનાવ બાદ મિયાણા મુસ્લિમ સમાજની વિવિધ સંસ્થાઓએ કલેક્ટર અને પોલીસવડાને આવેદન પાઠવી આરોપીઓ સામે કડક કાર્યવાહી તેમજ જાહેરમાં સરઘસ કાઢવાની માંગ કરી છે.

મોરબીમાં જમીન દલાલ તાજમહમદભાઈ કરીમભાઈ ભટ્ટીની હત્યા પ્રકરણને લઈને શહેરમાં રોષ વ્યાપ્યો છે. તાજેતરમાં તેમની હત્યા કરી લાશ સળગાવી જમીનમાં દાટી ઉપર સિમેન્ટ-કોન્ક્રીટનું ધાબું ભરી દેવાના ગંભીર આરોપો સામે આવ્યા હતા. આ કેસમાં પોલીસે પાંચ આરોપીઓને ઝડપી લીધા છે, જ્યારે બે આરોપીઓ હજુ સુધી પકડાયા નથી. આ ઘટનાને લઈ સુન્ની મુસ્લીમ કસબા જમાત-મોરબી સહિત મિયાણા મુસ્લિમ સમાજની વિવિધ સંસ્થાઓ દ્વારા મોરબી જીલ્લા કલેક્ટર કચેરી અને મોરબી જીલ્લા પોલીસને આવેદન પાઠવવામાં આવ્યું હતું. આવેદનમાં જણાવાયું છે કે ક્રૂર હત્યાના આરોપીઓનું જાહેરમાં સરઘસ કાઢવામાં આવે જેથી ગુનાહિત પ્રવૃત્તિઓ પર અંકુશ આવી શકે અને ભવિષ્યમાં આવા કૃત્યો કરતા પહેલા આરોપીઓ હજાર વખત વિચારે. સાથે જ આરોપીઓને કડકમાં કડક સજા થાય

# વિસાવદર: આર્ય સમાજ મંદિરે રવિવારે મહિલાઓ માટેકેન્સરના નિદાન કેમ્પ યોજાશે



**અબતક, ગિજુભાઈ વિકમા, વિસાવદર**

વિસાવદર પંથકમાં જનઆરોગ્યના જતન માટે સેવારત આર્યસમાજની ૩૦ વર્ષની સેવા સફર સમગ્ર પંથક માટે આશિર્વાદ રૂપ બની છે.

આયુષ હોસ્પિટલના ડોક્ટર ચિંતન ટીલાળાની આગેવાનીમાં યોજાયેલ સર્વરોગ નિદાન કેમ્પમાં ૨૩૫ દર્દીઓની સારવાર આપવામાં આવી હતી.

હવે આગામી ૮ માર્ચ રવિવારે આર્ય સમાજ મંદિર સતાધાર ખાતે સવારે ૮ થી ૫ સુધી યોજાનાર કેમ્પમાં નામ નોંધાવવા ૯૪૨૬૪ ૨૩૪૬૫ નો સંપર્ક કરવા હાર્દિક વિઠલાણી દ્વારા અનુરોધ કરાયો છે.

# ઉપલેટામાં ભુગર્ભ ગટરના કામમાં ગેરરીતિ મુદે ચેમ્બર ઓફ કોમર્સની બંધની ચીમકી

## નબળી ગુણવત્તાના મટીરિયલ અને ટેકનિકલ બેદરકારી સામે નગરપાલિકાને પાઠવ્યું આવેદન ૫ દિવસમાં સુધારો નહીં થાય તો કોર્ટમાં ફરિયાદ કરાશે

**અબતક કિરીટ રાણપરીયા ઉપલેટા**



જી.યુ.ડી.સી. ગાંધીનગર દ્વારા ઉપલેટા શહેરમાં ચાલી રહેલી ભૂર્ગભ ગટર અને નલ સે જલ યોજનાની કામગીરીમાં વ્યાપક ભ્રષ્ટાચાર અને ટેકનિકલ ખામીઓ હોવાના ગંભીર આક્ષેપ સાથે ઉપલેટા ચેમ્બર્સ ઓફ કોમર્સ દ્વારા નગરપાલિકા તંત્રને જડબાતોડ આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. ચેમ્બરે ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી ૫ દિવસમાં આ કામગીરીના ધોરણોમાં સુધારો કરવામાં નહીં આવે, તો સમગ્ર ઉપલેટા બંધનું એલાન આપવામાં આવશે.

આવેદનપત્રમાં જણાવાયું છે કે, ગટર યોજનામાં વપરાતા પાઈપ અને મટીરિયલની ગુણવત્તા અત્યંત નબળી છે. ખાસ કરીને ૩૦ થી ૩૫ વર્ષ જૂના અને હાલ જેનું ઉત્પાદન પણ બંધ થઈ ગયું છે તેવા સ્ટોનવેર પાઈપ (સેરામિક પાઈપ) નાખવામાં આવી રહ્યા છે, જે ભવિષ્યમાં રિપેર થઈ શકે તેમ નથી. ચેમ્બરે આ પાઈપ તાત્કાલિક બંધ કરી આધુનિક પી.વી.સી. પાઈપ વાપરવા માંગ કરી છે. આ ઉપરાંત ચેમ્બર બનાવવામાં પણ નિયમોનું પાલન થતું નથી અને પ્લાસ્ટર કે આર.સી.સી.ની કામગીરી સ્પેશિફિકેશન મુજબ થતી નથી.

નગરપાલિકાની નિષ્ક્રિયતા પર પ્રહાર કરતા ચેમ્બરે જણાવ્યું હતું કે, પાલિકા પાસે આ કામની દેખરેખ રાખવા માટે કોઈ ટેકનિકલ નિષ્ણાત કે એન્જિનિયર નથી. એજન્સી દ્વારા રસ્તાઓ પર માટીના ઢગલા કરી દેવામાં આવે છે, જેના કારણે ટ્રાફિક જામ થાય છે અને ધૂળની ડમરીઓથી લોકોમાં ટી.બી. અને શ્વાસના રોગો ફેલાવવાનું જોખમ વધ્યું છે. રસ્તા પર કામ ચાલુ છે તેવા સાઈન બોર્ડ પણ મુકવામાં આવતા નથી, જે એજન્સીની ગંભીર બેદરકારી સૂચવે છે.ચેમ્બર્સ ઓફ કોમર્સે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે નગરપાલિકાના અધિકારીઓ જવાબદારીમાંથી છટકવા માટે એજન્સીના મોબાઈલ નંબર આપી દે છે, જે અસ્વીકાર્ય છે. જો નિર્ધારિત સમયમાં ઈઈંઊઊધ ની ગાઈડલાઈન મુજબ યોગ્ય કામગીરી શરૂ નહીં થાય, તો ઉપલેટા બંધ રાખવા ઉપરાંત જવાબદાર અધિકારીઓ સામે કોર્ટમાં નામજોગ ફરિયાદ કરવામાં આવશે. આ મામલે મામલતદારને પણ યોગ્ય કાર્યવાહી કરવા અનુરોધ કરાયો છે.

# આવાસ યોજનામાં ૧૦૦% વ્યાજ માફી: ધારાસભ્ય ડો. મહેન્દ્ર પાડલીયાએ સરકારનો માન્યો આભાર

**અબતક કિરીટ રાણપરીયા ઉપલેટા:**



ગુજરાત સરકાર દ્વારા ગ્રામીણ આવાસ યોજનાના લાભાર્થીઓ માટે ૧૦૦% દંડનીય વ્યાજ માફીના ઐતિહાસિક નિર્ણયને ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયાએ વધાવ્યો છે. આ સંવેદનશીલ નિર્ણય બદલ તેમણે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને મંત્રી ઋષિકેશભાઈ પટેલનો આભાર વ્યક્ત કર્યો છે.

ધારાસભ્યએ જણાવ્યું હતું કે, આ 'વન ટાઈમ સેટલમેન્ટ' યોજનાથી ઉપલેટા તાલુકાના ૧૩ લાભાર્થીઓને અંદાજે રૂ ૨૩ લાખની વ્યાજ માફીનો સીધો ફાયદો થશે. આર્થિક ભીંસને કારણે હપ્તા ન ભરી શકતા ગરીબ પરિવારો હવે માત્ર મૂળ રકમ ભરીને મકાનના માલિકી હક્ક (દસ્તાવેજ) મેળવી શકશે. આ યોજના માત્ર ૯ મહિના માટે જ અમલમાં હોવાથી, ધારાસભ્યશ્રીએ તમામ પાત્રતા ધરાવતા લાભાર્થીઓને વહેલી તકે આ તકનો લાભ લેવા અને દેવામુક્ત બનવા અપીલ કરી છે.

### રાજકોટમાં હોલિકા દહને જ શાંતિ ડહોળવાનો પ્રયાસ

# ભગવતીપરામાં હોળી પ્રગટાવતી વેળાએ વિધર્મીઓના ટોળાની બબાલ : ત્રણની અટકાયત

## બાઈક અન્ય રસ્તેથી લઈ લેવાનું કહેતા જ બેલડી ઉશ્કેરાઈ, સાગરીતો સાથે ધસી આવી માથાકુટ કરી

**અબતક, રાજકોટ**

રાજકોટના ભગવતીપરામાં હોલિકા દહન દરમિયાન જ વિધર્મીઓના ટોળાંએ બબાલ મચાવી શાંતિ ડહોળવાનો પ્રયાસ કર્યો હતો. બાઈક લઈને નીકળવા મામલે બેલડીએ સાગરીતોને બોલાવી માથાકૂટ કરતા સ્થિતિ તંગ બની હતી. જો કે, પોલિસના ધાડેધાડા ઉતરી પડતા મોટી ઘટના ટળી હતી. હાલ પોલિસેં માથાકૂટ કરનાર ત્રણ શખ્સોની અટકાયત કરી છે.





હોલિકા દહન સમયે લોકોમાં જ્યારે અનેરો ઉત્સાહ વર્તાઈ રહ્યો હતો ત્યાર જ ભગવતીપરામાં વિધર્મીઓના ટોળાંએ શાંતિ ડહોળવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. હોળી પ્રગટાવતી વેળાએ ત્યાથી બાઈક લઈને અમુક શખ્સો નીકળ્યા હતા. વિસ્તારમાં લોકોની ભીડ વધુ હોવાના કારણે આ બાઈક ચાલકોને અહીંથી ન નીકળવાનું કહેતા બંને જૂથો વચ્ચે બોલાચાલી થઈ હતી. બોલાચાલી વધુ ઉગ્ર બનતા થોડીવારમાં બે જૂથો સામસામે આવી જતા વાતવરણ તંગ બની ગયું હતું. આ મામલે લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતાં.

બંને જૂથ વચ્ચે સશસ્ત્ર અથડામણ થાય તે પહેલા બનાવની જાણ થતા ડીસીપી જગદીશ બાંગરવા, ડીસીપી હેતલ પટેલ, બી ડિવિઝન પોલીસ મથકના પીઆઈ એસ.એસ. રાણે, ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી, એસઓજી સહિતના અધિકારીઓ-કર્મચારીઓ તુરત જ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને ત્રણ શખ્સોને ડીટેઈન કરી મામલો થાળે પાડી ટોળાને વિખેર્યું હતું. આ વિસ્તારમાં કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

જયારે આ પ્રકારનો બનાવ બન્યો છે ત્યારે એક સવાલ સહજ ઉદભવે છે. ઈદ-મોહરમ સહિતના તહેવારોમાં રસ્તાઓ બંધ કરવામાં આવે છે, ડાયવર્ઝન જાહેર કરવામાં આવે છે ત્યારે તે બાબતનો કોઈ વિરોધ કરવામાં આવતો નથી, સાથોસાથ સનાતનીઓ સહયોગ આપી કોમી એકતાનું ઉદાહરણ પુરૂ પાડતા હોય છે પણ જયારે હિંદુઓના તહેવારમાં ફક્ત એકાદ કલાક માટે રસ્તો બંધ કરવામાં આવ્યો હોય ત્યારે જ ટીખળખોરો દ્વારા આ પ્રકારે માથાકૂટ કરી શાંતિ ડહોળવાનો પ્રયાસ કરાતા તોફાની તત્વોના કૃત્યથી હિન્દૂ અને મુસ્લિમ એમ બંને સમાજના લોકોમાં રોષની લાગણી વ્યાપી છે.

### બાઈક પસાર થવા મામલે માથાકૂટ, અટકાયતી પગલાં લેવાયા, હાલ શાંતિપૂર્ણ માહોલ

બનાવ અંગે ડીસીપી હેતલ પટેલે અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ગત રાત્રીના ભગવતીપરા વિસ્તારમાં હોલિકા દહન થઈ રહ્યું હતું તે દરમિયાન એક જૂથના લોકો ત્યાંથી નીકળ્યાં હતા. ત્યારે અન્ય જૂથના યુવાનોએ તેમને ભીડ વધુ હોય અન્ય સ્થળેથી પસાર થઈ જવાનું કહેતા બોલાચાલી થઈ હતી. જે બાદ અમુક દ્વારા ઉગ્ર બોલાચાલી કરવામાં આવી હતી. દરમિયાન પોલિસેં ઘટનાસ્થળે દોડી જઈ ત્રણ શખ્સોની અટકાયત કરી હતી. હાલ શાંતિપૂર્ણ માહોલ છે.

**બનાવની ગંભીરતાને પગલે પોલિસના ધાડેધાડા ઉતર્યા : ડીસીપી જગદીશ બંગરવા, હેતલ પટેલ સહિતના અધિકારીઓ દોડી ગયા, ટોળાને તાત્કાલિક વિખેરી પોલિસે પરિસ્થિતિ પર કાબુ મેળવ્યો**

# ગોંડલના ગોમટા નજીક કોરોવા ફેક્ટરીમાંથી ૧૫૮ કિલો શંકાસ્પદ ઘી ઝડપાયું

## રાજકોટ ગ્રામ્ય એસઓજી ટીમનો દરોડોઃ ૧૫૦ લીટર શંકાસ્પદ લુઝ ઘી તથા ૧૦૮ લિટર પ્રસંગ દેશી ગાયનું ઘી મળી ૧.૫૯ લાખનો જથ્થો સીલઃ રિપોર્ટ બાદ કાર્યવાહી કરાશે

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

રાજકોટ ગ્રામ્ય એસઓજીની ટીમે ગોંડલમાં ગોમટા ચોકડી પાસે આવેલ કોરોવા મિલ્ક પ્રોડક્ટ નામની ફેક્ટરીમાં દરોડો પાડ્યો હતો. પોલીસે દરોડા દરમિયાન અહીંથી ૧૫૦ લીટર શંકાસ્પદ લુઝ ઘી તથા ૧૦૮ લિટર પ્રસંગ દેશી ગાયનું ઘી મળી ૧.૫૯ લાખનો જથ્થો સીલ કરી તેનું સેમ્પલ રિપોર્ટ માટે મોકલ્યો હતું. આ ઉપરાંત પોલીસે અહીંથી પનીર અને દૂધના નમૂના પણ રિપોર્ટ માટે મોકલ્યા છે. ઘીમાં ભેળસેળ કરવામાં આવતી હોવાની શંકાના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી.



રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જર દ્વારા જિલ્લાના લોકોના આરોગ્યને ધ્યાને લઈ ખાદ્ય પદાર્થમાં ભેળસેળ કરી લોકોના આરોગ્ય સાથે ચેડા કરતાં તત્વો સામે સખત કાર્યવાહી કરવા માટે સૂચના આપવામાં આવી હોય જે સૂચનાના અનુસંધાને એસઓજી પીઆઈ એફ.એ. પારગીના માર્ગદર્શન હેઠળ ટીમ તપાસમાં હતી.

દરમિયાન પીએસઆઇ પી.બી. મિશ્રા તથા તેમની ટીમના એએસઆઇ વિપુલભાઈ ગુજરાતી, હેડ કોન્સ્ટેબલ ક્રિપાલસિંહ જાડેજાને મળેલી બાતમીના આધારે એસોજીની ટીમ તથા ફૂડ એન્ડ ડ્રગ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશનના સિનિયર ફૂડ સેફટી અધિકારી એસ.પી. સોલંકીની સાથે રાખી નેશનલ હાઈવે ગોમટા ચોકડી ગોંડલ ખાતે આવેલી કોરોવા મિલ્ક પ્રોડક્ટ લિમિટેડ કંપનીમાં દરોડો પાડ્યો હતો.

દરોડા દરમિયાન અહીં ફેક્ટરીના સંચાલક મુકેશભાઈ જનકભાઈ હાજર હોય તેની હાજરીમાં પોલીસે અહીંથી ૧૫૦ લીટર શંકાસ્પદ છૂટું (લુઝ) ઘી કિં. રૂ. ૯૩૦૦૦ તથા ૧૦૮ લિટર પ્રસંગ દેશી ગાયનું ઘી કિં.રૂ.૬૬,૯૬૨ મળી કુલ રૂપિયા ૧,૫૯,૯૬૨ નો જથ્થો સીલ કર્યો હતો. આ શંકાસ્પદ ઘીના સેમ્પલ પૃથક્કરણ માટે મોકલી દેવામાં આવ્યા હતા. જેનો રિપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, અહીં કોરેવા મિલ પ્રોડક્ટ લિમિટેડમાં દૂધ સંબંધિત ખાદ્ય પ્રોડક્ટનું ઉત્પાદન કરી વેચાણ કરવામાં આવતું હતું. પરંતુ આ પ્રોડકટ શંકાસ્પદ હોવાની માહિતીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. હાલના તબક્કે માત્ર ઘી સીલ કરવામાં આવ્યું છે.

જ્યારે આ ઉપરાંત અહીંથી દૂધ અને પનીરના નમૂના પણ સેમ્પલિંગ માટે મોકલવામાં આવ્યા છે.

આ કામગીરીમાં એસઓજીના પીઆઇ એફ.એ.પારગી, પીએસઆઇ પી.બી. મિશ્રા તથા એએસઆઇ વિપુલભાઈ ગુજરાતી, રૂપકભાઈ બહાદુર, હેડ કોન્સ્ટેબલ ક્રિપાલસિંહ જાડેજા, નૈમીષભાઈ મહેતા સાથે રહ્યા હતા.

### રાજસ્થાન, મહારાષ્ટ્ર અને કાશ્મીર સુધી વેંપલો કરતા'તા

દરોડા અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ગોમટા ચોકડી પાસે આવેલી કોરોવા મિલ્ક પ્રોડક્ટની ખાદ્ય પ્રોડક્ટોનું માત્ર સૌરાષ્ટ્ર કે ગુજરાતમાં જ નહીં પરંતુ દેશના અન્ય રાજ્યોમાં પણ સપ્લાય થતી હતી. મહારાષ્ટ્ર રાજસ્થાન અને જમ્મુ કાશ્મીર સહિતના રાજ્યોમાં અહીંથી પ્રોડક્ટ સપ્લાય કરવામાં આવતી હોવાનું જાણવા મળ્યું છે.

# બેટરી ચોરી કરતી રાજકોટની ટોળકી મેટોડાથી ઝડપાઈ : ૧૨૦ બેટરી કબ્જે

## મેટોડા જીઆઈડીસીમાં ટ્રાન્સપોર્ટની ઓફિસ પાસેથી વાહનમાંથી થયેલી બેટરી ચોરીનો ભેદ ઉકેલવાં જતાં મોટા ખુલાસા થયાં : ચાર શખસોની ધરપકડ

**અબતક, રાજકોટ**

મેટોડા જીઆડીસીમાં વાહનમાંથી થયેલી ચાર બેટરીની ચોરીનો ભેદ મેટોડા પોલીસે ગણતરીના દિવસોમાં ઉકેલી નાખ્યો છે. પોલીસે રાજકોટમાં રહેતા ચાર શખસોને ઝડપી લીધા હતાં. તેની પાસેથી ૧૨૦ બેટરી મળી આવી હતી. પોલીસે હાલ આ બેટરીઓ શક પડતી મિલકત તરીકે કબજે કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી.



ગઈ તા.૨૭/૦૨/૨૦૨૬ ના રાત્રીના અજાણ્યા બે શખસોએ ફરીયાદી ધ્રુવવભાઈ સુરેશભાઈ મીયાત્રા(રહે.અનંતા કૈફે કાંદમ્બરી સોસાયટી શેરી નં.૧ રાજકોટ) ની મેટોડા જી.આઈ.ડી.સી. ગેઈટ નં.૩ ની સામે મણીદ્વીપ મંદિરની બાજુમાં ગોકુલ ટ્રાન્સપોર્ટની ઓફિસની આગળના ભાગે પડેલ ટાટા ટીપર ગાડી નં.જીજે -૦૩-બીવી-૫૧૨૮ માંથી ૧૫૦ પાવરની બે બેટરી તથા તેમના પાડોશી આશિષભાઈ ફુગશીયાની આઈસર ટ્રાન્જીસમીક્ષર(ટી.એમ) ગાડી નં.જીજે-૦૩-એચઈ-૪૮૮૪ માંથી ૧૫૦ પાવરની બે બેટરી મળી કુલ- ૪ બેટરી કિ.રૂ.૨૦,૦૦૦ ના મુદામાલની ચોરી થઈ હતી. જે અંગે મેટોડા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં ફરિયાદ તા. ૨૮/૨/૨૦૨૬ ના રોજ નોંધવવામાં આવી હતી.

બનાવની ગંભીરતાને ધ્યાને લઈ ગોંડલ ડીવાયએસપી કે.જી.ઝાલાના માર્ગદર્શન હેઠળ મેટોડા જી.આઈ.ડી.સીના પીઆઇ એસ.એચ.શર્માની રાહબરીમાં અલગ અલગ ટીમો બનાવી નેત્રમ સીસીટીવી કંટ્રોલ રૂમની મદદ લઈ હ્યુમન સોર્સીસ તેમજ ટેકનીકલ સોર્સીસ આધારે કિશન ભરતભાઈ વસાણી (ઉ.વ.૨૫ રહે.હુડકો ચોકડી વિનોદનગર મેઈન રોડ આર.એમ.સી કવાટેર સામે રાજકોટ, મુળ જુનાગઢ), પ્રશાંત નિતીનભાઈ માંડલીયા(ઉ.વ.૨૩ રહે.કોઠારીયા મેઈન રોડ પટેલ પાકે પ્લોટ નં.૫૯ સોમનાથ સોસાયટી રાજકોટ), સચિન સંજયભાઈ કથીરીયા(ઉ.વ.૨૫ રહે.ગ્રીનલેન્ડ ચોકડી મોરબી રોડ ગાયત્રી સોસાયટી શેરી નં.૨ રાજકોટ મુળ ગામ.સણોસરા તા.જી.રાજકોટ),મકસુદ અબ્દુલભાઈ બાકરોલીયા(ઉ.વ.૩૩રહે.કોઠારીયા સોલ્વટ મોહમ્મદીબાદ શેરી નં.૨ રાજકોટ) ને ઝડપી લઈ ચોરીના આ બનાવનો ભેદ ઉકેલી નાખ્યો હતો.

પોલીસે આરોપીઓ પાસેથી ચોરીમાં ગયેલ બેટરી નંગ૪ બેટરી કિ.રૂ.૨૦ હજાર તથા અન્ય જુદી જુદી બેટરીઓ મળી કુલ ૧૨૦ બેટરી કિ.રૂ.૨૬,૪૦૦ ની શક પડતી મિલ્કત ગણી કબ્જે કરવામાં આવી છે. આરોપીઓએ અન્ય કયાં સ્થળે બેટરીની ચોરી કરી તે અંગે પોલીસ તપાસ ચલાવી રહી છે.આ કામગીરીમાં મેટોડા જી.આઈ.ડી.સી પીઆઇ એસ.એચ.શર્મા,હેડ.કોન્સ. યોગીરાજસિંહ જાડેજા,કોન્સ. રાજદીપસિંહ ગોહિલ, રવુભાઈ ગીડા, શકિતસિંહ જાડેજા, તથા કમાન્ડ એન્ડ કંટ્રોલ રાજકોટ ગ્રામ્યના હેડ કોન્સ. અક્ષયરાજસિંહ જાડેજા સાથે રહ્યા હતાં.

# ગાંધીધામની ખન્ના માર્કેટમાં ૫.૫૭ લાખનો વેરો બાકી હોવાથી ગોડાઉન સીલ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ મ્યુનિસિપલ કમિશનર મનિષ ગુરવાનીની સૂચનાથી ટેકસ વિભાગે મોટા બાકીદારો સામે કાર્યવાહી હાથ ધરી છે. ખન્ના માર્કેટમાં આવેલ પ્લોટ નં. ૬૦ના ગોડાઉન દ્વારા રૂફ ૫,૫૭,૮૪૩/- નો વેરો લાંબા સમયથી બાકી હોવા છતાં ન ભરાતા મિલકત સીલ કરવામાં આવી છે. આ કાર્યવાહી દરમિયાન અન્ય બાકીદારોએ ફફડાટમાં આવી સ્થળ પર જ રૂ. ૩,૨૦,૦૦૦/- ના ચેક આપી વેરાની ચુકવણી કરી હતી.મનપાએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે આગામી દિવસોમાં બંધ મિલકતો અને મોટા બાકીદારોની મિલકતો જપ્ત કે ટાંચમાં લેવાની કડક કાર્યવાહી ચાલુ રહેશે.



# બંધાણીઓ સાવધાન... ગોંડલથી ડુપ્લીકેટ તમાકુ, બીડી, ગુટખાનું ગોડાઉન ઝડપાયું

## રાજકોટ રૂરલ એસઓજી ટીમનો ગુંદાળા રોડ પર દરોડો : રૂ. ૧.૮૭ લાખના મુદ્દામાલ સાથે અશરફ સંજાતની ધરપકડ, ગોંડલના સપ્લાયરની શોધખોળ

**અબતક, રાજકોટ**

તમાકુના બંધાણીઓ માટે ચેતવા સમાન બનાવ સામે આવ્યો છે. રાજકોટ ગ્રામ્ય એસઓજીની ટીમે ગોંડલના ગુંદાળા રોડ પર આવેલા વિશ્વાસ નામના ગોડાઉનમાં દરોડો પાડી અહીંથી ડુપ્લીકેટ તંબાકુ,ગુટખા અને બીડી સહિત રૂ.૧.૮૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ અંગ કોપી રાઈટ એકટની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે. પોલીસે ડુપ્લીકેટ તંબાકુ અને બીડીના આ જથ્થા સાથે એક ગોડાઉન માલિકને ઝડપી લીધો હતો જયારે તેને આ ડુપ્લીકેટ માલ સપ્પાલ કરનાર ગોંડલના શખસની શોધખોળ હાથ ધરી છે.



રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ તથા પોલીસ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં ડુપ્લીકેટ વસ્તુઓના પ્રોડકશન તથા વેચાણ સંબધી ગુનાહિત પ્રવૃતીઓ પર સઘન કાયદેસર કાર્યવાહી કરવા સુચના આપવામાં આવી હોય, જે અનુસંધાને એસ.ઓ.જી પીઆઇ એફ.એ.પારગીના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ જી.જે.ઝાલા તથા પી.બી.મિશ્રા અને ટીમ પેટ્રોલીંગમા હતી. દરમિયાન કોન્સ. વિપુલભાઈ ગોહેલ અને રણજીતભાઈ ધાધલને મળેલી હકીકત આધારે ગોંડલ ગુંદાળા રોડ ઉપર આવેલ વિશ્વાસ નામના ગોડાઉનમાં દરોડો પાડયો હતો.

પોલીસે અહીંથી ડુપ્લીકેટ તંબાકુ જેમાં બાગબાન તંબાકુના કુલ બોકસ ૨૯ કી.રૂ ૯૪,૨૫૦,સુરેશ તંબાકુના બોક્સ-૨૩ કી.રૂ ૪,૧૪૦, સાબળે બીડીના બોક્સ ૧૨૩, કિ.રૂ-૫૫,૭૧૯,ચારભાઈ બીડી બોકસ ૨૮ કિ.રૂ-૧૩,૧૬૦ અને આર.એમ.ડી- પાન મસાલા બોકસ - ૩૪ કિ.રૂ૨૦,૪૦૦ સહિત રૂ.૧,૮૭,૬૬૯ નો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે નકલી પાન-બીડી અને ગુટખાના આ જથ્થા સાથે ગોડાઉન માલિક અશરફ મહંમદભાઈ સંજાત (ઉ.વ.૪૫ ધંધો.વેપાર રહે.નીલમપાર્ક તાજ ટાવર ૪ માળે રૂમ નં-૪૦૧ તા-ગોડલ) ને ઝડપી લીધો હતો. જયારે તેની પુછતાછમાં તે મનોજભાઈ ગીરધરભાઈ (રહે. ગોંડલ) પાસેથી ડુપ્લીકેટ તંબાકુ, બીડી અને ગુટખા સસ્તાભાવે ખરીદી ગ્રાહકોને વેચતા હોવાની કબુલાત આપી હતી. હાલ પોલીસે બંને આરોપીઓ સામે કોપી રાઈટ એકટની સહીતની કલમ હેઠળ ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

આ કામગરીમાં એઓસજીના પીઆઇ એફ.એ.પારગી,પીએસઆઇ જી.જે.ઝાલા, પી.બી.મિશ્રા,એ.એસ.આઇ વિપુલભાઇ ગુજરાતી,રૂપકભાઈ બોહરા,હેડ કોન્સ. ક્રિપાલસીંહ જાડેજા, કોન્સ. વિજયગીરી ગોસ્વામી, વિપુલભાઇ ગોહેલ,રણજીતભાઈ ધાધલ,પૃથ્વિરાજસિંહ ડોડીયા સાથે રહ્યા હતાં.

સોળમી પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલી
ગૌ.સ્વ.સોની મથુરભાઈ ભનુભાઈ ઝીંઝુવાડીયા
સ્વ.તા.૪-૩-૨૦૧૦ (બાબરાવાળા)



એક મહાન યુગનો અંત થયો છે,
પરંતુ તેમના વિચારો અને મુલ્યો સદાય અવિનાશી રહેશે.
તેમનું જીવન અમારે માટે પ્રેરણાસ્તોત્ર બની રહેશે.
RADHIKA
CRAFTING ETERNAL ELEGANCE
અશોકભાઈ મથુરભાઈ ઝીંઝુવાડીયા
હરેશભાઈ મથુરભાઈ ઝીંઝુવાડીયા
SARJAN

# અણુમથકમાં જરૂરી યુરેનિયમ હવે કેનેડા ભારતને આપશે: ૨.૫ બીલીયન ડોલરનો સોદો

## ૨૦૨૭થી ૨૦૩૫ સુધી કેનેડા ભારતને ૨૨ મિલિયન પાઉન્ડ યુરેનિયમ પૂરો પાડશે

**અબતક, નવી દિલ્હી**

ભારત અને કેનેડા વચ્ચેના સંબંધોમાં છેલ્લા ૧૦ મહિનામાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે, જે હવે એક ઐતિહાસિક ભાગીદારીમાં પરિણમ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની વચ્ચે સોમવારે ૨.૬ બીલીયન ડોલરની મેગા યુરેનિયમ ડીલ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ કરાર હેઠળ કેનેડા ૨૦૨૭ થી ૨૦૩૫ સુધીના સમયગાળા દરમિયાન ભારતને ૨૨ મિલિયન પાઉન્ડ યુરેનિયમ સપ્લાય કરશે.

આ મુલાકાત દરમિયાન બંને નેતાઓએ કોમ્પ્રિહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશિપ એગ્રીમેન્ટને આ વર્ષના અંત સુધીમાં આખરી ઓપ આપવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે. આ સાથે જ ક્રિટિકલ મિનરલ્સ, નવી વ્યૂહાત્મક ઉર્જા ભાગીદારી અને સંરક્ષણ સંવાદ પર પણ મહત્વની સમજૂતીઓ થઈ છે.

અત્રે નોંધનીય છે કે, ભૂતકાળમાં અમુક કારણોસર બંને દેશો વચ્ચેના રાજદ્વારી સંબંધોમાં તણાવ જોવા મળ્યો હતો. પરંતુ કેનેડામાં માર્ક કાર્નીની નવી સરકાર આવ્યા બાદ બંને દેશોએ જૂના મતભેદો ભુલાવીને નવેસરથી સંબંધો મજબૂત કરવાની દિશામાં ઝડપી પગલાં લીધા છે. આ કરાર એ વાતનું પ્રમાણ છે કે ભારત અને કેનેડા બંને એકબીજાના આર્થિક અને ભૌગોલિક મહત્વને ખૂબ સારી રીતે સમજે છે અને લાંબા ગાળાની મિત્રતા ઈચ્છે છે.

આ યુરેનિયમ ડીલ ભારત માટે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે. તે ભારતની વધતી જતી ઊર્જા જરૂરિયાતોને પહોંચી વળવા અને ક્લીન એનર્જી ક્ષેત્રે 'નેટ-ઝીરો' ઉત્સર્જનનો લક્ષ્યાંક હાંસલ કરવામાં મોટી મદદ કરશે. આ વિશાળ જથ્થો ભારતના ન્યુક્લિયર રિએક્ટર્સને લાંબા સમય સુધી ઈંધણ પૂરું પાડશે. આ ઉપરાંત, બંને દેશો વચ્ચે વિઝા પ્રક્રિયા સરળ બનાવવા, શિક્ષણ, ટેકનોલોજી અને ગ્રીન એનર્જી જેવા ક્ષેત્રોમાં પણ સહયોગ વધારવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે આ સંબંધો બંને દેશોના લોકતાંત્રિક મૂલ્યો અને વિવિધતામાં અતૂટ વિશ્વાસ પર આધારિત છે. આ કરારથી બંને દેશોમાં રોકાણ અને રોજગારીની નવી તકો ઉભી થશે. ભારતનું લક્ષ્ય ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષીય વેપારને ૫૦ બીલીયન ડોલર સુધી લઈ જવાનું છે, જ્યારે કેનેડાએ આગામી પાંચ વર્ષમાં સીઈપીએ થકી વેપાર ૭૦ બીલીયન ડોલર સુધી પહોંચવાની અપેક્ષા વ્યક્ત કરી છે.

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ આ કરારને માત્ર સંબંધોનું નવીનીકરણ જ નહીં, પરંતુ ભાગીદારીનું મોટું વિસ્તરણ ગણાવ્યું હતું. બંને દેશોએ આતંકવાદ, ઉગ્રવાદ અને કટ્ટરપંથને માત્ર બે દેશો માટે જ નહીં, પરંતુ સમગ્ર માનવતા માટે ગંભીર પડકાર ગણાવીને તેની સામે એક થઈને લડવા સહમતિ પણ દર્શાવી છે.

# અમરેલીના નવા ખીજડીયા ગામે બીમારીથી કંટાળી પ્રૌઢનો આપઘાત

## ઝેરી ટીકડા ગળી લેતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન દમ તોડ્યો

**અબતક, રાજકોટ**

અમરેલી જિલ્લાના નવા ખીજડીયા ગામે પ્રૌઢે માનસિક બીમારીથી કંટાળી જઈ અનાજમાં નાખવાના ટીકડા ગળી લેતા તેમનું મોત નીપજ્યું છે. આ બનાવને પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે અને પરિવારમાં ગમગીની વ્યાપી ગઈ છે.પ્રાપ્ત વિગતો મુજબ , નવા ખીજડીયા ગામમાં રહેતા વિઠ્ઠલભાઈ મુળજીભાઈ કણક (ઉં.વ. ૪૫) છેલ્લા ઘણા સમયથી માનસિક બીમારીથી પીડાતા હતા. ગઈકાલે જ્યારે તેઓ પોતાના ઘરે હતા, ત્યારે બીમારીના કંટાળામાં આવી તેમણે અનાજમાં નાખવાના ઝેરી ટીકડા ખાઈ લીધા હતા. ઘટનાની જાણ થતા જ પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક ગંભીર હાલતમાં સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, ઝેરની અસર વધુ હોવાથી આજે ચાલુ સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું છે.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક વિઠ્ઠલભાઈ ખેતીકામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેઓ એક ભાઈ અને પાંચ બહેનોમાં ચોથા નંબરના હતા. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# જંગવડ નજીક વાડીમાં સાત વર્ષીય નિંદ્રાધીન બાળક પર ટ્રેકટર ટ્રોલી ફરી વળતા મોત

## બાળક નીચે સુતો હોવાની બાબતથી અજાણ વાડી માલિકે ટ્રેક્ટર હંકારતા તોતિંગ વ્હીલ ફરી વળ્યાં

**અબતક, રાજકોટ**

આટકોટના પાસેના જંગવડ ગામની સીમમાં વાડીએ ટ્રેકટરની ટ્રોલી નીચે સુતેલા સાત વર્ષના બાળક પર ટ્રેકટરના વ્હીલ ફરી વળતા બાળકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું. જે અંગે ટ્રેક્ટરચાલક વાડીમાલિક સામે આટકોટ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

અકસ્માતના આ બનાવ અંગે હાલ બાબરાના ચામરડી ગામે કલ્યાણભાઈ વિકાણીની વાડીએ મજૂરી કામ કરનાર મૂળ એમપીના અલીરાજપુર જિલ્લાના વતની થાનસીંગ જુવાનસિંહ વસુનીયા (ઉ.વ. ૨૦) નામના યુવાન દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે. જેમાં તેણે જણાવ્યું હતું કે, તે છેલ્લા એક વર્ષથી અહીં કલ્યાણભાઈની વાડીએ મજૂરી કામ કરે છે અને પરિવારનું ગુજરાન ચલાવે છે તેઓ પાંચ ભાઈ છે જેમાં મોટાભાઈ છગનભાઈ જે જંગવડ ગામે મજૂરી કામ કરે છે

મોટાભાઈ છગનભાઈ ભાભી મીરાબેનને કેન્સર હોય જેથી તેની સારવાર માટે વાઘોડિયા ગામે ગયા હોય ફરિયાદીના ભાઈ છગનભાઈના દીકરા-દીકરી જંગવડ ગામે અશોકભાઈ રમેશભાઈ નભોયાની વાડીએ રહેતા હોય અને ત્યાં જ મજૂરી કામ કરે છે. દરમિયાન ગઈકાલ બપોરના એકાદ વાગ્યા આસપાસ મોટાભાઈ છગનભાઈનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે, દીકરો ચેતન જંગવડ વાડીએ હતો ત્યારે કોઈ કારણસર ટ્રેક્ટરની ટ્રોલીના પાછળના ટાયર નીચે આવી જતા મૃત્યુ પામ્યો છે તો તું ત્યાં જા. એમ કહેતા યુવાન તરત પહોંચ્યો હતો.

આટકોટમાં કે.ડી.પી. હોસ્પિટલ ખાતે જતા છગનભાઈની દીકરી વિસ્તીબેનને પૂછતા તેણે કહ્યું હતું કે, હું તથા મારી બહેન પાયલ તથા ભાઈ રોહિત અને મામાનો પુત્ર રવિ વાડીએ ઘઉંમાં હલર ચાલતું હોય જે કામ કરતા હતા જ્યારે નાનો ભાઈ ચેતન(ઉ.વ. ૭) વાડીએ રમતો હતો રમતા રમતા ટ્રેક્ટરની પાછળની ટ્રોલી નીચે સુઈ ગયો હતો અમને તથા અમારા શેઠ રમેશભાઈ નભોયાને આ વાતની જાણ ન હોય જેથી તેમણે ટ્રેક્ટર ચાલુ કરી આગળ લઈ જતા ટ્રેક્ટરની પાછળ જોડેલ ટ્રોલી નીચે સૂતેલ ચેતનની છાતી પરથી ટ્રેટકરનું વ્હીલ ફરી વળતા તેનું મોત થયું હતું. આ અંગે યુવાનની ફરિયાદ પરથી આટકોટ પોલીસે વાડીમાં માલિક રમેશ નભોયા સામે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# ઉપલેટાના વડેખણ ગામે યુવાને નશાની હાલતમાં ઝેરી દવા ગટગટાવી

## અગમ્ય કારણોસર આ પગલું ભરતા યુવાનને સારવાર અર્થે રાજકોટ સિવિલ ખસેડાયો

**અબતક, રાજકોટ**

ઉપલેટા તાલુકાના વડેખણ ગામમાં ૨૮ વર્ષીય યુવાને નશાની હાલતમાં અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. યુવકની સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, વડેખણ ગામમાં રહેતા મૂળજીભાઈ મનજીભાઈ વીજુડા (ઉં.વ. ૨૮)ગઈકાલે રાત્રે સાડા દસેક વાગ્યાની આસપાસ નશાની હાલતમાં હતા. આ દરમિયાન તેમણે કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. યુવકને તાત્કાલિક સારવાર માટે ઉપલેટાની ક્રિષ્ના હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો. જોકે, તેની તબિયત વધુ લથડતા પ્રાથમિક સારવાર બાદ રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૂળજીભાઈ કડિયાકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમને સંતાનમાં બે દીકરા છે. પોતે એક ભાઈ અને બે બહેનોમાં સૌથી નાના છે. યુવાને નશાની હાલતમાં કયા કારણોસર ઝેરી દવા પીને આ પગલું ભર્યું તે દિશામાં પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

# સુરતમાં કોસંબા પીએસઆઈ એ.ડી. ધાંધલ સસ્પેન્ડ: ગૌરક્ષકો પર હુમલા સમયે ગેરહાજર રહેતા એસપીની કડક કાર્યવાહી

## નાઈટ ડ્યુટી હોવા છતાં સ્થળ પર હાજર ન રહેતા પોલીસ વિભાગમાં શિસ્ત અને જવાબદારીના પાઠ ભણાવવા એસપીની લાલ આંખ

**અબતક, રાજકોટ**

સુરત ગ્રામ્ય પોલીસ બેડામાં ફરજ પ્રત્યે ગંભીર બેદરકારી દાખવનાર અધિકારી સામે જિલ્લા પોલીસ વડાએ કડક હાથે કામ લીધું છે. કોસંબા પોલીસ મથકના પીએસઆઈ (PSI) એ.ડી. ધાંધલને ફરજ દરમિયાન ગેરશિસ્ત અને બેદરકારી બદલ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ગૌરક્ષકો પર થયેલા હુમલા જેવી સંવેદનશીલ ઘટના વખતે નાઈટ ડ્યુટી પર હોવા છતાં ગેરહાજર રહેતા આ કાર્યવાહી કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, તાજેતરમાં કોસંબા વિસ્તારમાં ગૌરક્ષકો પર હુમલાની ગંભીર ઘટના બની હતી. આ ઘટના જે રાત્રે ઘટી, તે રાત્રે પીએસઆઈ એ.ડી. ધાંધલની નાઈટ ડ્યુટી હતી. નિયમ અનુસાર, સંવેદનશીલ પરિસ્થિતિમાં વિસ્તારમાં હાજર રહી સુરક્ષા વ્યવસ્થા જાળવવાની તેમની નૈતિક અને કાનૂની જવાબદારી હતી. જોકે, તપાસમાં બહાર આવ્યું છે કે, હુમલા સમયે પીએસાઈ પોતાની ફરજ પર હાજર ન હોતા. તેમણે હેડક્વાર્ટર છોડતા પહેલા કોઈ પણ ઉચ્ચ અધિકારીની પૂર્વ મંજૂરી લીધી ન હોતી. જવાબદાર અધિકારીની ગેરહાજરીને કારણે સ્થળ પર સ્થિતિ વધુ વણસી હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાયું છે.

સુરત જિલ્લા પોલીસ વડા (SP) એ આ મામલાને અત્યંત ગંભીરતાથી લઈ તાત્કાલિક અસરથી સસ્પેન્શનનો કોરડો વીંઝ્યો છે. માત્ર સસ્પેન્શન જ નહીં, પરંતુ તેમની સામે ખાતાકીય તપાસના પણ આદેશો અપાયા છે. પોલીસ વિભાગમાં શિસ્ત અને જવાબદારી સર્વોપરી છે. ફરજમાં બેદરકારી દાખવનાર કોઈપણ કર્મચારી કે અધિકારી સામે કડક પગલાં લેવામાં આવશે.'' એસપી દ્વારા લેવામાં આવેલા આ આકરા નિર્ણયને પગલે કોસંબા પોલીસ મથક સહિત સમગ્ર સુરત ગ્રામ્ય પોલીસ વિભાગમાં ફફડાટ વ્યાપી ગયો છે. આ કાર્યવાહી અન્ય કર્મચારીઓ માટે એક સખત ચેતવણી સમાન માનવામાં આવી રહી છે.

# આટકોટ નજીક અજાણ્યા ફોરવ્હીલે બાઈકને અડફેટે લેતા વૃદ્ધને મોત

## મોટરસાયકલ લઈને પેટ્રોલ પુરાવવા જતા વેળાએ સર્જાયો અકસ્માત, એક મહિનાની સારવાર બાદ હોસ્પિટલમાં દમ તોડ્યો

**અબતક, રાજકોટ**

આટકોટ-ગોંડલ હાઈવે પર ઐશ્વર્યા ગામના પાટિયા પાસે સર્જાયેલા અકસ્માતમાં નાના માંડવા ગામના ૬૮ વર્ષીય વૃદ્ધનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. ફોરવીલ ચાલકે મોટરસાયકલને અડફેટે લેતા આ દુર્ઘટના સર્જાઈ હતી.

કોટડા સાંગાણી તાલુકાના નાના માંડવા ગામે રહેતા પ્રાગજીભાઈ ધનજીભાઈ પડાણીયા (ઉ.વ. ૬૮) ગત તારીખ ૨ ફેબ્રુઆરીના રોજ બપોરના ૧૨:૦૦ વાગ્યાના અરસામાં પોતાની મોટરસાયકલમાં પેટ્રોલ પુરાવવા માટે જઈ રહ્યા હતા. આ દરમિયાન આટકોટ-ગોંડલ હાઈવે પર ઈશ્વરીયા ગામના પાટિયા પાસે અજાણ્યા ફોરવીલર ચાલકે તેમની મોટરસાયકલને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં પ્રાગજીભાઈને માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક સારવાર માટે પ્રથમ ગોંડલની ક્રિષ્ના હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટની સ્ટર્લિંગ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સ્થિતિ વધુ નાજુક બનતા તેમને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં બેભાન હાલતમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં ગતરોજ સારવાર દરમિયાન તેમણે દમ તોડ્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક પ્રાગજીભાઈ વ્યવસાયે ખેતીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેઓ ત્રણ ભાઈ અને ત્રણ બહેનોમાં સૌથી નાના હતા. તેમના મૃત્યુથી પરિવારના ત્રણ દીકરી અને એક દીકરાએ પિતાની છત્રછાયા ગુમાવી છે. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# જૂનાગઢ-દેલવાડાની વર્ષો જુની મીટર ગેજ ટ્રેન ફરીથી શરૂ કરવા માંગ

## ગીરના ઘેર પંથકની જીવાદોરી જેવી ટ્રેન ફરીથી શરૂ નહી થાય તો જન આંદોલનની ચીમકી

**અબતક, ઉના**



જુનાગઢ દેલવાડા મીટર ગેજ રૂટ પર ૯૦ વર્ષથી નિયમીત ચાલતી ટ્રેનને અચાનક બંધ કરી દેવાના નિર્ણયનો સમગ્ર પંથકમાં ભારે રોષ ઉભો થયો છે. કોઈ પણ કારણ બતાવ્યા વગર બંધ કરાયેલ વર્ષો જૂની દેલવાડા જુનાગઢ દેલવાડા મીટર ગેજ ટ્રેન બંધ કરી દેવાતા ફરી તેજ સમયે ટ્રેન ચાલુ કરવા આવેદન પત્ર આપી આંદોલન ની ચીમકી આપી છે. ગીર ગઢડા તાલુકાના હરમડીયા ગામના સામાજિક આગેવાન અમિતભાઈ પ્રફુલભાઈ તન્ના અને તાલુકાના ગ્રામજનોએ રેલ્વે સ્ટેશનના સ્ટેશન માસ્તરને પશ્ચિમ રેલ્વે ડિવિઝનની મુંબઈમાં આવેલ કચેરીના જી.એમ. અને ભાવનગર રેલ્વે ડિવિઝનના અધિકારીને લેખિતમાં આવેદન પત્ર આપી રજૂઆત કરી હતી કે ૯૦ વરસ જૂની જૂનાગઢ દેલવાડા જુનાગઢ મીટર ગેજ ટ્રેન તા.૨૦/૧/૨૬ થી કોઈ પણ કારણ વગર બંધ કરી દેતા દેલવાડાથી તલાલા વચ્ચે આવતા ઘણા ગામોના લોકોને જિલ્લા મથકે જવા હોસ્પિટલે જવા અને વિધાર્થીઓને શાળા અને કોલેજ જવા આવવા મુશ્કેલી પડી રહી છે. આ અંગે લોક આંદોલન થયેલ ત્યારે મુંબઈ પશ્ચિમ રેલ્વેની ઓફિસેથી પત્ર આવેલ કે તા. ૨/૨/૨૬ થી બંધ કરવામાં આવેલ તમામ મીટર ગેજ ટ્રેન ફરી તેના રાબેતા સમય મુજબ શરૂ કરવામાં આવશે પરંતુ તેને પણ એક મહિના થયા છતાં દેલવાડા જુનાગઢ દેલવાડા ટ્રેન શરૂ કરવા મા આવી નથી અને શા માટે શરૂ નથી કરવામાં આવી તે બાબત પણ અધિકારીઓ જણાવતા નથી તો તુરંત આ ટ્રેન શરૂ કરવામાં નહીં આવે તો ઉગ્ર જન આંદોલન કરવા ચીમકી આપી હતી

**(પહેલા પાનાનું ચાલું)**

**યુધ્ધ...**

ફેલાઈ છે. સંરક્ષણ નિષ્ણાતો અને આંતરરાષ્ટ્રીય એજન્સીઓના મતે, આગામી ચાર સપ્તાહ આ સંઘર્ષ માટે અત્યંત નિર્ણાયક અને જોખમી સાબિત થઈ શકે છે. પરિસ્થિતિ વધુ વણસે તે પહેલા ભારત સરકારે ઈરાનમાં વસતા ભારતીયોને સુરક્ષિત રીતે વતન પરત લાવવાની પ્રક્રિયા તેજ કરી દીધી છે

ઈરાનમાં ખાસ કરીને જમ્મુ-કાશ્મીર અને કેરળના અંદાજે ૩,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ મેડિકલનો અભ્યાસ કરી રહ્યા છે. શનિવારથી ખોરવાયેલી વિમાન સેવાઓ બાદ સોમવારથી અઅઊની એમિરેટ્સ, એતિહાદ અને ફ્લાયદુબઈ જેવી એરલાઈન્સે ભારત માટે મર્યાદિત સ્પેશિયલ ફ્લાઈટ્સ શરૂ કરી છે. બીજી તરફ, ભારત સરકારના નાગરિક ઉડ્ડયન મહાનિદેશાલયની સૂચના બાદ એર ઈન્ડિયા અને ઈન્ડિગો પણ મંગળવારથી ઓમાન અને સાઉદી અરેબિયા જેવા સુરક્ષિત એરસ્પેસ પરથી પોતાની સેવાઓ ફરી શરૂ કરી રહી છે.

મુસાફરોને વહેલી તકે પરત લાવવા માટે ઈન્ડિગોએ જેદ્દાહથી ભારત માટે ૧૦ સ્પેશિયલ રિલીફ ફ્લાઈટ્સનું આયોજન કર્યું છે, જ્યારે એર ઈન્ડિયા વધુ મુસાફરોને સમાવવા માટે મસ્કત અને જેદ્દાહ રૂટ પર મોટા 'બોઈંગ ૭૭૭' વિમાનો તૈનાત કરવાની યોજના બનાવી રહી છે. હાલમાં દુબઈ, અબુ ધાબી અને શારજાહ જેવા શહેરોથી ભારત આવવા માટે ચાર્ટર ફ્લાઈટ્સની પણ ભારે માંગ છે. એરલાઈન્સ કંપનીઓ અગાઉથી બુકિંગ ધરાવતા મુસાફરોને પ્રાથમિકતા આપી રહી છે અને ભારતીય દૂતાવાસો સાથે મળીને મુસાફરોની સુરક્ષિત વાપસી માટે સતત કાર્યરત છે.

**સોનું...**

બજારોમાં પણ ૧૦ ગ્રામ સોનાનો ભાવ નવી સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયો છે. ક્રિસ વુડના મતે, યુદ્ધ અને અશાંતિના સમયમાં ઓઈલ સ્ટોક્સની સાથે સોનું એકમાત્ર એવું રોકાણ છે જે રોકાણકારોને રક્ષણ પૂરું પાડે છે.

ક્રિસ વુડે ખાસ ભાર મૂક્યો હતો કે સેન્ટ્રલ બેંકો, ખાસ કરીને એશિયા અને અન્ય ઉભરતા બજારોની રિઝર્વ બેંકો, ડોલર પરની પોતાની નિર્ભરતા ઘટાડવા માટે સોનાની ઐતિહાસિક અને આક્રમક ખરીદી કરી રહી છે. રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધ બાદ પશ્ચિમી દેશોએ રશિયાની વિદેશી સંપત્તિ અને અનામત ફ્રીઝ કરી દીધી હતી, જેનાથી અન્ય દેશો સતર્ક બન્યા છે. આ ભૌગોલિક-રાજકીય પરિસ્થિતિએ વૈશ્વિક સ્તરે સોનાને માત્ર એક કિંમતી ધાતુથી વિશેષ, રાષ્ટ્રીય સુરક્ષા માટેના એક અત્યંત મહત્વપૂર્ણ અને સુરક્ષિત અનામત તરીકે પ્રસ્થાપિત કર્યું છે.

આ ઉપરાંત, વૈશ્વિક અર્થતંત્રમાં સતત સતાવી રહેલો ફુગાવો અને અમેરિકન ફેડરલ રિઝર્વની વ્યાજદરો અંગેની નીતિઓ પણ સોનાની લાંબા ગાળાની દિશા નક્કી કરવામાં મોટો ભાગ ભજવી રહી છે. ભલે આગામી ૬ થી ૧૮ મહિના સુધી સોનાના ભાવમાં સામાન્ય ઉતાર-ચઢાવ કે કોન્સોલિડેશન (સ્થિરતા) જોવા મળે, પરંતુ લાંબા ગાળે આર્થિક અનિશ્ચિતતાઓ સોનાને ૧૦,૦૦૦ ડોલર ના ઐતિહાસિક સ્તર સુધી પહોંચાડવા માટે પૂરતું ઈંધણ પૂરું પાડશે. આ જ કારણસર વૈશ્વિક સ્તરના મોટા રોકાણકારો અને ફંડ મેનેજરો હવે સોનાને પોતાના પોર્ટફોલિયોનો એક અનિવાર્ય હિસ્સો માની રહ્યા છે.

બીજી તરફ સંઘર્ષની સીધી અસર ભારતીય અર્થતંત્ર અને ચલણ પર જોવા મળી રહી છે. સોમવારે અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયો ૫૦ પૈસા તૂટીને ૯૧.૪૮ ની સપાટીએ બંધ રહ્યો હતો. છેલ્લા એક મહિનામાં આ પ્રથમ વખત છે જ્યારે રૂપિયો ૯૧ ના આંકડાની નીચે સરકી ગયો છે. પશ્ચિમ એશિયામાં ઈરાન દ્વારા મુખ્ય ઉર્જા સ્ત્રોતો પર કરવામાં આવેલા હુમલાને પગલે ક્રૂડ ઓઈલના ભાવમાં અંદાજિત ૧૦ ટકાનો તોતિંગ ઉછાળો આવ્યો છે. વૈશ્વિક નિકાસકારોએ ઉત્પાદન વધારવાની સાધારણ ખાતરી આપી હોવા છતાં ક્રૂડના ભાવમાં ભડકો થયો છે. વધુમાં, તેહરાન દ્વારા હોર્મુઝની સામુદ્રધુની બ્લોક કરવામાં આવતા એશિયાના નાણાકીય બજારોમાં ભારે અફરાતફરીનો માહોલ છે. આ સ્થિતિ વચ્ચે રોકાણકારો માટે સુરક્ષિત ગણાતા અમેરિકન ડોલર અને કિંમતી ધાતુઓની માંગમાં જંગી ઉછાળો જોવા મળ્યો છે.

નાણાકીય વર્ષ ૨૦૨૬ (FY26) માં એશિયાના સૌથી નબળા પ્રદર્શન કરનાર ચલણ તરીકે રૂપિયો અત્યાર સુધીમાં ડોલર સામે ૬.૪% નો ઘટાડો નોંધાવી ચૂક્યો છે. શુક્રવારે રૂપિયો ૯૦.૯૮ ના સ્તરે બંધ રહ્યો હતો. જો અમેરિકા અને ઈરાન વચ્ચેનો આ સંઘર્ષ લાંબો ચાલશે તો રૂપિયામાં વધુ ધોવાણ થવાની પૂરી શક્યતા છે. જોકે, ટ્રેડર્સને અપેક્ષા છે કે જો રૂપિયો ૯૧.૭૫ ની સપાટી વટાવશે તો રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા દરમિયાનગીરી કરવામાં આવી શકે છે.

ફિનરેક્સ ટ્રેઝરી એડવાઈઝર્સના ટ્રેઝરી હેડ અનિલ ભણસાલીએ જણાવ્યું હતું કે, ''ચલણમાં હજુ વધુ ઘટાડો થવાની ધારણા છે. મંગળવારે ધુળેટીની રજા હોવાથી બજારો બંધ છે, પરંતુ બુધવારે રૂપિયો ૯૧.૨૫ અને ૯૧.૭૫ ની રેન્જમાં ટ્રેડ થવાની મને અપેક્ષા છે.''

અત્રે ઉલ્લેખનીય છે કે રૂપિયાએ ગત ૩૧ જાન્યુઆરીના રોજ ૯૧.૯૮ ની ઐતિહાસિક નીચી સપાટી (રેકોર્ડ લો) નોંધાવી હતી. માર્કેટ નિષ્ણાતો માની રહ્યા છે કે રિઝર્વ બેંકની હાલની મુખ્ય પ્રાથમિકતા રૂપિયાને આ ઐતિહાસિક નીચી સપાટીથી વધુ ગગડતો રોકવાની રહેશે.

**(છેલ્લા પાનાનું ચાલુ)**

**ભાજપની નવી રણનીતિ...**

પ્રદેશ મહામંત્રી પાસે આખા ઝોનની જવાબદારી હોય છે. જે તે ઝોનના આવતા તમામ જિલ્લાનો હવાલો તેઓની પાસે હોય છે. પરંતુ રાજયના ચાર મુખ્ય મહાનગરમાં પ્રદેશ મહામંત્રીને પ્રભારી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. કાર્યકરોમાં થતી ચર્ચા અનુસાર મહામંત્રીઓની સત્તામાં આડકતરી રીતે કાપ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત મહાનગરોમાં ચાલતા જુથવાદને સંપૂર્ણ પણે ડામી દેવા આ મોટું પગલું પણ મનાય રહ્યું છે.

પ્રદેશ મહામંત્રી ડો. પ્રશાંત કોરાટને સુરત શહેરના, હિતેન્દ્રસિંહ ચૌહાણને વડોદરા શહેરના, અજયભાઈ બ્રહ્મભટ્ટને કર્ણાવતી (અમદાવાદ) શહેરના અને ધારાસભ્ય, મહામંત્રી અનિરૂદ્ધભાઈ દવેને રાજકોટ શહેરના પ્રભારી તરીકે નિયુકત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રાજેશભાઈ દેસાઈને ડાંગ જીલ્લાના, વિનયભાઈ શુકલને વલસાડ જિલ્લાના શંકરભાઈ અમલીયારને નવસારી જિલ્લાના ગૌતમભાઈ ગેડિયાને સુરત જિલ્લાના, ડો. જગદીશભાઈ પટેલને તાપી જીલ્લાના પરામક્રમસિંહ જાડેજાને ભરૂચ જિલ્લાના અર્જુનભાઈ ચૌધરીને નર્મદા જિલ્લાના ડો. ઋત્વિજ પટેલને વડોદરા જીલ્લાના, હિંમતભાઈ પડશાળાને છોટા ઉદેપુર જીલ્લાના, હર્ષદભાઈ વસાવાને પંચમહાલ જીલ્લાના, નીતીનભાઈ પટેલની મહિસાગર જીલ્લાના, રાજેન્દ્રભાઈ પટેલ (ચૌધરી)ની દાહોદ જીલ્લાના પ્રભારી તરીકે નિયુકતી કરાય છે.

જયારે વર્ષાબેન દોશીને આણંદ જીલ્લાના, રમેશભાઈ દેસાઈને ખેડા જીલ્લાના, નિરવ અમીનને ગાંધીનગર શહેરના, રમેશભાઈ સોલંકીને ગાંધીનગર જીલ્લાના, બ્રિજરાજસિંહ ઝાલાને સાબરકાંઠા જિલ્લાના, ડો. સંજય દેસાઈની અરવલ્લીજીલ્લાના, ડો. ભરત ડાંગરને મહેસાણા જીલ્લાના, સત્યેન કુલાબધરને પાટણ જીલ્લાના, ધવલભાઈ દવેની બનાસકાંઠા જીલ્લાના, વિશાલભાળ પટેલની વાવ-થરાદ જિલ્લાના, ફલજીભાઈ ચૌધરીની કચ્છ જીલ્લાના પ્રભારી તરીકે નિયુકિત કરાય છે. દિલીપભાઈ બારડની જામનગર જીલ્લાના, ભરતભાઈ આર્યની રાજકોટ જીલ્લાના, ગજેન્દ્રભાઈ સકસેનાની મોરબી જીલ્લાના, જીજ્ઞાબેન પંડયાની જુનાગઢ શહેરના, ભાવનાબેન હિરપરાની ગીર સોમનાથ જીલ્લાના, ડો. વિમલ કગથરાની પોરબંદર જીલ્લાના અભયસિંહ ચૌહાણની અમરેલી જીલ્લાના હર્ષદ ગીરી ગોસાઈની ભાવનગર જીલ્લાના દશરથજી ઠાકોરની બોટાદ જીલ્લાના અને રાજેશભાઈ શુકલની સુરેન્દ્રનગર જીલ્લાના પ્રભારી તરીકે નિયુકિત કરવામાં આવી છે.

**આજે ચંદ્રગ્રહણ...**

તરીકે ઓળખવામાં આવે છે. ચંદ્ર પર પહોંચતા પહેલા સૂર્યપ્રકાશ પૃથ્વીના વાતાવરણમાંથી પસાર થવાને કારણે લાલ રંગ દેખાય છે.

ભારતમાં ચંદ્રગ્રહણની દશ્યતા: ભારતીય માનક સમય એ ભારતમાં ચંદ્રગ્રહણનો સમય છે.

આજે ચંદ્ર ગ્રહણ બપોરે શરૂ થશે અને વહેલી સાંજે સમાપ્ત થશે. તે થોડા કલાકો સુધી ચાલશે.

ગ્રહણ ભારતીય સમય મુજબ બપોરે ૩:૨૦ વાગ્યે શરૂ થશે. ગ્રહણ જોવા માટેનો શ્રેષ્ઠ સમય ભારતીય સમય મુજબ સાંજે ૬:૩૩ થી ૬:૪૦ વાગ્યા સુધીનો રહેશે.

ગ્રહણ ભારતીય સમય મુજબ સાંજે ૬:૪૭ વાગ્યે સમાપ્ત થશે.

**સજોડે આપઘાત...**

સારવાર કારગત નીવડે તે પહેલા જ બંને વૃદ્ધોનું કરુણ મૃત્યુ નીપજ્યું હતું. આ મામલે મયંકભાઈ મગનભાઈ ભીમાણીએ ધ્રોલ પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ધ્રોલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે.કે. દલસાણીયા આગળની તપાસ શરૂ કરવામાં આવી છે. એકસાથે પતિ-પત્નીના મોતથી વાંકીયા ગામમાં ગમગીની છવાઈ ગઈ છે.

**ડબ્બા ટ્રેડિંગનું રેકેટ...**

તેઓ છેલ્લા ૪ મહિનાથી ડબ્બા ટ્રેડીંગનું કામ કરે છે. તેનો ભાગીદાર મિહિર શેરબજાર અને ડબ્બા ટ્રેડીંગનું કામકાજ સંભાળે છે અને તે મેટા ટ્રેડર ફાઈવ નામની આઈડી મારફત તમામ સોદાઓ કરે છે, જે આઈડી તેઓને હિતેન રવી ખાચર નામના શખ્સે આપી હોવાનું પણ જણાવ્યું હતું. જે સટ્ટાના તમામ લેતી દેતી આંગડિયા પેઢી મારફત હવાલાથી થતી હતી. તેમજ એક અઠવાડિયામાં ૨૦ કરોડથી વધુના વ્યવહાર થતાં હતાં. જે હિસાબ થયે તમામ વિગત ફોન અથવા લેપટોપમાંથી ડીલીટ કરી દેતાં હતાં.તેમજ વધુમાં પોલીસે ઉમેર્યું કે, પકડાયેલ મુખ્ય સૂત્રધાર પાસેથી મળેલ વિગતમાં કમલેશ, અશોક, નટુકાકા અને જયદીપ નામના શખ્સોના નામ પણ ખુલ્યા છે, જેઓ મુખ્ય સૂત્રધાર પાસે ગ્રાહક તરીકે સટ્ટો રમવા આવતાં હતાં. જેથી તમામ ગ્રાહકો અને મુખ્ય સૂત્રધારનો ભાગીદાર મિહિર તેમજ તેઓને શેરબજાર અને ડબ્બા ટ્રેડીંગની આઈડી આપનાર હિતેન ખાચર નામના શખ્સની શોધખોળ હાથ ધરાઈ છે. જ્યારે મુખ્ય સૂત્રધાર સાથે પકડાયેલ રાકેશ પોપટ અન્ય બે શખ્સો જેમાં મુકેશ વિરડીયા અને મહેશ પરમાર તે ઓફિસમાં કામ કરતાં અને આંગડિયા પેઢીમાંથી હવાલાની લેવડ દેવડનું કામ કરતાં હતા. ઉલ્લેખનીય છે કે, પકડાયેલ મુખ્ય સૂત્રધાર વિરુદ્ધ વર્ષ ૨૦૨૧ માં પણ ડબ્બા ટ્રેડીંગ બાબતનો ગુનો દાખલ થયેલ છે.

# દુ:ખદ અવસાન

## સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ :** ગુ.હા. સ.ચા. મોઢ બ્રાહ્મણ જીજ્ઞાબેન પ્રજ્ઞેશભાઈ ત્રિવેદી (ઉ.વ.૫૦) તે સ્વ. મનસુખલાલ માનશંકરભાઈ ત્રિવેદીના પુત્રવધુ, તે શાસ્ત્રી પ્રગ્નેશભાઈના પત્ની, તે સ્વ. ગુણવંતભાઈ, ઈન્દુભાઈ, સ્વ. પ્રમોદભાઈ, અશ્વિનભાઈના ભત્રીજા વહુ, શીતલબેન (ગોંધિયા), મોહિતભાઈ, કલ્પનાબેન (જૂનાગઢ), નિશિતાબેન (લંડન), જીજ્ઞાબેન (જામનગર), હર્ષિતભાઈના ભાભી, મંત્રના માતા, ઋત્વીજના ભાભુ , સ્વ. કિશોરચંદ્ર વિશ્વનાથ ત્રિવેદીના પુત્રી, ગૌરાંગભાઈના મોટા બહેનનું તા. ૧ ના રોજ અવસાન થયું છે. સદગતનું ઉઠમણું તથા પીયરપક્ષનું બેસણું તા. ૫ ને ગુરૂવારના રોજ સાંજના ૪:૩૦થી ૫:૩૦, માસ્તર સોસાયટી હોલ, ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# “વિદ્યા બે પ્રકારની છે એક અપરા વિદ્યા (શબ્દબ્રહ્મ) અને બીજી પરા વિદ્યા (આધ્યાત્મ જ્ઞાન)”

## “ઋષિમુનીઓએ લાંબો સમય વેદોનો અભ્યાસ કરી, તપ અને ચિંતન-મનન કરી જીજ્ઞાસુ લોકો આ જ્ઞાન સમજી શકે અને સાત્વિક જીવન જીવીને મુકિત મેળવી શકે તે માટે ઉપનિષદો રચ્યા છે”

### બ્રહ્મ રહસ્ય

સનાતન ધર્મનું મુળ ચાર વેદ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ છે. ચારેય વેદ સ્વયં ઈશ્વરીય છે. પરંતુ વિશ્વમાં પ્રગટ ભગવાન બ્રહ્માએ કર્યા છે. પુરાતન-આદિકાળમાં આ ચારેય વેદોનો અભ્યાસ કરી, તપ કરી ચિંતન-મનન કરી આપણા ઋષિમુનીઓએ અલગ અલગ વેદના અલગ અલગ તથ્યો સત્યો તારવીને આમ જનતા અને ખાસ તો જીજ્ઞાસુઓ તે સમજી અને અમલ કરી સાત્વિક, ધાર્મિક અને શાસ્ત્રોકત જીવન જીવીને મુકિત મેળવી શકે તે માટે જુદાજુદા ઉપનિષદો રચ્યા છે.

તે પ્રમાણે મુંડક ઉપનિષદ અથર્વેદમાંથી નિષ્પન્ન થયેલ છે. અથર્વવેદનું જ્ઞાન બ્રહ્માએ પોતાના પુત્ર અથર્વા ને શીખવેલું. અથર્વાએ ઋષિ અંગિરસને અને અંગિરસે પોતાના શિષ્ય શૌનકને શીખવેલું શૌનક તપ સાધના કરી શિષ્યમાંથી ઋષિ બન્યો. તેના મનમાં એ વિચાર ઘોળાયા કરતો કે આ વિશ્વમાં વિવિધ પ્રકારના પ્રાણીઓ અને વનસ્પતિ રહેલા છે. તોઆ સૃષ્ટિની ઉત્પતિના મૂળમાં કોઈ એક તત્વ હોવું જોઈએ. એ તત્વ શું છે? કે જેના વિજ્ઞાનથી બીજી બધી બાબત સમજી અને જાણી શકાય? વળી એ તત્વને કેમ જાણી શકાય? આથી તેમણે ઘણા વર્ષો સુધી તપ કરી ચિંતન-મનન કરી નકકી કર્યું કે વિદ્યા બે પ્રકારની છે એક બહારની (ભૌતિક) (બાહ્ય વિષયોના શાસ્ત્રની) વિદ્યા, જે વિદ્યા ફકત કહેવા અને સાંભળવાની વસ્તુ છે. જેને અપરા વિદ્યા કે શબ્દ બ્રહ્મ કહેવામાં આવે છે. આ વિદ્યામાં વ્યકિત ગમે તેટલો હોંશિયાર -પારંગત થાય, પરંતુ તેને આ બ્રહ્મ તત્વનું જ્ઞાન થઈ શકતુ નથી ! બીજી વિદ્યા તે પરા વિદ્યા અથવા ઉચ્ચ (આધ્યાત્મ)જ્ઞાન છે, જે ખરેખર અક્ષરબ્રહ્મ ના અનુભવ સાથે સંબંધ રાખે છે. અક્ષરબ્રહ્મ ને જ અજ, અક્ષર, અવ્યય, ઈશ્વરએ નામ વારંવાર રહેવામાં આવ્યા છે. ભગવાનના નામો મુંડકોપનિષદમાંથી જ લેવામાં આવ્યા જણાય છે.


બુધ્ધિમાનોનોએક મત એવો છે કે આ દરેક પ્રાણી પદાર્થોનું ઉત્પતિસ્થાન આ અક્ષર તત્વ છે. તેને કોઈ ઈન્દ્રિયો દ્વારા જોઈ સાંભળી કે સ્પર્શિ શકતો નથી. આ તત્વ શાશ્વત (સનાતન) સર્વ વ્યાપક અને સુક્ષ્મથી પણ અતિસુક્ષ્મ છે. જે જ્ઞાની યોગીઓ મનના સંયમ થકી આ તત્વનો સાક્ષાત્કાર કરે છે.

સહજ રીતે એ પ્રશ્ન ઉભો થાય કે જે અક્ષર બ્રહ્મ કોઈ પ્રકારે ઈન્દ્રિયોથી પ્રત્યક્ષ થતુ નથી તો તેમાંથી આ સ્થુળ (ભૌતિક) વિશ્વ કેતી રીતે ઉત્પન્ન થાય? આના જવાબમાં આ ઉપનિષદમાં ત્રણ ઉદાહરણો આપવામાં આવ્યા છે. જેમ કરોળીયો પોતાની અંદરથી લાળ કાઢીને જાળુ બનાવે છે, જેમ પૃથ્વીમાંથી લીલુ ઘાસ અને વૃક્ષ-વનસ્પતિ ઉત્પન્ન થાય છે. અને જેમ મનુષ્યના શરીરમાંથી વાળ-નખ બહાર આવે છે, તેજ પ્રકારે અક્ષર પુરૂષમાંથી મન, પ્રાણ, અને પંચમહાભૂતોથી બનેલો સંસાર ઉત્પન્ન થાય છે. આજ રીતે જીવન સંબંધીત બીજા જેટલા ભાવો છે. તે સૌનું મુળ અક્ષરભાવ જ છે !

જેટલા યજ્ઞો છે તે અક્ષરબ્રહ્મનોજ વિકાસ છે.કર્મકાંડની દ્રષ્ટિએ યજ્ઞના જુદાજુદા અંગ છે. વેદના મંત્રોમાં જે સત્યનું ઋષિઓ એ દર્શન કર્યું તે જ સત્ય યજ્ઞના ત્રણ અગ્નિઓમાં છે.આહવનિય અગ્નિએ દશુ લોક અથવા મન છે. દક્ષિણ અગ્નિએ અંતરીક્ષ અથવા પ્રાણ છે. અને ગાર્હપત્ય અગ્નિએ પૃથ્વી અથવા પંચમહાભૂતો છે. આમાંથી જ એક તરફ અધિદૈવત વિશ્વ (જુદાજુદા દેવતાઓથી પ્રાપ્ત વિશ્વ) બીજી તરફ આધ્યાત્મ શરીર (આત્માથી વ્યાપ્ત શરીર) રૂપી યજ્ઞોનું સ્વરૂપ પૂર્ણ થઈ રહ્યુ છે. પછી યજ્ઞથી બહાર બીજુ શું છે ? આમ યજ્ઞએ અક્ષરબ્રહ્મનો જ વિકાસ છે. જેની વ્યવસ્થા એકદમ નિયમિત અને અતિ સુંદર છે. જીવનની યજ્ઞ રૂપી નૌકા ઉપર પ્રવાસ કરી લોકો આ જીવન રૂપી સમુદ્રપાર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. મુકતી માટેની ખરેખર જીજ્ઞાસા હોય તો આ પરાવિદ્યા કે બ્રહ્મવિદ્યાનોજ સહારો લેવો જોઈએ. કોઈ પણ કર્મના ફળની આસકિતથી કર્મકાંડમાં લાગેલા લોકોની બુધ્ધિ બાળક જેવી ટુંકી કહી શકાય ! તેનાથી બ્રહ્મ (પરા) વિદ્યાનો માર્ગ જાણી શકાતો નથી. પરંતુ તેને બદલે તપ, શ્રધ્ધશ્રા અને વિશ્વાસ સાથે નિષ્કામ કર્મ કરી બ્રહ્મ ઉપાસના કરે તો માનસિક ઉદ્વેગોથી ઉઠીને અમૃત અને શાંતીના માર્ગે ઉર્ધ્વગામી બની શકે. પરંતુ આ માટે તો ખરેખર અનુભવી ગુરૂના શરણે જવું પડે અને ગુરૂ પણ ખુબ શાંત ચિત વાળા, જીતેન્દ્ર, રાગદ્વેષથી રહિત સમદ્રષ્ટિ વાળા શિષ્ય ને જ આ બ્રહ્મ વિદ્યાનો ઉપદેશ આપે છે.જેનાથી પરમની પ્રાપ્તિ થઈ શકે.




આ અક્ષરબ્રહ્મ સ્થૂળદેહમા પ્રગટ છે. અને તેની અંદર હૃદયગૃહામાં ચૈતન્ય રૂપે વિદ્યામાન છે. આ અક્ષરબ્રહ્મ ચૈતન્ય જો હૃદયમાં રહેલું ન હોય તો શું કોઈ ક્યારેય તેનો સાક્ષાત્કાર કરી શકવાનો હતો? શ્વાસોશ્વાસની ક્રિયા અને નિમેષક્રિયા (આંખના પલકારા) આ બંનેનું મુળ તે જ છે સર્વ શ્રેષ્ઠ વિજ્ઞાન તેજ છે. કે જેનાથી તેનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.


લેખક
એસ. બી. ગોહિલ
પૂર્વ આસિ. પોલીસ કમિશનર
મો.૯૯૨૫૫૦૦૦૬૭

યોગવિદ્યા શબ્દોથી પુરેપુરી કહેવી મુશ્કેલ છે. પરંતુ અભ્યાસ અને સાધનાથી તેનો અનુભવ કરી શકાય છે. તે કહેવા સાંભળવાનો વિષય નથી પરંતુ તે પ્રાણ અને મનથી ખૂબજ અત્યંત તીવ્ર સાધનાનો વિષય છે. આ યોગ વિદ્યા આપણી અંદર એક સેતુનું નિર્માણ કરે છે. કે જેનાથી અમૃતના અક્ષર પ્રવાહનું ગ્રહણ કરી શકાય છે.જેમણે યોગ સાધના વડે આવો સેતુ (પૂલ)બનાવ્યો નથી તેનું જીવન વ્યર્થ ચાલ્યું જાય છે.

શરીરમાં જેમ નાડીઓમાં પ્રાણ અથવા ચેતનાનો સંચાર થાય છે તે નાડીઓ હૃદય સાથે જોડાયેલી છે. જયાં આ અક્ષરનો નિવાસ છે. જો પ્રણવ (ॐ) દ્વારા તે અક્ષરનું ધ્યાન ધરવામાં આવે તો અજ્ઞાન અને તેની ગ્રંથીથી છુટકારો થતા આ અક્ષરનો અનુભવ કરી શકાય છે. આ અક્ષર બ્રહ્મનું સાચુ સ્વરૂપ આનંદમય અને અમૃતમય છે. આ અક્ષર બ્રહ્મના સ્વરૂપને પુરતા જ્ઞાન, યથાર્થ અનુભવ અને શુધ્ધ બુધ્ધિવાળા જ સખત સાધના દ્વારા પ્રાપ્ત કરી શકે છે.

આ અક્ષરને સમજવા માટે ઋષિ શૌનકે તેને સંસાર વૃક્ષની સાથે સરખાવતું એક સુંદર ઉદાહરણ આપ્યું છે. જેમાં સંસાર રૂપ વૃક્ષ ઉપર બે પક્ષીઓ બેઠેલા છે. જે બંને મિત્ર છે.તેમાંથી એક પક્ષી (જીવાત્મા) વૃક્ષના ફળ ખાય છે. અને બીજુ પક્ષી (પરમાત્મા) કેવળ જોયા કરે છે.અને તે ફળખાનારનું સાક્ષી થઈ ને બેઠું રહે છે. આ બે પક્ષીઓ (જીવાત્મા અને પરમાત્મા) વિશ્વની જે દિવ્ય શકિત છે તેના જ બે રૂપ છે અને આ બે રૂપને જ ‘દેવસત્ય’ કહેવામાં આવે છે. એક ‘દેવસત્ય’ વિરાટ (વિશ્વમાં) છે. અને બીજુ અધ્યાત્મ કેન્દ્રમાં છે. આમ જીવાત્માનું અસ્તિત્વ એ કોઈ સાધારણ ઘટના નથી, કેમકે દિવ્ય શકિતઓની સમષ્ટિ (શકિતઓનું એકત્રીકરણ થવાથી બન્યું છે)નું પરિણામ છે. જયારે શરીરમાં ભોકતા ભાવ આવવાથી જીવમાંથી ઈશ્વરની સાત્વિક શકિતઓ જુદી પડી જાય છે. આમ ઈન્દ્રીયો દ્વારા આસકિતપૂર્વક વિષયોનોઉપભોગ જ બંધન અને શોક તથા મોહનનું કારણ બને છે. અને તે મુકિતથી દૂર થાય છે. આ સ્થિતિથી બચવા માટેના ઉપાયો પણ ઋષિ શૌનકે જણાવ્યા છે. સત્ય, તપ, સમ્યક, જ્ઞાન (યથાર્થજ્ઞાન) અને બ્રહ્મચર્યના પાલનથી તેને (અક્ષરને) પ્રત્યક્ષ અનુભવાય છે. જીવાત્માના દોષો દૂર થાય છે. અને તેનું શુભ તેજસ્વી સ્વરૂપ તેને પ્રત્યક્ષ અનુભવાય છે. આધ્યાત્મ તત્વની સૌથી મહત્વની અપેક્ષાએ જ છે કે માણસ સત્ય, તપ, બ્રહ્મચર્ય અને સ્વાધ્યાય વિગેરે સદગુણોને ધારણ કરીને પોતાની અંદર રહેલ પરમાત્વ સ્વરૂપનો સાક્ષાત્ અનુભવ કરી શકે છે. આને જ ‘વિરાટ દેવ’ અથવા ‘અક્ષરબ્રહ્મ’ કહેવામાં આવ્યું છે.તેને પ્રાપ્ત કરવા માટેનો એકમાત્ર ઉપાય સત્યનું વ્રત છે. વિશ્વનો અટલ નિયમ છે કે સત્યનો જ વિજય થાય છે. અને અમૃતનો પરાજય (સત્યમેવ જયતે નાનૃતમ) આમ આ વિરાટ અક્ષરબ્રહ્મનું જ્ઞાન લોકોના હૃદયગુહા (આત્મકેન્દ્ર)માં જ આવેલું છે. જેને જાણવામાં ચિત્તની શકિત અથવા સંકલ્પ બળ જ મદદરૂપ થાય છે.વળી પ્રકૃતિનું એ પણ અજ્ઞાત રહસ્ય છે. આત્મજ્ઞાની જે જે કામના કરે છે. તેને પ્રાપ્ત પણ કરી લે છે !

આમ ઋષિ શૌનકે અક્ષરની ઉપાસના અને તેને પ્રાપ્ત કરવાના ઉપાયો વિષે ઘણા સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ છે કે જે બુધ્ધિમાન વ્યકિત બ્રહ્મના આ પરમધામને (પરમ તેજને, પરમ સ્વરૂપને) એકાગ્ર મનથી ઉપાસે છે.તેઓ તેને આવશ્ય જાણી શકે છે. અને જે વ્યકિત જે પ્રકારની કામનાઓથી લદાયેલો રહે છે તે તેવો જ જન્મ પામે છે. પરંતુ જે વ્યકિત વિવેક પૂર્વક ઈચ્છાઓને અંકુશમાં રાખી રોકી લે છે, તેની કામનાઓ સંપૂર્ણ પણે લય પામી જાય છે. આવો આત્મા, અતિ વિદ્વતા કે જ્ઞાનથી જાણી શકાતો નથી. જે દ્દઢ નિશ્ચય વગરનો, આળસુ અને બળ વગરનો છે. જે તપ અથવા પધ્ધતિસર (વિધિપૂર્વક) પ્રયત્ન કરતો નથી તેને આત્માના દર્શન થતા નથી.

**વિશ્વ રસઃ “સત્યમે જયતે નાનૃતમ્ ।’**

# ઉપન્યાસ પબ્લિક સ્કૂલમાં સાયન્સ એન્ડ મેથ્સ એકસપોમાં વિદ્યાર્થીઓએ અવનવા મોડેલ્સ દ્વારા સર્જનાત્મકતા બતાવી

## ધોરણ ૧ થી ૮ના ભૂલકાઓએ વિજ્ઞાન અને ગણિતના પ્રયોગો રજૂ કર્યા; પર્યાવરણ અને નવી ટેક્નોલોજીના પ્રોજેક્ટ્સ બન્યાં આકર્ષણનું કેન્દ્ર

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેરની અગ્રણી શૈક્ષણિક સંસ્થા ઉપન્યાસ પબ્લિક સ્કૂલ ખાતે 'સાયન્સ એન્ડ મેથ્સ એકસપો ૨૦૨૬' નું ભવ્ય અને ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં શાળાના ધોરણ ૧ થી ૮ સુધીના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની પ્રતિભા અને સર્જનાત્મકતાનું અનોખું પ્રદર્શન કર્યું હતું.



વિદ્યાર્થીઓએ વિજ્ઞાન અને ગણિત વિષયક વિવિધ પ્રયોગો, આકર્ષક મોડેલ્સ, પ્રોજેક્ટ્સ તેમજ નવીન શોધો રજૂ કરીને સૌનું ધ્યાન ખેંચ્યું હતું. પ્રદર્શનમાં પર્યાવરણ સંરક્ષણ, અવકાશ વિજ્ઞાન, નવીનીકરણીય ઊર્જા, ટેક્નોલોજી, ગણિતીય તર્કશક્તિ તેમજ દૈનિક જીવનમાં વિજ્ઞાનના ઉપયોગ જેવા મહત્વના વિષયો આવરી લેવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન મુલાકાત લેનાર વાલીઓએ બાળકોના પ્રોજેક્ટ્સ નિહાળી તેમની મહેનત અને પ્રતિભાની હાર્દિક પ્રશંસા કરી હતી. શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ આત્મવિશ્વાસપૂર્વક પોતાના મોડેલ્સ સમજાવતા નજરે પડ્યા હતા, જે સમગ્ર કાર્યક્રમની વિશેષતા બની રહી હતી.

શાળા સંચાલક મંડળ અને પ્રિન્સિપાલશ્રીએ જણાવ્યુ હતું કે, આવા શૈક્ષણિક કાર્યક્રમો વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક વિચારધારા, નવીનતા પ્રત્યેનો રસ અને આત્મવિશ્વાસ વિકસાવવા માટે અત્યંત જરૂરી છે. સફળતાપૂર્વક પૂર્ણ થયેલો આ એક્સપો ઉપસ્થિત સૌ માટે જ્ઞાનવર્ધક તેમજ પ્રેરણાદાયક સાબિત થયો હતો.

# વિસાવદર લાયન્સ કલબ દ્વારા બાળકોને પિચકારીનું વિતરણ



**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**

લાયન્સ કલબ વિસાવદર દ્વારા કલબના પ્રેસિડેન્ટ તેમજ ઝોન ચેરપર્સન ઝોન ૧૧ લાયન રમણીકભાઈ ગોહેલ ના માર્ગદર્શન તેમજ સહયોગ સાથે હોલી/ ધુળેટી પર્વની ઉજવણી ના ભાગ રૂપે વિસાવદર તાલુકાની દાધિયાપરા પ્રાથમિક શાળા, ગંજીવાડા પ્રાથમિક શાળા, ગાયત્રી પ્લોટ પ્રાથમિક શાળા ના તમામ બાળકો તેમજ માંડાવડ પ્રાથમિક શાળા બાલવાટિકા તેમજ ધોરણ ૧/૨ ના બાળકો, રાવણી કુબા પ્રાથમિક શાળા બાલવાટિકા ધોરણ ૧ ના બાળકો તેમજ વિસાવદર શહેરની આંગણવાડી નંબર ૬ ,૯ , ૧૩, ૨, ૧૬, ૩, ૧૯, ૮, ૧૨ તેમજ ૧૭ સહિતની આંગણવાડીઓ ના તમામ બાળકો ને પિચકારી વિતરણ કરી લાયન વર્ષ ૨૦૨૫/૨૬ સ્લોગન “નીડ બેઝ સર્વિસ પ્લસ“ ને સાર્થક કરવાનો ઉમદા પ્રયત્ન કરવામાં આવેલ હતા.

# સોમનાથમાં ભૈરવદાદાના સાનિધ્યમાં હોળી દર્શન

**અબતક, જયેશ પરમાર, પ્રભાસપાટણ**

સોમનાથના રામરાખ ચોક તથા પાટચકલા બે સ્થળોએ પ્રતિમા બનાવાયેલ છે હોળીની આગલી રાત્રે યુવાનો પરંપરાગત રીતે માટીની ભૈરવનાથ દાદા ની મૂર્તિ બનાવી રંગબેરંગી સોનેરી ચમકતા કાગડોથી તેને શણગારવામાં આવી વહેલી સવારથી જ આ પ્રતિમાના દર્શન પૂજન માનતા કરવા લોકો ઉમટી પડયા સાંજના સમય બાદ આ મૂર્તિ સાનિધ્ય હોળી પ્રગટાવવામાં આવેલ અને હોળી પ્રગટાવ્યા બાદ હોળીમાં દાણીધારીયા હોમી તેમજ કળશમાં પાણી ભરી તેની આડે શ્રીફળ રાખી હોળીની જળ રેડતા રેડતા પ્રદક્ષિણા કરી હતી.



# સુરેન્દ્રનગરઃ દુધરેજ વડવાળા મંદિરના આંગણે મહંત કનીરામબાપુને ‘જગદગુરૂ’ની પદવી એનાયત

## નવનિર્મિત શીતલ ગૌશાળાનું ઉદ્‌ઘાટનઃ પૂ.મોરારિબાપુ સહિતના સંતો-મહંતો અને રાજકીય આગેવાનોની ઉપસ્થિતિમાં ત્રિવેણી સંગમ રચાયોઃ નાગરદાસબાપુની લઘુ મહંત તરીકે વરણી

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લાના દુધરેજ ખાતે આવેલા સુપ્રસિદ્ધ વડવાળા મંદિર ખાતે આજે હોળી અને પ્રાગટ્ય દિવસના પવિત્ર અવસરે ભક્તિનો મહાસાગર ઉમટ્યો હતો. આ અવસરે અંદાજે ૧૦ એકર જમીનમાં નવનિર્મિત 'શીતલ નૂતન ગૌશાળા'નું ભવ્ય ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ સાથે જ ધર્મસભામાં રાજ્યભરમાંથી પધારેલા સંતો-મહંતોની ઉપસ્થિતિમાં વડવાળા મંદિરના મહંત પૂજ્ય કનીરામબાપુને 'જગદગુરુ'ની પદવી એનાયત કરવામાં આવી હતી, જ્યારે લઘુ મહંત તરીકે નાગરદાસબાપુની વરણી કરવામાં આવી હતી.



સમગ્ર દેશના માલધારી સમાજની આસ્થાના કેન્દ્ર સમાન દુધરેજ વડવાળા મંદિરના પ્રાગટ્ય દિવસ નિમિત્તે યોજાયેલા આ કાર્યક્રમમાં વિશ્વ વંદનીય સંત મોરારીબાપુ, દ્વારકા શારદાપીઠના પ્રતિનિધિઓ તેમજ અનેક મહામંડલેશ્વરો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સંતોએ ગૌ-સેવાના મહત્વ પર ભાર મૂકી નૂતન ગૌશાળાને ખુલ્લી મૂકી હતી. ધર્મસભા દરમિયાન સનાતન ધર્મનું મહત્વ સમજાવી સૌને ભેદભાવ ભૂલી સંગઠિત થવા આહવાન કરવામાં આવ્યું હતું.

આ ધાર્મિક મહોત્સવમાં રાજકીય અગ્રણીઓ પણ મોટી સંખ્યામાં જોડાયા હતા, જેમાં ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા, કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી અને પ્રદેશ મહામંત્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી આશીર્વાદ મેળવ્યા હતા. ફાગણ સુદ પૂનમના આ પાવન દિવસે અંદાજે ૨ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

### શૌર્ય અને ભક્તિનો મહાકુંભ

# પાટણના પીપરાળાધામમાં વીર ડગાયચા દાદાનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે

## ગણેશ પૂજન, મંડપ પ્રવેશ, જલયાત્રા, નગરયાત્રા, મૂર્તિ સ્થાપન, શાસ્ત્રોક્ત વિધિ મુજબ જલાભિષેક સાથેના વિવિધ કાર્યક્રમ



**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

ગુજરાતની પવિત્ર ધરતી હંમેશા સંતો, મહંતો અને શૂરવીરોની ભૂમિ રહી છે, જ્યાં ધર્મ અને ગાયોના રક્ષણ કાજે અનેક રણબંકાઓએ પોતાના મસ્તક હોમી દીધા છે. આવો જ એક અણમોલ અને પ્રેરણાદાયી ઈતિહાસ યદુવંશી આહીર કુળના રત્ન શ્રી ડગાયચા દાદા (ડાંગર) નો છે, જેમનો ઈતિહાસ આજે પણ પાટણના પીપરાળા ગામની સીમમાં જીવંત છે. આગામી ૬ થી ૮ માર્ચ દરમિયાન, સમસ્ત આહીર ડાંગર પરિવાર દ્વારા આ પવિત્ર ભૂમિ પર “વીર ડગાયચા દાદા પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ”નું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિ આ ઉત્સવની શોભામાં અભિવૃદ્ધિ કરશે.

આ મહોત્સવમાં ભક્તિ, શક્તિ અને સંસ્કૃતિનો અનોખો સંગમ જોવા મળશે. કાર્યક્રમની રૂપરેખા મુજબ, પ્રથમ દિવસે ૬ માર્ચના રોજ સવારે ૮:૦૦ કલાકે ગણેશ પૂજન અને મંડપ પ્રવેશ સાથે પવિત્ર યજ્ઞનો શુભારંભ થશે અને મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવશે. બીજા દિવસે ૭ માર્ચના રોજ ભવ્ય જલયાત્રા અને નગરયાત્રા નીકળશે તથા સાંજે મૂર્તિ સ્થાપન અને શાસ્ત્રોકત વિધિ મુજબ જલાભિષેક કરવામાં આવશે. રાત્રે ૯:૦૦ કલાકે ભવ્ય લોક ડાયરો યોજાશે, જેમાં લોકસાહિત્યના માંધાતા દેવાયતભાઈ ખવડ પોતાની ઓજસ્વી વાણીમાં શૌર્યગાથાઓ સંભળાવશે, જ્યારે ભૂમિબેન આહીર અને દિવાળીબેન ડાંગર સુમધુર લોકગીતો અને ભકિત ગીતોની રમઝટ બોલાવશે. વેરવા રાસ મંડળી દ્વારા પરંપરાગત આહીરી રાસ રજૂ કરવામાં આવશે.



મહોત્સવના અંતિમ દિવસે ૮ માર્ચના રોજ સવારે ૧૧:૦૦ કલાકે શુભ મુહૂર્તે દાદાની મૂર્તિમાં પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવશે અને નૂતન મંદિરના શિખર પર ધર્મની ધજા લહેરાવવામાં આવશે. બપોરે ૧૨:૪૫ કલાકે મહાઆરતી બાદ તમામ ભાવિકો માટે મહાપ્રસાદ (ભંડારો) રાખવામાં આવ્યો છે. આ ઐતિહાસિક પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સાથે સાંસદ પૂનમબેન માડમ, ભરતસિંહ ડાભી, મંત્રી ત્રિકમભાઈ છાંગા, પૂર્વ મંત્રીઓ જવાહરભાઈ ચાવડા, મુળુભાઈ બેરા, વાસણભાઈ આહીર, ધારાસભ્યો ઉદયભાઈ કાનગડ, ભગવાનજીભાઈ બારડ, હેમંતભાઈ ખવા, લવિંગજી ઠાકોર સહિત અનેક સામાજિક અને રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

# “અબતક” પરિવારના ચેતનભાઈ દવેના આંગણે પુત્ર લગ્નનો રૂડો અવસર

### ચિ. વંદન 卐 ચિ. ઉર્વી



“અબતક” પરિવારના ચેતનભાઈ મનહરલાલ દવેના આંગણે આસોપાલવના તોરણો બંધાયા છે. શરણાઈના મધુર સુરો ગુંજી રહ્યા છે મહેમાનોને સ્નેહ નિતરતા તેડા કરવામાં આવ્યા છે. રૂડા લગ્નગીતો ગવાય રહ્યા છે. અ.સૌ. ઉર્મીલાબેન તથા ચેતનભાઈ દવેના લાડકવાયા પુત્ર ચિ. વંદનના શૂભલગ્ન જયશ્રીબેન અને વિપુલભાઈ ખાખરાની સુપુત્રી ચિ. ઉર્વી સાથે વિક્રમ સંવત ૨૦૮૨ને ફાગણ વદ-૩ને તા. ૬ માર્ચે શુક્રવારના રોજ શૂભ ચોઘડીયે નિરધારેલ છે.

પવિત્ર અગ્નિની સાક્ષીએ રેશમની ગાંઠે ગુંથાશે ભવોભવના સાથી બનશે માંગલીક અવસરોમાં તા.૫ને ગુરૂવારે ગણેશજીની સ્થાપના, મંડપ મુહુર્ત, દાંડીયા રાસ અને ભોજન સમારંભ યોજાશે. જીવથી વ્હાલા વીરાના લગનીયા લેવાયા હોય બેનડી રિધ્ધીબેન, બનેવી તપનકુમારના હૈયે હોંશ સમાતો નથી. બની ઠનીને મામાના લગ્નની મોજ માણવા ‘કેશવી’ ભારે ઉત્સાહિત છે. દવે પરિવાર દ્વારા આમંત્રિતોને રૂડા લગ્નોત્સવમાં સામેલ થવા સ્નેહ નિતરતું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# જે પણ જહાજ અમારા વિસ્તારમાંથી પસાર થશે તેને સળગાવી દેવાશે : ઈરાન

## ઈરાન વિસ્તારમાં હોર્મુઝ ખાડી બંધ થવાથી વિશ્વ વ્યાપાર ઠપ્પ થવાની ભીતિ: આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ અને ગેસના ભાવોમાં તોતિંગ વધારો તેમજ ખાતર, કેમિકલ્સ અને લાઈમસ્ટોન જેવા મહત્વના કાચા માલની વૈશ્વિક અછત




**અબતક, રાજકોટ**

ઈરાન અને ઈઝરાયેલ-અમેરિકા વચ્ચે વધતા તણાવને કારણે વૈશ્વિક અર્થતંત્રમાં ખળભળાટ મચી ગયો છે. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સએ હોર્મુઝની સામુદ્રધુની બંધ કરવાની સત્તાવાર જાહેરાત કરી છે હોર્મુઝની સામુદ્રધૂની એ પર્સિયન ગલ્ફ અને ઓમાનના અખાતને જોડતો એક સાંકડો દરિયાઈ માર્ગ છે. તેને વિશ્વનો સૌથી મહત્વનો 'ઓઈલ ચોકપોઈન્ટ' માનવામાં આવે છે

ઈરાનના સૈન્ય સલાહકાર ઈબ્રાહિમ જબારીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, ''જે પણ જહાજ આ માર્ગ પરથી પસાર થવાનો પ્રયાસ કરશે, તેને સળગાવી દેવામાં આવશે.'' રિવોલ્યુશનરી ગાર્ડ્સે દાવો કર્યો છે કે તેમણે અત્યાર સુધીમાં કેટલાક જહાજો પર હુમલો પણ કર્યો છે.

આ માર્ગ ખૂબ જ સાંકડો છે. જોકે તેની પહોળાઈ ૩૩ થી ૫૦ કિમી છે, પરંતુ મોટા જહાજો માટે સુરક્ષિત ગણાતા 'શિપિંગ લેન્સ' (લેન) માત્ર ૪ કિમી જેટલા જ પહોળા છે. ઈરાન આ સાંકડા માર્ગમાં સરળતાથી અડચણ ઊભી કરી શકે છે.

ઈરાન પાસે આ ભૌગોલિક વ્યૂહરચનાનો મોટો ફાયદો છે. ભલે તે આંતરરાષ્ટ્રીય કાયદાઓનું પાલન ન કરતું હોય, પરંતુ તે આ માર્ગનો ઉપયોગ અમેરિકા અને ઈઝરાયેલ જેવા દેશો પર દબાણ લાવવા માટે એક શસ્ત્ર તરીકે કરી રહ્યું છે.

### હોર્મુઝની સામુદ્રધૂની બ્લોક થવાથી વિશ્વ પરની અસરો

હોર્મુઝની સામુદ્રધૂની બંધ થવાથી વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલ અને ગેસના ભાવમાં મોટો ઉછાળો આવશે, જેના કારણે પેટ્રોલ-ડીઝલ મોંઘા થશે. યુદ્ધના જોખમને લીધે દરિયાઈ જહાજોનું વીમા પ્રીમિયમ વધી જશે, જે આંતરરાષ્ટ્રીય વેપારને વધુ ખર્ચાળ બનાવશે. આ ઉપરાંત, વિશ્વના ૩૩% ખાતર અને ૨૯% કેમિકલ્સનો વેપાર આ માર્ગે થતો હોવાથી ખેતી અને ઉદ્યોગોમાં જરૂરી ચીજવસ્તુઓની ભારે અછત સર્જાશે, જેની સીધી માઠી અસર ભારત જેવા દેશોની અર્થવ્યવસ્થા પર પડશે.

### હોર્મુઝની સામુદ્રધુની કેમ મહત્વની છે?

આ જળમાર્ગ વિશ્વના સૌથી વ્યસ્ત અને વ્યૂહાત્મક માર્ગોમાંનો એક છે વિશ્વમાં વપરાતા કુલ તેલનો લગભગ ૨૦% (પાંચમો ભાગ) હિસ્સો અહીંથી પસાર થાય છે. દરરોજ અંદાજે ૨ કરોડ બેરલ તેલ અહીંથી નિકાસ થાય છે.કતાર તેનો મોટાભાગનો લિક્વિફાઈડ નેચરલ ગેસ આ માર્ગે જ મોકલે છે.સાઉદી અરેબિયા, ઈરાક, કુવૈત અને સંયુક્ત આરબ અમીરાત જેવા મોટા તેલ ઉત્પાદક દેશો આ માર્ગ પર નિર્ભર છે.

### ભારત પર શું અસર થશે?

ભારત પોતાની જરૂરિયાતનું મોટાભાગનું તેલ ગલ્ફ દેશોમાંથી આયાત કરે છે.જો આ માર્ગ લાંબા સમય સુધી બંધ રહે, તો કાચા તેલના ભાવ ૧૦૦ ડોલર પ્રતિ બેરલ ને વટાવી શકે છે, જેનાથી ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો થઈ શકે છે.ભારત અહીંથી ચોખા અને અન્ય ચીજવસ્તુઓની નિકાસ પણ કરે છે, જે અટકી શકે છે.

# કોણ હતી આશા જાડેજા જેની ટ્રમ્પ સાથેની બે કલાકની બેઠક પછી યુદ્ધ કરવામાં આવ્યું

## યુદ્ધ પહેલા માર-એ-લાગો ખાતે સ્ટીવ વિટકોફ, રૂબિયો અને હેગસેથ જેવા મોટા અધિકારીઓ સતત 'વોર રૂમ' અને ટ્રમ્પ વચ્ચે દોડધામ કરી રહ્યા હતા

**અબતક,રાજકોટ**

ભારતીય મૂળના જાણીતા વેન્ચર કેપિટલિસ્ટ આશા જાડેજા મોટવાણીએ સોશિયલ મીડિયા પર એક ચોંકાવનારી વિગત શેર કરી છે. તેમણે જણાવ્યું કે અમેરિકાએ જ્યારે ઈરાન પર હુમલો કરવાનો અને તમામ વાટાઘાટો બંધ કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો, તેના ગણતરીના કલાકો પહેલા જ તેઓ પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે માર-એ-લાગો ખાતે હાજર હતા. આશા મોટવાણીએ જણાવ્યું કે જે રાત્રે દુનિયાનો ઈતિહાસ બદલાઈ રહ્યો હતો, તે રાત્રે તેમણે ટ્રમ્પ સાથે ૨ કલાક ગાળ્યા હતા.

આ ઓપરેશનમાં ઈઝરાયેલની સેના મુખ્ય ભૂમિકા ભજવી રહી છે. માર-એ-લાગો ખાતે સ્ટીવ વિટકોફ, રૂબિયો અને હેગસેથ જેવા મોટા અધિકારીઓ સતત 'વોર રૂમ' અને ટ્રમ્પ વચ્ચે દોડધામ કરી રહ્યા હતા. આ યુદ્ધ ઈરાક જેવું લાંબુ નહીં ચાલે, તેમના ૪ લક્ષ્યો છે. કે ઈરાનની મિસાઈલ શકિતને ખતમ કરવી, ઈરાની નૌકાદળને નેસ્તનાબૂદ કરવું, ઈરાન ક્યારેય પરમાણુ હથિયાર ન બનાવી શકે તે જોવું, આતંકવાદી સંગઠનોને મળતી ઈરાનની મદદ રોકવી. અમેરિકા હવે 'નેશન બિલ્ડિંગ' (દેશ સુધારવા) ના બદલે 'ટાર્ગેટેડ એટેક' (ચોક્કસ લક્ષ્ય પર હુમલો) કરવાની નવી નીતિ અપનાવી રહ્યું છે. આશા જાડેજા મોટવાણીએ ખુલાસો કર્યો છે કે, જે રાત્રે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સામે યુદ્ધ છેડવાનો અને તમામ વાતચીત બંધ કરવાનો મોટો નિર્ણય લીધો, તે રાત્રે તેઓ ટ્રમ્પ સાથે જ હતા. ફ્લોરિડાના 'માર-એ-લાગો' રિસોર્ટમાં ટ્રમ્પ અને તેમની ખાસ ટીમ 'વોર રૂમ' માં વ્યસ્ત હતો. આ ઓપરેશનમાં ઈઝરાયેલ મુખ્ય ભૂમિકા ભજવી રહ્યું છે.



### આશા જાડેજા મોટવાણી કોણ હતા ?

તેમનો જન્મ અને ઉછેર અમદાવાદ, ગુજરાતમાં થયો હતો. તેમણે પોતાનું પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણ અમદાવાદમાં જ પૂર્ણ કર્યું હતું. ત્યારબાદ તેઓ વધુ અભ્યાસ માટે અમેરિકા ગયા હતા. તેમના પિતા પ્રોફેસર હતા. આશા જાડેજાના લગ્ન સ્વર્ગસ્થ રાજીવ મોટવાણી સાથે થયા હતા, જેઓ સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં પ્રોફેસર હતા અને ૠક્ષજ્ઞલહય ના સ્થાપકોના ગુરુ અને મેન્ટર ગણાતા હતા. તેઓ સિલિકોન વેલી (અમેરિકા) માં એક અત્યંત શક્તિશાળી વેન્ચર કેપિટલિસ્ટ અને પરોપકારી તરીકે જાણીતા છે. તેઓ ખાસ કરીને ટેકનોલોજી, શિક્ષણ અને ભારત-અમેરિકાના સંબંધોને મજબૂત કરવા માટે કામ કરે છે.

# ઈઝરાયેલ - અમેરિકા અને ઈરાનનું યુદ્ધ હવે વધુ વળાંક લેશે :હિઝબુલ્લાહ

## અમેરિકાએ અત્યાર સુધીમાં ૧,૦૦૦ થી વધુ ઠેકાણાઓ પર બોમ્બમારો કર્યો છે અને હજુ વધુ સૈન્ય મોકલી રહ્યું છે

**અબતક,રાજકોટ**

અમેરિકા અને ઈઝરાયેલે ઈરાન સામે સીધું યુદ્ધ છેડી દીધું છે. ઈરાન તરફથી ખાડી દેશો પર સતત મિસાઈલ અને ડ્રોન હુમલા થઈ રહ્યા છે. આ દરમિયાન લેબનોનના સંગઠન 'હિઝબુલ્લાહ' એ ઈઝરાયેલ પર હુમલો કરતા ઈઝરાયેલે વળતો પ્રહાર કરી લેબનોનને પણ આ યુદ્ધમાં ખેંચી લીધું છે. આ યુદ્ધમાં અમેરિકાના જ સૈનિકોના મોત થયા છે, જ્યારે કુવૈતે ભૂલથી અમેરિકાના જ ત્રણ ફાઈટર જેટ તોડી પાડ્યા હતા . અમેરિકાએ અત્યાર સુધીમાં ૧,૦૦૦ થી વધુ ઠેકાણાઓ પર બોમ્બમારો કર્યો છે અને હજુ વધુ સૈન્ય મોકલી રહ્યું છે.

બ્રિટને પણ અમેરિકાને સાથ આપતા તેના સાયપ્રસ સ્થિત બેઝ પર હુમલો થયો છે.અત્યાર સુધી જે સંઘર્ષ છૂટોછવાયો હતો, તે હવે પૂરા સ્તરે મહાયુદ્ધમાં ફેરવાઈ ગયો છે જેમાં અમેરિકા, ઈઝરાયેલ, ઈરાન, લેબનોન અને બ્રિટન જેવા દેશો સીધી રીતે સામેલ થઈ ગયા છે. જે રીતે એક પછી એક દેશો (લેબનોન, બ્રિટન, કુવૈત) આમાં જોડાઈ રહ્યા છે, તે વૈશ્વિક શાંતિ માટે ખતરો છે. લેબનોનમાં સરકાર કરતાં પણ વધુ શકિતશાળી સંગઠન 'હિઝબુલ્લાહ' છે. હિઝબુલ્લાહને ઈરાન તરફથી પૂરેપૂરું સમર્થન, હથિયારો અને પૈસા મળે છે. જ્યારે ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું, ત્યારે ઈરાનના ઈશારે હિઝબુલ્લાહે ઈઝરાયેલ પર ઉત્તર દિશામાંથી હુમલા શરૂ કર્યા. આના કારણે ઈઝરાયેલે વળતો પ્રહાર લેબનોન પર કરવો પડ્યો. લેબનોન એક દેશ તરીકે કદાચ યુદ્ધ નહોતું ઈચ્છતું, પણ તેના દેશમાં સક્રિય હિઝબુલ્લાહ સંગઠન ઈરાનનું વફાદાર હોવાથી તેણે ઈઝરાયેલ પર હુમલા કર્યા. જવાબમાં ઈઝરાયેલે લેબનોન પર બોમ્બમારો કર્યો, એટલે હવે લેબનોન આ યુદ્ધનું નવું મેદાન બની ગયું છે.

# ઓપરેશન સિંદૂરની જેમ નૂર ખાન ખેદાન મેદાન : અફઘાન તાલિબાનીઓ

**અબતક,રાજકોટ**

પહલગામ હુમલાના જવાબમાં પાકિસ્તાનના એરબેઝ પર મિસાઈલ એટેક કર્યા હતા, હવે તાલિબાન પણ એ જ રસ્તે છે, જે બતાવે છે કે પાકિસ્તાનની હવાઈ સુરક્ષા નબળી છે અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે. અફઘાનિસ્તાનના તાલિબાન શાસને દાવો કર્યો છે કે તેમણે પાકિસ્તાનના સૌથી મહત્વના સૈન્ય મથકો, ખાસ કરીને રાવલપિંડીમાં આવેલા નૂર ખાન એરબેઝ પર સચોટ હવાઈ હુમલા કર્યા છે. આ હુમલામાં પાકિસ્તાનને મોટું નુકસાન થયું હોવાનો દાવો છે. ૧ માર્ચના રોજ પાકિસ્તાની ફાઈટર જેટ્સે અફઘાનિસ્તાનના બાગ્રામ એરફિલ્ડ (જે પહેલા અમેરિકાનું હતું) પર બોમ્બમારો કરવાનો પ્રયાસ કર્યો હતો. તાલિબાને દાવો કર્યો કે તેમણે પાકિસ્તાની મિસાઈલોને હવામાં જ તોડી પાડી અને બદલામાં પાકિસ્તાનની અંદર ઘૂસીને હુમલા કર્યા. સોશિયલ મીડિયા પર તાલિબાને વીડિયો શેર કર્યો છે, જેમાં તેમનું 'કામિકાઝે' ડ્રોન પાકિસ્તાનના નૂર ખાન એરબેઝ પર ત્રાટકતું દેખાય છે. આ ઉપરાંત ક્વેટા અને મોહમંદ એજન્સીમાં પણ પાકિસ્તાની સૈન્ય મથકો પર હુમલા થયા છે. અફઘાનિસ્તાને દાવો કર્યો છે કે તેમણે જલાલાબાદ પાસે પાકિસ્તાનનું એક ફાઈટર જેટ તોડી પાડ્યું છે અને તેના પાયલટને જીવતો પકડી લીધો છે. પાકિસ્તાન જે તાલિબાનને અત્યાર સુધી પોતાના સાથી ગણતું હતું, આજે તે જ તાલિબાન પાકિસ્તાનના ઘર સુધી પહોંચી ગયા છે. રાવલપિંડી એ પાકિસ્તાની સેનાનું મુખ્ય મથક છે, ત્યાં હુમલો થવો એ પાકિસ્તાન માટે બહુ મોટી સુરક્ષા ખામી અને શરમજનક બાબત છે. બીજી મહત્વની વાત એ છે કે, આ એ જ એરબેઝ છે જેના પર મે ૨૦૨૫માં ભારત દ્વારા 'ઓપરેશન સિંદૂર' હેઠળ હુમલો કરવામાં આવ્યો હતો. ગયા વર્ષે ભારતે પહલગામ હુમલાના જવાબમાં પાકિસ્તાનના આ જ એરબેઝ પર મિસાઈલ એટેક કર્યા હતા. હવે તાલિબાન પણ એ જ રસ્તે છે, જે બતાવે છે કે પાકિસ્તાનની હવાઈ સુરક્ષા નબળી પડી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ફરીથી બાગ્રામ એરબેઝ મેળવવા માંગે છે કારણ કે તે ચીનની ન્યુક્લિયર ફેક્ટરીઓની નજીક છે. આ સ્થિતિમાં આ વિસ્તારમાં ફરી મોટું યુદ્ધ ફાટી નીકળવાની ભીતિ છે.પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે હવે 'ખુલ્લું યુદ્ધ' શરૂ થઈ ગયું છે, જેની અસર સમગ્ર દક્ષિણ એશિયાની શાંતિ પર પડી શકે છે.

# રાજકોટ જિલ્લા ભાજપની કારોબારી જાહેર: ૬૯ આગેવાનોને સ્થાન

## પૂર્વ સાંસદ-પૂર્વ ધારાસભ્ય સહિત ૧૫ નેતાઓને વિશેષ આમંત્રીત સભ્ય બનાવાયા

**અબતક,રાજકોટ**

રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા, મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, અને રવિભાઈ માંકડીયાએ જિલ્લા ભાજપના કારોબારી સભ્ય તથા વિશેષ આમંત્રીત સભ્યઓની નિમણુંક કરવામાં આવી છે.

કારોબારી સભ્ય તરીકે રાણીબેન ચંદ્રવાડીયા, લલીતભાઈ પાદરીયા, કિરીટભાઈ જાવીયા, દિલીપસિંહ વાળા, કંચનબેન બગડા, વસંતબેન મકવાણા, હંસાબેન દાફડા, ઈન્દ્રવિજયસિંહ ચુડાસમા, ચંદ્રીકાબેન મકવાણા નિર્મળાબેન તડવી, દિનેશભાઈ અમૃતીયા, મુકતાબેન વઘાસીયા, પ્રવિણાબેન રંગાણી, કિરીટભાઈ સાપરીયા, અજેન્દ્રભાઈ પરમાર, જયોસ્તનાબેન પાનસૂરીયા, મનીષાબેન ગોવાણી, કરણસિંહ જાડેજા, પૂર્વીતાબેન કુબાવત, ભરતભાઈ સિંઘલ, ગોવિંદભાઈ રાણપરીયા, કિશોરભાઈ શાહ, પ્રજ્ઞાબેન કામદાર, બિંદીયાબેન મકવાણા, કાજલબેન ઉંઘાડ, દિનકરભાઈ ગુંદારીયા, લાલજીભાઈ આઠું, અસ્મિતાબેન રાખોલીયા, ભગવાનજીભાઈ રામાણી, અમિતભાઈ પડાળીયા, જસમતભાઈ સાંગાણી, રાજુભાઈ સાવલીયા, દક્ષાબેન દુધાત્રા, વિનુભાઈ ઠુંમર, સલીમભાઈ પતાણી, સહદેવસિંહ જાડેજા, સીમાબેન જોશી, મનસુખભાઈ સરધારા, ભાનુબેન મેતા, નીતીનભાઈ ઢાંકેચા, કમલેશભાઈ રોકડ, જયેશ બોધરા, જસ્મીનભાઈ પીપળીયા, જીજ્ઞાબેન પટેલ, કોકિલાબેન બકુલભાઈ જયસ્વાલ, હંસાબેન જીતુભાઈ જીવાણી, બાબુભાઈ નસીત, તળશીભાઈ તાલપરા, પ્રાગજીભાઈ કાકડીયા, મુકેશભાઈ તળપદા, હઠીસિંહ જાડેજા, પરસોતમભાઈ સાવલીયા, ચંદુભાઈ કચ્છી, પંકજભાઈ ચાંવ, રેખાબેન પરમાર, રમાબેન મકવાણા, સોનલબેન વસાણી, ગીરધરભાઈ વેકરીયા, અનસોયાબેન છગનભાઈ ભોજાણી, ભીખાભાઈ રોકડ, ભુપતભાઈ વાળા, મનુભાઈ લાવડીયા, વલ્લભભાઈ રામાણી, ખોડાભાઈ ખસીયા, મનસુખભાઈ રામાણી, ગજેન્દ્રભાઈ રામાણી, ભાવનાબેન રૂપેશભાઈ ઠુંમર, બાબુભાઈ ગોહિલ અને હનુભાઈ ડેરવાળીયાની નિયુકતી કરાય છે.

વિશેષ આમંત્રીત સદસ્ય તરીકે હરિભાઈ પટેલ, પ્રવીણભાઈ માંકડીયા, ચંદુભાઈ શિંગાળા, જયરાજસિંહ જાડેજા, દેવશીભાઈ ટાઢાણી, સત્યજીતકુમાર ખાચર, જશુમતીબેન કોરાટ, મનસુખભાઈ ખાચરીયા, વી.ડી. પટેલ, ડી.કે. સખીયા, નાગદાનભાઈ ચાવડા, ભુપતભાઈ બોદર, ચેતનભાઈ રામાણી, લાખાભાઈ સાગઠીયા અને રવજીભાઈ સરવૈયાની નિયુકતી કરાઈ છે.


અલ્પેશભાઈ ઢોલરીયા | નરેન્દ્રસિંહ જાડેજા | હરેશભાઈ હેરભા | રવિભાઈ માંકડીયા

### ૨૦ ઓવરની મેચ પરંતુ એક-એક દડાથી મેચ જીતાય છે

# શિવમ દુબેની બે બાઉન્ડ્રી સેમસનની ૯૭ની ઈનિંગથી ઓછી આંકી શકાય નહિ: ગંભીર

## ક્રિકેટ એ વ્યક્તિગત રમત નથી પણ એક સામૂહિક પ્રયાસ છે, અને નાનામાં નાનું યોગદાન પણ જીતમાં મોટી ભૂમિકા ભજવે છે

**અબતક, રાજકોટ**

વેસ્ટ ઈન્ડિઝમાં રમાઈ રહેલા ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની રસાકસીભરી સુપર ૮ મેચમાં ભારતે શાનદાર વિજય મેળવીને સેમિફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. વેસ્ટ ઈન્ડિઝ સામે ૧૯૬ રનના સ્કોરનો પીછો કરતી વખતે સંજુ સેમસને ૫૦ બોલમાં અણનમ ૯૭ રનની શાનદાર ઈનિંગ રમી હતી, ગંભીરે આ વિશાળ ઈનિંગની તુલના શિવમ દુબે દ્વારા ફટકારવામાં આવેલા ૨ ચોગ્ગા સાથે કરી છે.

આ મહત્વપૂર્ણ મુકાબલામાં જ્યારે અન્ય ભારતીય બેટ્સમેનો સંઘર્ષ કરી રહ્યા હતા અને કોઈ પણ ખેલાડી ૩૦ રનના આંકડા સુધી પહોંચી શક્યો નહોતો, ત્યારે સંજુ સેમસને એક છેડો સાચવી રાખી ભારતને જીતની નજીક પહોંચાડ્યું હતું. જોકે, મેચની નાજુક ક્ષણોમાં શિવમ દુબેએ મેદાનમાં આવીને માત્ર ૪ બોલ રમ્યા હતા અને ૨ ચોગ્ગાની મદદથી ૮ રન બનાવ્યા હતા. ગંભીરના મતે આ ૮ રન જ મેચનું પાસું પલટાવનારા સાબિત થયા હતા.

મેચ બાદ આયોજિત પત્રકાર પરિષદમાં ગૌતમ ગંભીરે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, ''મારા મતે શિવમ દુબેના એ બે ચોગ્ગા સંજુ સેમસનના ૯૭ રન જેટલા જ પ્રભાવશાળી છે. જો એ સમયે તે બાઉન્ડ્રી ન આવી હોત, તો કદાચ સંજુની આ ઈનિંગ એળે ગઈ હોત અને આપણે પરિણામ વિશે અત્યારે ચર્ચા પણ ન કરતા હોત.'' તેમણે વધુમાં ઉમેર્યું કે ક્રિકેટ એ વ્યક્તિગત રમત નથી પણ એક સામૂહિક પ્રયાસ છે, અને નાનામાં નાનું યોગદાન પણ જીતમાં મોટી ભૂમિકા ભજવે છે.

પોતાની આક્રમક શૈલી માટે જાણીતા ગૌતમ ગંભીરે આંકડાઓ વિશે વાત કરતા કહ્યું કે, ''હું ક્યારેય આંકડાઓમાં કે રેકોર્ડ્સમાં વિશ્વાસ નથી રાખતો. મેં ક્યારેય સ્કોરબોર્ડ પર ધ્યાન આપ્યું નથી કે આંકડાઓ શું કહે છે. મારા માટે મેદાન પરની પરિસ્થિતિ અને અંતઃપ્રેરણા વધુ મહત્વની છે. રમત હંમેશા મેદાન પરના સંજોગો મુજબ રમાવી જોઈએ, નહીં કે આંકડાઓને જોઈને.''

ભારતીય ટીમ હવે મુંબઈના ઐતિહાસિક વાનખેડે સ્ટેડિયમમાં ઈંગ્લેન્ડ વિરુદ્ધ સેમિફાઈનલ રમવા તૈયાર છે. ઈંગ્લેન્ડની ટીમને વિશ્વસ્તરીય ગણાવતા ગંભીરે કહ્યું કે તેમની પાસે અનેક દિગ્ગજ ખેલાડીઓ છે અને વાનખેડેની પીચ પર પડકાર હંમેશા વધુ હોય છે. ભારતીય ચાહકોને આશા છે કે ટીમ આ ફોર્મ જાળવી રાખીને ફાઈનલમાં સ્થાન નિશ્ચિત કરશે.



## સંભવતઃ અંતિમ સ્ટેન્ડિંગ : રૂ.૯૫૮ કરોડના વિકાસકામો જાહેર

### ચેરમેન નિલેશ કગથરાના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં બોક્સ ગટર, સફાઈ, સીસી રોડ અને વાલ્વ સપ્લાય સહિતની દરખાસ્તો બહાલ કરાઈ




જામનગર મહાનગર પાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક આજે ચેરમેન નિલેશ બી. કગથરાના અધ્યક્ષસ્થાને મળી હતી, જેમાં શહેરના વિવિધ વિકાસલક્ષી કામો માટે કુલ રૂ. ૯ કરોડ ૫૮ લાખના ખર્ચને મંજૂરી આપવામાં આવી હતી. આ બેઠકમાં ડે. મેયર કિષ્નાબેન સોઢા, કમિશનર ડી.એન. મોદી, ડે. કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલા સહિતના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.બેઠકમાં લેવાયેલા મુખ્ય નિર્ણયો મુજબ, સાત રસ્તા સર્કલથી સુભાષચંદ્ર બોઝના સ્ટેચ્યુ સુધીના ફલાયઓવર બ્રિજ બનાવવાના કામમાં ટેન્ડર ક્લોઝ, જીએસટી ડિફરન્સ અને પ્રાઈઝ એસ્કેલેશન પેટે રૂ. ૫૯૩.૮૨ લાખનો મોટો ખર્ચ મંજૂર કરાયો છે. શહેરની ભુગર્ભ બોકસ ગટરની સફાઈ પાવર બકેટ મશીન દ્વારા કરવા રૂ. ૨૪.૩૧ લાખ અને આરોગ્ય શાખા માટે ૬ મારુતિ ઈકો વાહનો ભાડે રાખવા રૂ. ૧૮.૦૯ લાખનો ખર્ચ નક્કી કરાયો છે. જળ વિતરણ વ્યવસ્થા સુધારવા માટે સ્લુઝ વાલ્વની ખરીદી પેટે રૂ. ૭૯.૭૪ લાખ અને ઝોન-૧ માં પાઈપલાઈન નાખવા માટે રૂ. ૭૮.૦૫ લાખ મંજૂર કરવામાં આવ્યા છે.શહેરના વિવિધ વોર્ડમાં સીસી રોડના કામોને પણ વેગ અપાયો છે, જેમાં લાલવાડી વિસ્તારમાં રૂ. ૪૮.૪૯ લાખ, કનસુમરા તરફ જતા રોડ માટે રૂ. ૧૪.૩૨ લાખ અને રાજપાર્ક-કૈલાસ પાર્ક પાસેના રોડ માટે રૂ. ૩૨.૬૧ લાખ ફાળવાયા છે. ગાર્ડન શાખા દ્વારા અર્બન ફોરેસ્ટ પ્રોગ્રામ અંતર્ગત રોપાઓની ખરીદી માટે રૂ. ૪૮.૦૭ લાખ અને વોર્ડ નં. ૧૦ માં કોમ્યુનિટી હોલ બનાવવા રૂ. ૧૦.૬૦ લાખનો ખર્ચ મંજૂર કરાયો છે. આ ઉપરાંત, દિગ્જામ મીલ અને મહાકાળી મંદિર વચ્ચે સર્કલ બનાવવાના કામને સૈદ્ધાંતિક મંજૂરી આપી જનરલ બોર્ડમાં મુકવા ભલામણ કરાઈ છે. આમ, આજની બેઠકમાં એસ્ટેટ શાખાના ડિમોલિશનના ટ્રેક્ટર ભાડાથી લઈ હાઈડ્રોલિક ટ્રીમિંગ મશીન સુધીની અનેક દરખાસ્તોને બહાલી આપી શહેરના વિકાસકાર્યોને વેગ આપ્યો છે.

જામનગર મહાનગરપાલિકા દ્વારા લેવાયેલા આ નિર્ણયોથી શહેરના ટ્રાફિક, આરોગ્ય અને સ્વચ્છતાના પ્રશ્નોમાં મોટો સુધારો જોવા મળશે. ખાસ કરીને સાત રસ્તાથી સુભાષચંદ્ર બોઝ સ્ટેચ્યુ સુધીના ફ્લાયઓવર બ્રીજ માટેના ખર્ચની મંજૂરીથી શહેરની ટ્રાફિક સમસ્યા હળવી થશે અને વાહનચાલકોનો સમય બચશે. આ ઉપરાંત, ભુગર્ભ ગટરની સફાઈ માટે પાવર બકેટ મશીન અને આરોગ્ય કેન્દ્રો માટે નવા વાહનોની સુવિધાથી શહેરીજનોને પાયાની સુવિધાઓ વધુ ઝડપથી ઉપલબ્ધ બનશે.

વિવિધ વોર્ડમાં સી.સી. રોડ અને પાણીની પાઈપલાઈનના કામોને પ્રાધાન્ય આપીને છેવાડાના વિસ્તારોના રહેવાસીઓની સુખાકારીમાં વધારો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તો બીજી તરફ, અર્બન ફોરેસ્ટ પ્રોગ્રામ હેઠળ રોપાઓની ખરીદી દ્વારા શહેરના પર્યાવરણને સુરક્ષિત રાખવાની દિશામાં પણ મહત્વનું કદમ ઉઠાવવામાં આવ્યું છે. ચેરમેન નિલેશ કગથરાના જણાવ્યા અનુસાર, મંજૂર કરાયેલા આ તમામ કામો નિયત સમયમર્યાદામાં અને ગુણવત્તાયુક્ત રીતે પૂર્ણ થાય તે માટે તંત્રને સૂચનાઓ આપી દેવામાં આવી છે.

## દ્વાદશ જ્યોતિર્લિંગમાં ઐતિહાસિક કોટિ રૂદ્રયાગમાં ૩ કરોડથી વધુ આહુતિઓ સાથે રચાયો ઈતિહાસ


### સમસ્ત બ્રહ્મસમાજ સંગઠન દ્વારા આયોજિત નવદિવસીય મહાયજ્ઞમાં ઊભરાયું 'લઘુ ભારતવર્ષ'



જામનગરના સમસ્ત બ્રહ્મસમાજ સંગઠન (ઈન્ડિયા) ના ઉપક્રમે ભારતભરના બારેય જ્યોતિર્લિંગોમાં આયોજિત 'દ્વાદશ જ્યોતિર્લિંગ કોટિ રૂદ્રયાગ મહામાળા'નું શુક્રવારે ભવ્ય સમાપન થયું છે. હાપા-જામનગરના પ્રખર શિવભકત હર્ષદભાઈ ગુણવંતરાય વ્યાસ પરિવારના મુખ્ય યજમાનપદે યોજાયેલા આ વિરાટ આયોજનમાં ૩ કરોડથી વધુ આહુતિઓ અર્પણ કરી સનાતન ધર્મના ઉત્કર્ષ અને ભૂદેવોમાં દિવ્યતા સ્થાપવાની કામના કરવામાં આવી હતી.ગત ૧૯ થી ૨૭ ફેબ્રુઆરી દરમિયાન દેશના બારેય જ્યોતિર્લિંગ સ્થળોએ એકસાથે ૧૦૮ કુંડી હોમાત્મક યજ્ઞ યોજાયા હતા. આ યજ્ઞમાળાનું મુખ્ય સંચાલન દેવભૂમિ દ્વારકાના નાગેશ્વર જ્યોતિર્લિંગ ખાતેથી ભાગવતાચાર્ય અનિરુદ્ધભાઈ ઠાકરે જીવંત પ્રસારણ દ્વારા કર્યું હતું. આ મહોત્સવમાં ગુજરાત સહિત મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને હિમાચલ પ્રદેશ જેવા વિવિધ રાજ્યોના ૧૨૦૦ જેટલા ભૂદેવ દંપતીઓ સહ-યજમાન તરીકે જોડાયા હતા.વિશેષ રૂપે, પૂર્વ કેબિનેટ મંત્રી શ્રી આર. સી. ફળદુએ રામેશ્વરથી દીપ પ્રાગટ્ય કરી નવ દિવસમાં બારેય જ્યોતિર્લિંગની મુલાકાત લઈ આહુતિ અર્પી હતી અને અંતે નાગેશ્વર ખાતે પૂર્ણાહુતિનું બિડું હોમ્યું હતું. મુખ્ય યજમાન હર્ષદભાઈ વ્યાસે દ્રષ્ટિહીન હોવા છતાં આટલું ભવ્ય વ્યવસ્થાપન કરી સૌને પ્રેરિત કર્યા હતા. ઠંડી અને પ્રતિકૂળ હવામાન વચ્ચે પણ સિનિયર સિટીઝન શિવભક્તોએ કરેલા તપને તેમણે બિરદાવ્યું હતું.સમગ્ર આયોજનમાં તમામ યજમાનો માટે નિવાસ, ભોજન અને મુસાફરી ભાડાની વ્યવસ્થા સંગઠન દ્વારા કરવામાં આવી હતી. નવ દિવસ સુધી વિવિધ જ્યોતિર્લિંગોમાં ધ્વજારોહણ, બ્રહ્મભોજન અને વેદપાઠી શાસ્ત્રીઓ દ્વારા મંત્રોચ્ચારથી વાતાવરણ શિવમય બની ગયું હતું.

## ગુલાબનગરની સમસ્ત સુન્ની મુસ્લિમ જમાતના પ્રમુખપદે ઈસ્માઈલ ખેરાણી બિનહરીફ વરણી

### ઝુબેદા હોલ ખાતે મળેલી જમાતની બેઠકમાં નવી કારોબારીની જાહેરાતઃ ગૌસિયા મસ્જીદ અને મદ્રેસા સહિતની મિલકતોના સંચાલનની જવાબદારી સોંપાઈ



જામનગરના ગુલાબનગર વિસ્તારમાં વર્ષ ૧૯૮૨ થી કાર્યરત અને સામાજિક-ધાર્મિક પ્રવૃત્તિઓમાં અગ્રેસર એવી 'સમસ્ત સુન્ની મુસ્લિમ જમાત' (ટ્રસ્ટ રેજી.નં.બી/૨૬૯) ના નવા હોદ્દેદારોની વરણી પ્રક્રિયા પવિત્ર રમઝાન માસ દરમિયાન સંપન્ન થઈ છે. ગત રવિવારે ગુલાબનગરના ઝુબેદા હોલ ખાતે પૂર્વ પ્રમુખ અને ચૂંટણી ઈન્ચાર્જ સિરાજ ઈસ્માઈલભાઈ ખીરાની દેખરેખ હેઠળ આયોજિત બેઠકમાં ઈસ્માઈલ ઓસમાણભાઈ ખેરાણીને જમાતના નવા પ્રમુખ તરીકે બિનહરીફ જાહેર કરવામાં આવ્યા હતા.નવનિયુકત પ્રમુખની સાથે જમાતના અન્ય હોદ્દેદારોમાં ઉપપ્રમુખ તરીકે ફિરોઝખાન યુસુફખાન બ્લોચ, ખજાનચી તરીકે અલ્તાફ રહેમાનભાઈ સિપાઈ, મંત્રી તરીકે જોયબ યુસુફભાઈ સંધી અને સહમંત્રી તરીકે જાહીર અબ્બાસભાઈ દલની નિમણૂક કરવામાં આવી છે. આ ઉપરાંત, જમાતના વહીવટને સુદ્રઢ બનાવવા માટે કારોબારી સભ્યો તરીકે ઈરફાન ઈબ્રાહીમ શાહ, અકબર મુસાભાઈ ખીરા, અસગર જુમ્માભાઈ વાઘેર, ફિરોઝ મુસાભાઈ વાંઢા, સરફરાઝ મોહમદ વધેરા અને યુસુફ અબ્બાસ કકલની પસંદગી કરવામાં આવી છે.નોંધનીય છે કે આ નવી ટીમ આગામી સમયમાં જમાત હસ્તકની ગૌસિયા મસ્જીદ, અલીશાહ પીરની દરગાહ, ઝુબેદા હોલ, ઈમામ ખાન અને મદ્રેસા સહિતની મિલકતોનું સંચાલન સંભાળશે. આ વરણી પ્રસંગે મોટી સંખ્યામાં જમાતના અગ્રણીઓ અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા અને નવનિયુક્ત ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી.

## લાલપુરમાં કોલેરાનો વધુ એક કેસઃ યુવાનને હોસ્પિટલમાં ખસેડાયો

### આરોગ્ય વિભાગ દ્વારા ૨૪૬ મકાનોનો સર્વે અને ક્લોરીન ટેબલેટનું વિતરણ; અત્યાર સુધીમાં કુલ ૮ કેસ નોંધાયા

જામનગર શહેરમાં કોલેરાના કેસો બાદ હવે ગ્રામ્ય વિસ્તારોમાં પણ કેસો સામે આવી રહ્યા છે. તાજેતરમાં લાલપુર પંથકમાં કોલેરાનો વધુ એક પોઝિટિવ કેસ નોંધાતા તંત્ર દોડતું થયું છે. લાલપુરના એક ૩૦ વર્ષીય યુવાનને કોલેરાના લક્ષણો દેખાતા તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે, જ્યાં હાલ તેની સઘન સારવાર ચાલી રહી છે.

જામનગર ગ્રામ્ય વિસ્તારની સ્થિતિ પર નજર કરીએ તો, અત્યાર સુધીમાં કુલ ૮ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાંથી ૭ દર્દીઓ સ્વસ્થ થતા તેમને રજા આપી દેવામાં આવી છે, જ્યારે હાલ માત્ર ૧ દર્દી સારવાર હેઠળ છે. લાલપુરમાં કેસ નોંધાતાની સાથે જ આરોગ્ય વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી હતી. આરોગ્ય ટીમ દ્વારા વિસ્તારના ૨૪૬ મકાનોનો સર્વે કરી ૧,૨૫૯ની વસ્તીને આવરી લેવામાં આવી હતી.

આ સર્વે દરમિયાન તંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે ૧૨ ઓઆરએસ (ORS) પેકેટ અને ૫૬૦ ક્લોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આરોગ્ય અધિકારીઓના જણાવ્યા મુજબ, ગ્રામ્ય વિસ્તારમાં સ્થિતિ હાલ સંપૂર્ણપણે અંકુશમાં છે અને ક્લોરીનેશન સહિતની તકેદારી રાખવા લોકોને સૂચના આપવામાં આવી

## મેગા ટ્રાફિક ડ્રાઈવ ૧,૩૨૫ વાહનોચાલકો દંડાયા

### એસપી ડો. રવિ મોહન સૈનીની સૂચનાથી કડક કાર્યવાહીઃ બ્લેક ફિલ્મ, ફેન્સી નંબર પ્લેટ અને નબીરાઓ સામે લાલ આંખ



જામનગર જિલ્લા પોલીસ દ્વારા ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે સતત બીજા દિવસે પણ સ્પેશિયલ ટ્રાફિક ડ્રાઈવ યોજી કડક કાર્યવાહી કરવામાં આવી હતી. જિલ્લા પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલી આ ઝુંબેશમાં કુલ ૧,૩૨૫ વાહનો ચેક કરવામાં આવ્યા હતા અને વિવિધ કેસો અંતર્ગત કુલ રૂ. ૧,૬૬,૫૦૦ ના હાજર દંડની વસૂલાત કરવામાં આવી છે.આ ડ્રાઈવ દરમિયાન એમ.વી. એક્ટ મુજબ નંબર પ્લેટ વગરના વાહનો, ફેન્સી નંબર પ્લેટ, કારમાં બ્લેક ફિલ્મ લગાડનાર તેમજ નશાની હાલતમાં વાહન ચલાવતા ચાલકો વિરુદ્ધ કાયદેસરના પગલાં લેવામાં આવ્યા હતા. પોલીસની કામગીરીના આંકડા મુજબ, એમ.વી. એક્ટની કલમ-૨૦૭ હેઠળ ૧ વાહન ડિટેઈન કરાયું છે, જ્યારે હથિયાર જાહેરનામા ભંગના ૬ કેસ અને નશામાં વાહન ચલાવવા બદલ ૧ કેસ નોંધવામાં આવ્યો છે.આ ઉપરાંત, ફોરવ્હીલર કારમાં બ્લેક ફિલ્મ અને ફેન્સી નંબર પ્લેટ ધરાવતા ૪૫ ચાલકો સામે પણ કાર્યવાહી કરવામાં આવી હતી. એમ.વી. એક્ટ હેઠળના ૨૨૧ કેસમાં રૂ. ૯૮,૭૦૦ નો હાજર દંડ અને ઈ-ચલણ પાવતીના ૬૩ કેસમાં રૂ. ૬૭,૮૦૦ મળી કુલ રૂ. ૧,૬૬,૫૦૦ ની રકમ વસૂલવામાં આવી છે.આ સમગ્ર કામગીરીમાં મદદનીશ પોલીસ અધિક્ષક (લાલપુર વિભાગ), નાયબ પોલીસ અધિક્ષક (શહેર/ગ્રામ્ય), એલ.સી.બી., એસ.ઓ.જી., ટ્રાફિક શાખા તેમજ તમામ પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને સ્ટાફ જોડાયો હતો. પોલીસની આ સતત કાર્યવાહીથી ટ્રાફિકના નિયમો તોડનારા નબીરાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

જામનગર પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી આ આક્રમક ટ્રાફિક ડ્રાઈવનો મુખ્ય હેતુ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ કરવાનો અને માર્ગ અકસ્માતોના પ્રમાણમાં ઘટાડો લાવવાનો છે. પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈનીની સૂચના મુજબ, માત્ર દંડની વસૂલાત જ નહીં પરંતુ ટ્રાફિકના નિયમોનું ચુસ્ત પાલન થાય તે માટે પોલીસ તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. ખાસ કરીને રાત્રિના સમયે ડ્રિંક એન્ડ ડ્રાઈવ કરતા તત્વો અને નિયમ વિરુદ્ધ બ્લેક ફિલ્મ કે ફેન્સી નંબર પ્લેટ લગાવી ફરતા વાહન ચાલકો પર તરાપ મારવામાં આવી રહી છે. પોલીસની આ કડક કાર્યવાહીને પગલે નિયમ ભંગ કરતા ચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ વધુ તેજ બનાવવામાં આવશે, જેથી જામનગરના માર્ગો પર સલામતી અને શિસ્ત જળવાઈ રહે.

## ધારાસભ્ય દિવ્યેશ અકબરી આણદાબાવા સેવા સંસ્થાના બાળકો અને વડીલો સાથે ધુળેટી મનાવશે

### ધારાસભ્ય સતત ચોથા વર્ષે દિવ્યાંગ બાળકો અને વૃદ્ધાશ્રમના વડીલો સાથે રંગોત્સવ ઉજવી સંવેદનશીલતાનો પરિચય આપશે

જામનગર ૭૯-વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય દિવ્યેશ અકબરી પોતાના પ્રત્યેક તહેવારની ઉજવણી ગરીબ, અનાથ તેમજ દિવ્યાંગ બાળકો અને તેમના પરિવાર સાથે કરવાની પરંપરા ધરાવે છે. જેના ભાગરૂપે આગામી બુધવાર, ૪ થી માર્ચ ૨૦૨૬ ના રોજ ધુળેટીનું પર્વ તેઓ જામનગરની સુપ્રસિદ્ધ આણદાબાવા સેવા સંસ્થામાં આશ્રિત બાળકો અને વડીલો સાથે મનાવશે.

ધારાસભ્ય બન્યા બાદ દિવ્યેશ અકબરીએ છેલ્લા ૩ વર્ષથી પોતાના પરિવાર કે વિશાળ મિત્ર વર્તુળ સાથે ધુળેટી મનાવવાને બદલે દિવ્યાંગ બાળકો સાથે સમય વિતાવવાનું પસંદ કર્યું છે. આ વર્ષે પણ તેઓ આ પરંપરા અવિરત રાખતા બુધવારે સવારે ૧૦:૩૦ વાગ્યે આણદાબાવા સેવા સંસ્થા સંચાલિત આશ્રમમાં અભ્યાસ કરતા મુક-બધિર અને અન્ય દિવ્યાંગ બાળકો તેમજ વૃદ્ધાશ્રમમાં રહેતા વડીલો સાથે ધુળેટીની ઉજવણી કરશે.

આ મુલાકાત દ્વારા ધારાસભ્ય મુક-બધિર બાળકોના જીવનમાં ધુળેટીના રંગો સાથે આનંદ અને પ્રેરણા ભરવાનો વિનમ્ર પ્રયાસ કરશે. પોતાની સંવેદનશીલતાની અનુભૂતિ કરાવી રહેલા ધારાસભ્યના આ સેવાભાવી અભિગમને જામનગરના પ્રબુદ્ધ નાગરિકો બિરદાવી રહ્યા છે.

## હાપા માર્કેટિંગ યાર્ડમાં કલોંજીની આવક શરૂ મુહૂર્તના સોદામાં મણના રૂ.૪,૧૫૧ બોલાયા

### જામજોધપુરના વનાણા ગામના ખેડૂતની ૧૦ મણ કલોંજીની આવકઃ ઊંચા ભાવ મળતા ખેડૂત ખુશખુશાલ



જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડમાં આજે નવી કલોંજીના શ્રીગણેશ થયા છે. સીઝનની પ્રથમ આવક રૂપે જામજોધપુર તાલુકાના વનાણા ગામના એક ખેડૂત પોતાની ૧૦ મણ કલોંજી લઈને વેચાણ અર્થે યાર્ડમાં આવ્યા હતા, જ્યાં મુહૂર્તના સોદામાં કલોંજીના રેકોર્ડબ્રેક ભાવ જોવા મળ્યા હતા.યાર્ડમાં થયેલી હરરાજી દરમિયાન આ નવી કલોંજીના ૨૦ કિલો (૧ મણ) ના ૪,૧૫૧ રૂપિયા બોલાયા હતા. આ સોદો જામનગરના અખંડ એન્ટરપ્રાઈઝ નામના કમિશન એજન્ટ મારફત કરવામાં આવ્યો હતો અને કનૈયા ટ્રેડિંગ કંપની દ્વારા મુહૂર્તના સોદા રૂપે આ કલોંજીની ખરીદી કરવામાં આવી હતી. સીઝનની શરૂઆતમાં જ સારા ભાવ મળતા ખેડૂતમાં ભારે આનંદની લાગણી જોવા મળી રહી છે.

## જામખંભાળીયાના આહીર સિંહણ ગામે આજે કાનગોપી કાર્યક્રમ




**અબતક, વિનાયક ભટ્ટ**
**ખંભાળીયા**

જામખંભાળિયા તાલુકાના આહિર સિંહણ ગામે બિરાજમાન શ્રી ક્ષત્રિય સંઘાર સમાજ નાં ઈષ્ટ દેવ સંઘાયડા વારા જખ્ખડાડાની પહેડી મહોત્સવ નું દર વર્ષેની જેમ આ વર્ષે પણ શ્રી ક્ષત્રિય સંઘાર સમાજ ટ્રસ્ટ દ્વારા આયોજન કરેલ છે જેમાં તા.૩/૩/૨૦૨૬ મંગળવારે સવારે ૧૦ વાગ્યે ધ્વજારોહણ, સાંજે ૫ વાગ્યે મહાઆરતી, સાંજે ૬/૩૦ વાગ્યે મહાપ્રસાદી અને રાત્રે ૧૦ વાગ્યે ભીમભાઈ ઓડેદરા ગૃપ દ્વારા કાન ગોપી રાસ નું સુંદર ધાર્મિક આયોજન કરવામાં આવ્યું છે તો આ તમામ ધાર્મિક પ્રસંગે સૌરાષ્ટ્ર કચ્છ વાગડ ના શ્રી ક્ષત્રિય સંઘાર સમાજ નાં તમામ જ્ઞાતિજનો ને પધારવા માટે ભાવભર્યું આમંત્રણ આપવામાં આવે છે .

## જામનગરઃ સરમતના સરપંચના જેઠ અને ભત્રીજા સહિત ત્રણ પર હુમલો

### ઘર નજીક અપશબ્દો બોલવાની ના પાડતા પૂર્વ સરપંચના ચાર સભ્યોએ મારમાર્યો

જામનગર તાલુકાના સરમત ગામમાં રહેતા અને ખેતી કામ કરતા મુળુભા મનુભા જાડેજા નામના ૫૫ વર્ષના ખેડૂત કે જે સરમત ગામના મહિલા સરપંચ વંદનાબાના જેઠ થાય છે, જેઓ ઉપર તેમજ તેમના નાનાભાઈ હનુભા અને તેમના પુત્ર પૃથ્વીરાજસિંહ વગેરે ઉપર સામાન્ય બોલાચાલી બાદ તલવાર અને લોખંડના સળિયા વડે હુમલો કરાયો હતો, જે હુમલા માં ત્રણેય ને ઈજા થઈ હતી. જે પૈકી મૂળુભાને હાથમાં તલવાર વાગી હતી, જ્યારે લોખંડના સળિયા વડે હુમલો થવાથી હાથમાં ફેક્ચર થઈ ગયું હતું, અને જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી. આ બનાવની જાણ થતાં પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો, જ્યાં મુળુભા પોતાના નિવેદનમાં જણાવ્યું હતું, કે પોતાના ઘર પાસે પૂર્વ સરપંચ ના પરિવારના સભ્યો એવા રાજદીપસિંહ જયેન્દ્રસિંહ જાડેજા, તથા દશરથસિંહ જયેન્દ્રસિંહ જાડેજા વગેરે અપશબ્દો બોલી રહ્યા હતા, જેને અટકાવવા જતાં તેઓ ઉસકેરાયા હતા, અને ભીષ્મરાજસિંહ હકુભા જાડેજા ઉપરાંત કુલદીપસિંહ રણજીતસિંહ જાડેજા વગેરેને પણ ફોન કરીને બોલાવી લીધા હતા, અને તમામે તલવાર અને લોખંડના સળિયા વડે હુમલો કરી દીધાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે. સિક્કા પોલીસે હુમલા અંગે ગુનો નોંધ્યો છે, અને સમગ્ર મામલામાં એએસઆઈ સી.ડી. ગાંભવા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## દ્વારકા જતા પદયાત્રીઓને નડતર રૂપ ડી.જે.ના વાહન ચાલકો સામે પોલીસની લાલ આંખ

### ટેમ્પો, જીપ, મિનિ ટ્રક મળી ૧૪ વાહનો ડિટેઈનઃ પોલીસ કાર્યવાહીથી આવારા તત્વોમાં ફફડાટ

**અબતક,વિનાયક ભટ્ટ**
**ખંભાળીયા**

દ્વારકા ફૂલડોલ ઉત્સવમાં જતા પદયાત્રીઓને ખુબજ સારી સગવડો મળે તથા અગવડોના ઉભી થાય તે માટે દ્વારકા જિલ્લા વહીવટી તંત્ર તથા પોલીસ તંત્ર દ્વારા રસ્તાઓ પર જાહેરનામા તંત્રે અમલ સેવા કેમ્પ વિ. કરાયા હતા પરંતુ દર વર્ષે મોટા પ્રમાણમાં મોટા સ્પીકરો સાથે રસ્તાની વચ્ચે ડીજેનું વાહન ઉભુ રાખીને લોકોને ચાલવામાં નડતરરૂપ થતા તથા રસ્તાની વચ્ચે રાસ કરવા વાહનોને રોકીને તેમને ધરાર પોતાની પાસેથી ચીજો આપવી જેવી પ્રવૃત્તિ થતી હોવાની ફરિયાદો આવતા દ્વારકા પોલીસ વડા જયરાજસિંહ વાળા, ડી.વાય.એસ.પી.ના માર્ગદર્શનમાં ખંભાળીયા ઈન્ચાર્જ પી.આઈ. નિકુંજ જોશીએ સ્ટાફ સાથે પાયલ હોટલ ખંભાળીયાથી વડત્રા સુધી ચેકીંગ કરીને આવા રસ્તા પર ઘોંઘાટ અને નડતરરૂપ એવા નાના મોટા ૧૪ વાહનો છોટાહાથી આઈસર, બોલેરો, જેવા ડીટેન કરતા આવા વાહન ચાલકો અને તેમના સંઘમાં સોપો પડી ગયો હતો તો પદયાત્રીઓમાં રાહત થઈ ગઈ હતી.

# ભાજપની નવી રણનીતિ: ચાર મહાનગરોમાં પ્રદેશ મહામંત્રીને બનાવ્યાં પ્રભારી !

**પ્રદેશ કારોબારી સભ્યોને પ્રભારી બનાવાતા નથી પરંતુ આ વખતે આ નિયમ પણ તોડાયો: જુથવાદને સંદતર ડામી દેવા પ્રમુખ વિશ્વકર્માની નવી ચાલ**

**પ્રદેશ મહામંત્રી ડો. પ્રશાંત કોરાટને સુરત શહેરના, અજયભાઇ બ્રહ્મભટ્ટને અમદાવાદ શહેરના, અનિરૂધ્ધભાઇ દવેને રાજકોટ શહેરના અને હિતેન્દ્રસિંહ ચૌહાણને વડોદરા શહેરના પ્રભારી બનાવાતા કાર્યકરોમાં પણ આશ્ચર્યમાં મૂકાયા**

**પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણીને જુનાગઢ જીલ્લાનો, પૂર્વ મેયર ધનસુખ ભંડેરીને જામનગર શહેરના, કશ્યપ શુકલને અમદાવાદ જીલ્લાના અને કમલેશ મીરાણીને ભાવનગર શહેરનો હવાલો**






**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઇ વિશ્વકર્મા દ્વારા રાજયના અલગ અલગ ૪૨ શહેર અને જિલ્લાના પ્રભારીની નિયુકિત કરવામાં આવી છે. પક્ષ દ્વારા નવી રણનીતી અપનાવવામાં આવી છે. ચાર પ્રદેશ મહામંત્રીઓને રાજયના ચાર મુખ્ય મહાનગરોના પ્રભારી બનાવવામાં આવ્યા છે. ચારેય મહામંત્રી અલગ અલગ ઝોનના તો પ્રભારી છે જ સાથો સાથ તેઓને મહાનગરોના પ્રભારીની સવિશેષ પ્રભારીની જવાબદારી આપવામાં આપી છે. બીજી સૌથી મોટી વાત એ પણ છે કે કારોબારી સભ્ય હોય તેવા આગેવાનોને પણ શહેર કે જિલ્લાના પ્રભારી બનાવાયા છે. રાજકોટ શહેરના ચાર આગેવાનો જુના જોગીઓને પ્રભારી તરીકેની મોટી જવાબદારી સોંપવામાં આવી છે. જેમાં કશ્યપભાઇ શુકલને અમદાવાદ જીલ્લાના પ્રભારી, ધનસુખભાઇ ભંડેરીને જામનગર શહેરના પ્રભારી, અરવિંદભાઇ રૈયાણીને જુનાગઢ જીલ્લાના પ્રભારી અને કમલેશભાઇ મિરાણીને ભાવનગર શહેરના પ્રભારી તરીકે નિયુકત કરાયા છે.

(અનુ. આઠમા પાને)

## ભરતભાઇ પંડ્યાને કિશાન મોરચાના પ્રભારી બનાવાયા



ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા અલગ અલગ સાત મોરચાના પ્રભારીની નિયુકિત કરાય છે. યુવા મોરચાના પ્રભારી તરીકે કીરીટભાઇ પટેલ, મહિલા મોરચાના પ્રભારી તરીકે શબ્દ શરણભાઇ બ્રહ્મભટ્ટ, ઓબીસી મોરચાના પ્રભારી તરીકે નટુજી ઠાકોર એસ.સી. મોરચાના પ્રભારી તરીકે હિતેશભાઇ પટેલ, એસ.ટી. મોરચાના પ્રભારી તરીકે ગીતાબેન રાઠવા, કિશાન મોરચાના પ્રભારી તરીકે ભરતભાઇ પંડ્યા અને લઘુમતિ મોરચાના પ્રભારી તરીકે રસિકભાઇ પ્રજાપતિની નિયુકિત કરાય છે.

**પ્રદેશ મહામંત્રી ઝોનના પ્રભારી પણ છે હવે મહાનગરનો હવાલો આપી શકિત – સત્તા ઓછી કરાયાની પણ ચર્ચા**

# હોળીની જાળ પૂર્વથી દક્ષિણ તરફ જતા ચોમાસું ૧૨ આની રહેવાનો વરતારો

**પાકને નુકશાની થવાનો અને રોગચાળો ફાટી નિકળવાનો પણ અંદાજ**

**અબતક, રાજકોટ**

હોળી પ્રગટાવ્યા બાદ તેની જાળ કઈ દિશામાં જાય છે તેના આધારે વર્ષ કેવું રહેશે તેનો અંદાજ આંકવામાં આવતો હોય છે. વર્ષો જુની આ પરંપરા આજે પણ જીવંત અને અકબંધ છે. ગઈકાલે હોળી પ્રજજવલીત કરાયા બાદ રાજકોટ અને સોમનાથ સહિતના શહેરોમાં હોળીની જાળ પૂર્વથી અગ્નિખૂણાથી દક્ષિણ દિશા તરફની રહી હતી. ચોમાસુ ૧૨ આની રહેશે. પાકને નુકશાની જશે અને રોગચાળો ફાટી નિકળવાની પણ દહેશત રહેલી છે.

જયોતિષી - વેંદાંતરત્ન રાજદીપભાઈ શાસ્ત્રીના જણાવ્યાનુસાર હોળીની જાળના આધારે આપવામાં આવતો ચોમાસા અને વરસાદનો વરતારો દરેક ગામમાં અલ અલગ હોય શકે છે. રાજકોટ અને સોમનાથમાં હોળીની જાળ પૂર્વથી દક્ષિણ દિશા તરફ રહેવા પામી છે. ચોમાસુ ૧૨ આની રહેશે પાકને નુકશાની થવાની પણ શકયતા રહેલી છે. રોગચાળો ફાટી નીકળવાની પણ સંભાવના છે. ઉનાળાના દિવસોમાં આકરા તડકા પડશે. ગત વર્ષ હોળીની જાળ પૂર્વ દિશા તરફ ગઈ હતી વર્ષ એકંદરે સારૂ રહ્યું હતુ. આ વર્ષ પણ સારૂ રહે તેવો વરતારો છે.





તસવીર: શૈલેષ વાડોલિયા

## આજે ચંદ્રગ્રહણ: દેવોના દ્વાર ભકતો માટે બંધ



આજે ચંદ્રગ્રહણ છે જોકે ભારતમાં ચંદ્રોદય પૂર્વ જ ચંદ્રગ્રહણ પૂરૂ થઈ જવાનું હોય ધાર્મિક દ્રષ્ટિએ ગ્રહણ પાળવાનું નથી. આજે સવારથી દેવોના દ્વાર ભાવિકો માટે બંધ કરી દેવામાં આવ્યા છે.

જયારે ચંદ્ર સંપૂર્ણપણે પૃથ્વીના પડછાયામાં પ્રવેશ કરે છે ત્યારે પૂર્ણ ચંદ્રગ્રહણ થાય છે. આ ત્યારે થાય છે જયારે પૃથ્વી સૂર્ય અને ચંદ્રની વચ્ચે આવે છે, જે ચંદ્રની સપાટી પર સીધા સૂર્યપ્રકાશને પહોંચતા અટકાવે છે.

આ તબક્કા દરમિયાન, ચંદ્ર તાંબા જેવો અથવા લાલ રંગનો દેખાય છે, આ ઘટનાને ઘણીવાર ''બ્લડ મૂન'' (અનુ. આઠમા પાને)

## કાલે ધુળેટી પર્વની ઉજવણી

**બાળકોથી માંડી વડીલો સુધી તમામ વયના લોકો રંગે રમી જીવનમાં નવા રંગો ભરશે**

આવતીકાલે રંગોનું પર્વ ધુળેટીની ઉજવણી કરવામાં આવશે. બાળકોથી માંડી વડીલો સુધી તમામ વયના લોકો રંગે રમી પોતાના જીવનમાં નવા રંગો પૂરશે હોળીના તહેવારના બીજા દિવસે જ ધુળેટી પર્વની ઉજવણી કરવામાં આવતી હોય છે.પરંતુ આ વર્ષ આજનો દિવસ પડતર હોવાના કારણે આવતીકાલે બુધવારે ધુળેટી પર્વની ઉજવણી કરવામાં આવશે. ધુળેટી નિમિતે ઠેર ઠેર રંગોથી રમવા સાથે બપોરનું ભોજનના આયોજન કરવામાં આવ્યું છે. અનેક મંદીરોમાં આજે ડોલોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. આજે ચંદ્રગ્રહણ હોવાથી અનેક મંદીરોમાં કાલે ડોલોત્સવની ઉજવણી કરવામાં આવશે.

## ઉનાળામાં કાળઝાળ ગરમી પડશે

હોળીની જાળના આધારે એવું પણ પ્રાથમિક તારણ લગાવવામાં આવી રહ્યું છે કે આ વર્ષ ઉનાળાની સિઝનમાં આકરા તડકા પડશે. ગરમી પાછલા તમામ વર્ષોના રેકોર્ડ બ્રેક કરશે તેવું લાગી રહ્યું છે. માર્ચના આરંભથી જ સૂર્યનારાયણ આકાશમાંથી આગ ઓકવા લાગશે. આગામી સપ્તાહે પારો ૪૦ ડિગ્રી આસપાસ પહોચી જશે.

# જેતપુર નજીક ત્રીપલ અકસ્માતમાં બે યુવાનના મોત

**ટ્રક ચાલકે બ્રેક મારતા કન્ટેનર બસ સાથે અથડાઈને બાઈક પર પડતા ગોંડલના અને સરધારપુરના યુવકનું મોત**

**અબતક, કરણ બારોટ, જેતપુર**

જેતપુર રાજકોટ નેશનલ હાઈવે પર આવેલા ભાદરના ફૂલ નજીક અકસ્માત સર્જાયો છે. જેમાં ટ્રક ચાલકે અચાનક બ્રેક મારતા કન્ટેનર ખાનગી બસ સાથે અથડાઈ ને બાઈક પર પડતા જેમાં ગોંડલ અને જેતપુરના સરદારપુર ગામના યુવાનના મોત નીપજ્યા હતા. આ બનાવને પગલે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. જેને પગલે ઉધોગ નગર પોલીસ મથકનો કાફલો દોડી જય સર્જાયેલા ટ્રાફિકને ક્લિયર કરી બંને મૃતકોને પીએમ અર્થે હોસ્પિટલે ખસેડી પોલીસે ટ્રકના ચાલક સામે કાર્યવાહી હાથ ધરી અટકાયત કરી છે. વધુ વિગત મુજબ ગોંડલ શહેર ખાતે રહેતા કરણ નિલેશભાઈ દાણીધારીયા નામનો યુવાન જેતપુર ખાતે પોતાના ભાણેજની પથમ હોળી હોવાથી તેને હોળીની આટો મારવા માટે ગયા હતા ત્યાંથી પરત ગોંડલ ફરી રહ્યા હતા ત્યારે જેતપુર નજીક આવેલા ભાદર નદીના પુલ પર પહોંચ્યા હતા ત્યારે કન્ટેનરના ચાલકે અચાનક બ્રેક મારતા કન્ટેનર ટ્રકમાંથી કન્ટેનર નો લોક ખુલી જતા કન્ટેનર ખાનગી પર બસ સાથે ટકરાઈને બાઈક પર પડ્યું હતું જેમાં ગોંડલના કરણ દાણીધારીયા અને જેતપુર તાલુકાના સરધારપુર ગામના ભાભલુભાઈ લાલુ નામના ૪૫ વર્ષીય યુવાન સહિત બંનેના મોત નીપજ્યા હતા.


આ બનાવની જાણ ઉધોગ નગર પોલીસ મથકને થતા સ્ટાફ સાથે દોડી ગયો હતો. અકસ્માતને પગલે સર્જાયેલા ટ્રાફિક જામને ક્લિયર કરાવી પોલીસે બંને મૃત દેહને પીએમ અર્થે ખસેડી ટ્રક ચાલક સામે કાર્યવાહી હાથ ધરી અટકાયત કરી છે.

**મોડી રાત્રે સર્જાયેલા અકસ્માતને પગલે ઉધોગ નગર પોલીસ દોડી જઇ ટ્રાફિકને ક્લીયર કર્યો**

# ધ્રોલના વાંકીયા ગામે બીમારીથી કંટાળી દંપતીનો સજોડે આપઘાત

**વૃધ્ધ પતિ-પત્નિએ ઝેરી દવા પી જીવન ટુંકાવી લેતા ભીમાણી પરિવારમાં અરેરાટી**

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**



જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના વાંકીયા ગામે અત્યંત દુ:ખદ અને હ્રદયદ્રાવક ઘટના પ્રકાશમાં આવી છે. લાંબા સમયથી શારીરિક અને માનસિક બીમારીથી પીડાતા વૃધ્ધ દંપતીએ બીમારીથી કંટાળી ઝેરી દવા ગળી લેતા બંનેના કરુણ મોત નીપજ્યા છે. આ બનાવથી સમગ્ર પંથકમાં અને ભીમાણી પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

ઘટનાની વિગત મુજબ, વાંકીયા ગામે રહેતા દામજીભાઈ મુળજીભાઈ ભીમાણી (ઉંમર વર્ષ ૭૦) અને તેમના પત્ની માનુબેન દામજીભાઈ ભીમાણી (ઉંમર વર્ષ ૬૮) લાંબા સમયથી વિવિધ શારીરિક અને માનસિક બીમારીઓથી પીડાતા હતા. તેમની સારવાર પણ સતત ચાલુ હતી, પરંતુ બીમારીમાં કોઈ નોંધપાત્ર સુધારો ન આવતા તેઓ માનસિક રીતે ભાંગી પડ્યા હતા. ગઈકાલે તા.૦૨/૦૩/૨૦૨૬ના રોજ સાંજના આશરે ૬:૩૫ વાગ્યાના અરસામાં, જ્યારે દંપતી ઘરે એકલું હતું, ત્યારે બીમારીના કંટાળામાં તેઓએ ઘરમાં પડેલા ઘઉંમાં નાખવાના ઝેરી ટીકડા ગળી લીધા હતા.

ઝેરી દવા ગળી લેતા બંનેની હાલત લથડી હતી, જે બાદ તેઓને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, (અનુ. આઠમા પાને)

# રાજકોટમાં 'ક્રીમ' તારવનારાઓની છત્ર તળે ધમધમતા ડબ્બા ટ્રેડિંગનું રેકેટ ઝડપી લેતી એસએમસી

**ડીજીપીએ પીઠ થપથપાવ્યાની ૨૪ કલાકમાં જ પોલીસ કમિશ્નર કચેરી નજીક આવેલી ઓફિસમાં ડીજીપી સ્કોડ ત્રાટકી નામીચા બુકી સહિત ત્રણની ધરપકડ**

**ટેક્ષ ચોરી કરી સરકાર સાથે વિશ્વાસઘાત કર્યો પ્ર. નગર પોલીસ મથકમાં આકરી કલમ હેઠળ ગુનો નોંધાયો, ભાગીદાર, ગ્રાહકો સહિત ૬ શખ્સોની શોધખોળ**

## 'માધવ' માં ક્રીમ ખાનારા દ્વારકાના દર્શન કરવા તો જતાં નો'તા!: સીસીટીવીની ચકાસણી થાય તો અનેકનો આવરો જાવરો ખુલ્લો પડી જશે

જયારે યાજ્ઞિક રોડ પર આવેલી માધવ કોમ્પ્લેક્સમાં સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે દરોડો પાડી ડબ્બા ટ્રેડિંગનું રેકેટ ઝડપી લીધું છે ત્યારે હવે વિશ્વસનીય સૂત્રોમાંથી એવી માહિતી મળી રહી છે કે, અહીં દિવસ દરમિયાન સતત ક્રીમ ખાનારા ખાખીધારીઓની અવર જવર રહેતી હતી જેથી હવે ક્રીમ ખાનારા અહીં માધવમાં દ્વારકાના દર્શન કરવા તો જતાં નહિ. ત્યારે હવે ફક્ત આ બિલ્ડીંગ અને તેની આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસવામાં આવે તો કેટલી સરકારી બોલેરો અને કેટલા ખાખીધારી માધવમાં મલાઈ તારવી ચુક્યા છે તેં ખુલ્લું પડી શકે તેમ છે.

**અબતક, રાજકોટ**

રાજકોટના યાજ્ઞિક રોડ પરની ઓફિસમાં સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ ત્રાટકી હતી અને નામીચા બુકી સહીતના ત્રણ શખ્સોની ધરપકડ કરી ગેરકાયદે ડબ્બા ટ્રેડિંગનું રેકેટ ઝડપી પાડ્યું હતું. મોબાઈલમાં શેરબજાર માર્કેટની અલગ અલગ એપ મારફત શેર અને સોના ચાંદીના ભાવની વધઘટના આધારે ગ્રાહકોને ટીપ આપી આંગળીયા પેઢી મારફત હવાલા લઈ ગેરકાયદેસર સટ્ટો ચાલતો હતો. સમગ્ર મામલામાં પ્ર. નગર પોલીસ મથકમાં આકરી કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.

દરોડાની પ્રાપ્ત વિગત મુજબ, સ્ટેટ મોનીટરીંગ સેલના ડીઆઈજી નિરલિપ્ત રાય અને એસપી મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ અલગ અલગ ટીમો રાજ્યભરમાં દારૂ-જુગારની બદી દૂર કરવા માટે પેટ્રોલિંગમાં હતી. ત્યારે પીએસઆઈ વી. એમ.જાડેજા અને ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, રાજકોટમાં યાજ્ઞિક રોડ પર આવેલ એક કોમ્પ્લેક્સની ઓફિસમાં ગેરકાયદેસર રીતે શેરની લે-વેચ કરી ડબ્બા ટ્રેડીંગ ચલાવે છે અને મુખ્ય સૂત્રધાર રાકેશ પોપટ પોતાના મોબાઈલ ફોનમાં વિવિધ એપમાં શેર બજારની વધઘટ જોઈ લોકોને શેર બજારમાં વધુ કમાણી કરી આપવાની ટીપ્સ આપી સ્ટોક બજારનુ કોઈપણ પ્રકારના લાયસન્સ વગર શેર બજારની લે-વેચનો ધંધો ગેરકાયદેસર કરે છે, તેવી ચોક્કસ બાતમીના આધારે ટીમે દરોડો પાડી મુખ્ય સૂત્રધાર સહિત ત્રણ શખ્સોને પકડી પાડવામાં આવ્યા હતાં.

જ્યારે પકડાયેલ મુખ્ય સૂત્રધાર રાકેશ ધીરજલાલ પોપટે પોલીસને કબૂલાત આપી હતી કે, (અનુ. આઠમા પાને)

## વિજીલન્સ ત્રાટકતા સ્વચ્છ આઈપીએસની છબી ધરાવતા સીપી ઝા આકરાપાણીએ: અનેકના તપેલા ચડશે

ટીઆરપી ગેમઝોન દુર્ઘટના બાદ પોલિસની છબી ખરડાઈ હતી તેવા સમયે અહીં બદલી થઈને આવેલા સીપી બ્રજેશકુમાર ઝાએ કુનેહપૂર્વક પ્રજા અને પોલિસના સંબંધો ફરી સુમેળભર્યા બનાવ્યા હતા. જે બાદ તાજેતરમાં જ જંગલેશ્વરમાં શાંતિપૂર્ણ રીતે પાર પાડવામાં આવેલા ઑપરેશન ડિમોલીશન બદલ ખુદ ડીજીપીએ શહેર પોલિસની પીઠ થપથપાવી હતી. જેની ફક્ત ૨૪ કલાકમાં જ ડીજીપી સ્કોડ પોલિસ કમિશ્નર કચેરી નજીક જ આવેલી ઓફિસમાં ત્રાટકી હતી અને ડબ્બા ટ્રેડિંગનું રેકેટ ઝડપી લીધું હતું. જેના લીધે તદ્દન સ્વચ્છ છબી ધરાવતા સીપી ઝા આકરાપાણીએ આવ્યા છે. આશરે બે વર્ષની મહામહેનતે પોલિસની છબી સુધારનાર અધિકારીની મહેનત પર પાણી ફેરવી દેનાર 'ક્રીમ' તારવનાર કર્મચારીઓના તપેલા ચડવાનું લગભગ નક્કી મનાઈ રહ્યું છે.

### મુહ મેં રામ, બગલ મેં છૂરી

## આંગડિયા પેઢીના ઓઠા તળે મગરમચ્છો સટ્ટા-ડબ્બા ટ્રેડિંગનો હવાલા રેકેટ ચલાવી રહ્યાનું ફરીવાર ખુલ્યું

એસએમસીએ જે ઓફિસમાં દરોડો પાડ્યો તેં આંગડિયા પેઢીની ઓફિસ હોવાનું જાણવા મળ્યું છે. અહીંથી હવાલા મારફતે એક જ સપ્તાહમાં ૨૦ કરોડ સુધીના બેનામી વ્યવહારો કરવામાં આવતા હતા તેવું સૂત્રો જણાવી રહ્યા છે ત્યારે આંગડિયા પેઢીના ઓઠા તળે મગરમચ્છો હવાલા રેકેટ ચલાવતા હોવાનું ફરીવાર ખુલવા પામ્યું છે. અમુક ચોક્કસ તત્વો સવલતરૂપી આંગડિયા પેઢીના વ્યવસાયને બદનામ કરતા હોય તેવું ચોક્કસ દેખાઈ રહ્યું છે.

**મોબાઈલમાં શેરબજાર માર્કેટની અલગ અલગ એપ મારફત શેર અને સોના ચાંદીના ભાવની વધઘટના આધારે ગ્રાહકોને ટીપ આપતા'તાં આંગળીયા પેઢી મારફત હવાલા લઈ ગેરકાયદેસર ડબ્બા ટ્રેડિંગ ચાલતું'તું**